શાસનૈકલક્ષી વિવિધ વિષયક ગ્રન્થમાળા પુષ્પ પાંચમું.
સર્વકલ્યાણ પ્રકાશન-૫

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स ।

# મહા શ્રાવિકા મયણાસુંદરી
## યાને
# આર્યરાજવી શ્રી શ્રીપાળ

-: લેખક :-
સિદ્ધાંતમહોદધિ કર્મસાહિત્ય પ્રકાણ્ડવેત્તા મહાન્
ગચ્છાધિપતિ આરાધ્યપાદ સ્વ. આ. ભ. શ્રીમદ્
**વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજાના
મહાન્ અન્તેવાસી
શાસનતેજ શાસ્ત્રસિધ્ધાંત સંરક્ષક-સમ્યગ્દર્શન પ્રદાનૈકનિષ્ઠ
સમર્થ ગચ્છાધિપતિ આરાધ્યપાદ આ. ભ. શ્રીમદ્
**વિજયરામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના
પાદપદ્મભ્રમર અન્તેવાસી
**પૂ. મુ. શ્રી ભુવનચંદ્રવિજયજી મ.**

: સમ્યગ્જ્ઞાન પ્રચારક :
**શ્રી પરમાનંદભાઇ મોહનભાઈ પાદ્રા.**

* પ્રકાશક *
**"સર્વકલ્યાણકર સંઘ"**
ઘડીઆળી પોળ, કોલાખાડી, **વડોદરા.** (ગુજરાત)

શાસનૈકલક્ષી વિવિધ વિષયક ગ્રન્થમાળા પુષ્પ પાંચમું.
સર્વકલ્યાણ પ્રકાશન–૫

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स ।

# મહા શ્રાવિકા મયણાસુંદરી
## યાને
# આર્યરાજવી શ્રી શ્રીપાળ

—: લેખક :--
સિદ્ધાંતમહોદધિ કર્મસાહિત્ય પ્રકાણ્ડવેત્તા મહાન્
ગચ્છાધિપતિ આરાધ્યપાદ સ્વ. આ. ભ. શ્રીમદ્
**વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજાના
મહાન્ અન્તેવાસી
શાસનતેજ શાસ્ત્રસિધ્ધાંત સંરક્ષક-સમ્યગ્દર્શન પ્રધાનૈકનિષ્ઠ
સમર્થ ગચ્છાધિપતિ આરાધ્યપાદ આ. ભ. શ્રીમદ્
**વિજયરામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના
પાદપદ્મભ્રમર અન્તેવાસી
**પૂ. મુ. શ્રી ભુવનચંદ્રવિજયજી મ.**

: સમ્યગ્જ્ઞાન પ્રચારક :
**શ્રી પરમાનંદભાઇ મોહનભાઈ પાદ્રા.**

* પ્રકાશક *
**"સર્વકલ્યાણકર સંઘ"**
ઘડીઆળી પોળ, કોઠાખાડી, વડોદરા. (ગુજરાત)

# અનુમોદના અને પ્રકાશકીય

ધર્મ સાહિત્ય આત્મ-પ્રકાશ માટે છે. **'શાસનોત્કર્ષી વિવિધ વિષયક ગ્રંથમાળા'**ના ચાર પુષ્પો પ્રગટ થઇ ચૂકયાં છે. (૧) **'જૈનધર્મનું વિજ્ઞાન'** જેની પ્રથમ આવૃત્તિની ૪૦૦૦ નકલો પૂર્ણ થતાં, બીજી આવૃત્તિ પ્રેસમાં તૈયાર થઇ રહેલ છે. (૨) પુષ્પ બીજું-**'ધીમું મીઠું ઝેર,'** આર્યસંસ્કૃતિ-અને મુગટમણિસમ જૈન સંસ્કૃતિના હ્રાસ માટેની રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય ૨૫૦૦ મી ઉજવણી અને અન્ય સુરંગો સામેની ચેતવણી (૩) **'વાત્સલ્યમૂર્તિ' યાને જીવનજ્યોત.'** ભગવંત મહાવીરદેવનું પ્રાયઃ સાંગોપાંગ શાસ્ત્રીય આધુનિક શૈલીનું આલેખન અને અન્યાન્ય પરિશિષ્ટો, (૪) **'સાધ્ય-સિધ્ધિ'**—લેખક મુનિશ્રીએ મુનિજીવનમાં આલેખેલ-ધર્મ-સંઘ-સમાજને સ્પર્શતા વિવિધ તલસ્પર્શી વિષયો.


પાંચમું પુષ્પ આ પ્રગટ થાય છે **'મહા શ્રાવિકા મયણાસુંદરી યાને આર્યરાજવી શ્રી શ્રીપાળ.'** જેમાં પદાર્થો છે સૈદ્ધાંતિક અને કથા આબાલ-વૃદ્ધ પ્રસિધ્ધ.

ધર્મબંધુ શ્રી પરમાનંદભાઇ મોહનલાલ પાદ્રા (વડોદરા) નિવાસીએ, પોતાના ઉપકારી મહાવડીલ-સ્વ. ધર્મશ્રધ્ધાળુ-ધર્મધર્મપ્રાણ-શ્રેષ્ઠિવર્ય-તારાચંદભાઈની મીઠી ધર્મસ્મૃતિ નિમિત્તે આ 'ધર્મગ્રંથ' પ્રગટ કરવા દ્વારા, સમ્યગ્જ્ઞાન પ્રચારને વેગ આપ્યો છે, અને આ ગ્રંથમાળાના આજીવન સભ્ય બન્યા છે, તેમના ભાવભર્યા સત્કાર્યની ભૂરિ ભૂરિ અનુમોદના.

સકળાગમરહસ્યવેદી – પરમર્ષિ – જ્યોતિષ્માર્તણ્ડ

સ્વ. પરમગુરુભગવંત આરાધ્યપાદ શ્રીમદ્

## વિજયદાનસૂરીશ્વરજી મહારાજા




કોટિશઃ વન્દનાવલિ

પરમાનંદ મોહનલાલ શાહ–પાદરા

મહાન્ ગચ્છાધિપતિ, કર્મ સાહિત્ય પ્રકાણ્ડવેત્તા, સિદ્ધાંત
મહોદધિ સ્વ. આરાધ્યપાદ આ. ભ. શ્રીમદ્

## —: વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા :—



નિખાલસ હૈયે કયું ઉંડુ શાસન ચિંતન ચાલતું હશે?
ત્રણસો શિષ્ય પ્રશિષ્યના ચારિત્રના ચિંતક પરમર્ષિને
કોટિશઃ વન્દનાવલિ
રમેશચંદ્ર પરમાનન્દ શાહ – પાદ્રા

## જીવનપ્રસંગપટ યાને શાસન સંરક્ષક સૂરિપુરંદર

— અતિઉપકારી ગ્રંથ–૫૦૦ પેજનો —

—તૈયાર થયો–તે પ્રગટ થાય–સૌ સુવાસ પામે તે પહેલા— ઉપરોક્ત પાંચ લઘુગ્રંથો તેમજ ૬. જૈનધર્મની પહેલું પુસ્તક હિંદીમાં. ૭. ગુજરાતીમાં. ૮ ભક્તિસૌરભ. પ્રકાશિત થાય છે.

૯. સૂત્ર ચમત્કાર. ૧૦. વિજ્ઞાનની બીજી આવૃત્તિ. ૧૧. વાત્સલ્યમૂર્તિ દેવાધિદેવ ભગવંત મહાવીર પ્રભુ. ગુજરાતીમાં ૧૨. હિંદીમાં પ્રેસમાં આકાર પામી રહેલ છે.

૧૩. કલ્યાણ કામના. ૧૪. કથાકલ્લોલિની. એક પ્રેસના પ્રમાદે આઠ માસ થયા પ્રકાશિત થયા નથી, જે હવે થશે.

૧૫. મણ્હજિણાણંઆણં ૧૬. પ્રકૃતિ પરિચય યાને કથા સૌરભ. ૧૭. ધર્મતેજ આદિ કથા સાહિત્ય, શ્રુતભક્તિના એક નિર્મળ આશયથી તૈયાર થએલ છે.

શાસન-આગમ સંરક્ષણ પ્રેમી પૂ. રત્નભૂષણ વિ. મહારાજશ્રીની શુભપળની સુપ્રેરણા ગ્રંથમાળામાં પ્રધાન નિમિત્ત છે.

સુંદર વ્યવસ્થિત છાપકામ અને બાઈન્ડીંગ માટે ધર્મબંધુ શ્રી કીરચંદભાઈ જે. શેઠ (સુવિખ્યાત **કલ્યાણ** માસિકના માનદ્ તંત્રી) ને યાદ કરવા જ રહ્યા. ૨૦૩૧ માગ. વ. ૧૦ શ્રી પાર્શ્વપ્રભુ જન્મ કલ્યાણક.

પ્રકાશકો :

ગજપાલ એસ. કાપડીયા — ઠે. ઘડિયાળી પોળ, કોલાખાડી — વડોદરા (મુખ્યકાર્યાલય).

અરવિંદ એમ. પારેખ — ઠે. ૯૧ કૃષ્ણ ગલી, સ્વદેશીમાર્કેટ — મુંબઈ ૨ (શાખા કાર્યાલય)

**સર્વ કલ્યાણકર સંઘના કાર્યવાહકો**

# પ્રેરણા

પરમપાવની આસો માસની શાશ્વતી ઓળીજી ૨૦૨૯. 'સિરિ સિરિવાલ કહા'નું મધુરું પ્રવચન. પ્રવચનકાર–સુવિહિત નામધેય–અજોડ વ્યાખ્યાતા. 'સંસાર ભૂંડો, મોક્ષ જ રૂડો'ના વેધક પ્રકાશક-પરમોપકારી તારક ગુરૂભગવંત–ભીમકાન્ત ગુણોપેત સમર્થ ગચ્છાધિપતિ–આરાધ્યપાદ શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા સ્થળ–શાન્તાક્રુઝ, વિશાળકાય ભવ્ય ઉપાશ્રય. સાથે જ શ્રી કુંથુનાથ સ્વામીપ્રાસાદ.

'આ એક અદ્ભુત પ્રેરક ગ્રંથ છે.' વ્યાખ્યાનમાં વાણી પ્રસરી. વિચાર જન્મ્યો માનસપટમાં. શ્રુત–ભક્તિસહ સંઘભક્તિ આછી પાતળી પણ કરવાનો. પૂર્ણિમાનો પવિત્ર દિવસ. વ્યાખ્યાન પૂર્ણ થયું. સેવકે ગ્રંથ માંગ્યો. ભાવના વ્યકત કરી. સ્વહસ્તે ગ્રંથરત્ન પ્રાપ્ત થતા આનંદ અને ભાવઆલેખન.

પ્રસંગોનો પમરાટ અતિ મીઠો. ભવ્ય પદાર્થ ખજાનો દીઠો. આત્મા ક્ષયોપશમે ન રીઢો બાળભાવનું પણ સિધ્ધાન્તનિષ્ઠ આલેખન. પાત્રો મહાન. પર્યુપસના ભવ્યાતિભવ્ય– **પર્યુંપાસના શાસન–પ્રાણ નવપદજીની.** મંત્ર–તંત્ર–યંત્ર–વિદ્યા–ચમત્કાર સઘળું એમાં. **મંત્ર કર્મ ઝેર ઉતારે, તંત્ર શ્રધ્ધા પુલકિત બનાવે. યંત્ર ભાવનામાં સુદૃઢ બનાવે. વિદ્યા કૈવળજ્ઞાન જ્યોત પ્રગટાવે,** ચમત્કાર સિધ્ધિ ગતિ પ્રાપ્તિનો.


આ સઘળું સિદ્ધ થાય. આત્મા અમર બને. સદ્ગતિ–સ્વાભાવિક બની જાય. સકળ ભવ્યાત્માઓને. સાથે જ સેવકને. આ ભાવનાથી આ લઘુગ્રંથનું આલેખન.

શ્રી શ્રમણસંઘ સેવક
**મુનિ ભુવનચંદ્રવિજય.**

શાસનતેજ–શાસ્ત્રસિદ્ધાંત સંરક્ષક સમ્યગ્દર્શન–પ્રદાનૈકનિષ્ઠ

ગચ્છાધિપતિ—આરાધ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્

## વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજા



શાસનહિતના કોઇ ઉંડા આલેખનમાં એકમના દેખાય છે.

તેઓશ્રીના તલસ્પર્શી પ્રવચન ધર્મી આત્માઓના પ્રાણ છે.

કોટિશઃ વન્દનાવલિ

પરમાનંદ મોહનલાલ શાહ–પાદ્રા

ત્યાગ - સંયમ - તપની ત્રિમૂર્તિ,

શાસ્ત્રોક્ત સંયમજીવી સ્વ. પૂ.

## મુનિવર શ્રી મહાભદ્રવિજયજી મહારાજશ્રી



જેઓની આ પ્રતિકૃતિ સમાધિમય
દશામાં કોઈ ભાવુક આત્માએ
અંતિમ દિવસોમાં ખેંચી લીધેલી.

# સમર્પણ....

'મહાશ્રાવિકા મયણાસુંદરી યાને આર્ય રાજવી શ્રી શ્રીપાળ'

—એક સર્વશ્રેષ્ઠ પ્રેરક ધર્મકથા—

— શ્રી જૈનશાસનના પ્રાણસમ ઉચ્ચતમ આલંબન —

— શ્રી નવપદજીનું તાત્વિક આરાધન —

— સમય શ્રી વીસમા જિનપતિ મુનિવ્રતસ્વામીનો —

— તે પવિત્ર પાત્રોની પરમેષ્ઠી–આરાધના–અનુમોદના —

— પ્રતીક રૂપે ગુંથેલ આ લઘુ ધર્મગ્રંથ —

આ કાળના અજોડ-અડગ શાસ્ત્રસિદ્ધાંત શુધ્ધ સામાચારી સંરક્ષક-

–સમ્યગ્દર્શન પ્રદાનપ્રકાણ્ડ કુશલ–પરમોપકારી–મારા તારક–

— ગુરૂભગવંત આરાધ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ —

— **વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** —

ના અંતેવાસી શુધ્ધ સંયમજીવી, વડીલ ગુરૂભ્રાતા સ્વ. પૂ.

— મુનિરાજ શ્રી **મહાભદ્રવિજયજી**ની ધર્મ સ્મૃતિને —

— અર્પણ કરતાં અનેરો આહ્લાદ અનુભવું છું —

આપનો લઘુભ્રાતા

શ્રી શ્રમણસંઘ સેવક

**ભુવનચંદ્રવિજય.**

# ત્યાગ-સંયમ-તપની ત્રિમૂર્તિ

અનાદિકાલીન વિશ્વમાં, અનાદિકાલીન મહાશાસન સુદૃઢપણે ચાલ્યું આવે છે. મહાશાસન સમગ્ર જગતના પ્રાણિગણના કલ્યાણ માટે છે. કલ્યાણ જન્મમરણાંતક મુક્તિની પ્રાપ્તિમાં છે.

ભવ્યાત્માઓ એના અધિકારી છે. તે અધિકાર પ્રાપ્તિનો રાજમાર્ગ એક જ, સુચારૂ શ્રદ્ધાયુક્ત પંચમહાવ્રતનું નિરતિચાર પાલન. મરજીવાઓનું એ છે કામ. શૂરાઓ જ સંયમનું લાલન-પાલન કરે.

કાળ વિષમ છે એમ એ ઉચ્ચારતા નથી. શાસ્ત્રપ્રમાણિત-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવાનુસાર ઉત્તમ ચારિત્ર પાલન એક જ ધ્યેય. શરીરનું શોષણ-આત્માનું પોષણ-પાપનો પ્રલય કર્મનો વિનાશ. એજ એમનો આદર્શ.

પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, અષ્ટપ્રવચન માતા-માતાના રાજીપામાં રાજી. પારકી પંચાતના ના બને કાજી. સન્મતિ એમની સદા રહે ગાજી. દીલના કદી ન બને પાજી. જ્ઞાનદાન વૈયાવચ્ચમાં બુદ્ધિ સદા સાજી.

આવી સાજી બુધ્ધિના ધણી એક આરાધક મહામુનિવર. આ કાળના, છેલ્લી બે પચ્ચીસીના, આલ્હાદક-આરાધક, આરાધના તન-મન-આત્માની એકાગ્રતાથી. આદર્શ આરાધક જીવન.

તન જયણાએ ધીર-મન ઉપયોગમાં તત્પર, આત્મા અરિહંતના ધ્યાનમાં લયલીન. જેમ જળમાં પ્યાસી મીન.

કોઈને ના ગણે હીન. **ત્યાગ-સંયમ-તપની ત્રિમૂર્તિ.**

**પુત્રના લક્ષણ પારણામાંથી,** એ ઉકિત એમને માટે ચરિતાર્થ હતી. ગૃહીવ્યવહારમાં પણ ચુસ્ત પ્રમાણિકતા. સાદાઈ પરગજુપણું. વિ. વિ. ગુણો સ્વાભાવિક રીતે તરવરતા હતા.

આવા આત્માઓની ધર્મરૂચિ ખીલી જ ઉઠે ને ? અને તેમાંએ દૂધમાં સાકર ભળી. પરમોપકારી-તારક ગુરૂભગવંત, શાસન તેજ, સમર્થ વ્યાખ્યાતા, ભીમકાન્ત ગુણોપેત ગચ્છાધિપતિ આરાધ્યપાદ શ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની ગણધર ગુમ્ફિત વીતરાગ વાણીના** શ્રવણનું અમૃતપાન મળ્યું.

અમર આત્માની અમરતા જાગી ઉઠી. ધર્મશ્રધ્ધા ઝળકી ઉઠી. વિરાગ અને વૈરાગ્ય જાગૃત થયા. ભવતારણી, ભવભયનાશિની ભાગવતી દીક્ષા ગ્રહણ કરી. જેઓશ્રીની વાણી ફળી, તેઓશ્રીના જ શિષ્ય બન્યા. શિષ્ય એટલે સમર્પિત ભાવનું સહજ પ્રતીક.

જ્ઞાન-ધ્યાન અને નિદિધ્યાસન. સાથે જ વૈયાવચ્ચ ગુણ અપ્રતિપાતિ. ૪૪ વર્ષની ઉંમરે સંયમી બન્યા. જન્મ સં. ૧૯૫૪. તે શુભ દિવસ હતો સં. ૧૯૯૮ માગસર સુદ ૯ નો. ધર્મપત્ની હયાત હોઇ, ધર્મપુરૂષની અનુમોદના કરે ને આત્માને ઉજાળે. ભગિની ભાગ્યવાન સાધ્વી શ્રી જયલતાશ્રીજી તરીકે ભગવદ્ શાસનને આરાધે છે.

મારા ભવોદધિતારક આરાધ્યપાદ ગુરૂભગવંત-અવર-નવર આ પૂ. નિમુવરની પ્રશંસા-અનુમોદના કર્યા જ કરે.

દર્શન-વંદનની અભિલાષા જન્મે જ ને? **ગુરૂકૃપાએ ધર્મ અભિલાષા ફળે.** પરમોપકારીશ્રીની પવિત્ર નિશ્રામાં-રાણકપુરમાં સં. ૨૦૨૭ ઓળીજીની આરાધના નવપદ આરાધક સમાજ તરફથી. કૃપા આજ્ઞા થઈ પૂ. પા. શ્રીની સેવકને. બાળમુનિશ્રી ભાનુચંદ્રવિજયજીની વૈયાવચ્ચ માટે. ત્યાં દર્શન થયા. પરિચય થયો. નજરે નિહાળ્યું જીવતું જાગતું આદર્શ સંયમજીવન. જીવન સફળ બની ગયું.

સૌથી મોટી ખૂબી. અત્યંત જરૂરી સાધુક્રિયા શિવાય પ્રાયઃ આસનેથી ઉઠવાનું જ નહિ. એક આસન પર, સ્થિર કાયા રાખી, ધ્યાન-જાપ-અને સ્વાધ્યાય. અજબ હતું અને છે આ પાલન. વિષમ-કાળમાં પણ સમિતિ ગુપ્તિ પાલનનું પ્રત્યક્ષ દર્શન. પ્રાયઃ ઓઠીંગણ પણ નહિ. જાણે દૃઢ ધ્યાની અને દેહોત્સર્ગી. એકાદશ દિવસ ઉભયટંક-વંદનનો અપૂર્વ લાભ મળ્યો. આત્મામાં સ્પંદન થયું.

આ એક ધીરપુરૂષના બાહ્ય-અભ્યંતર ગુણો આલેખવા આ લઘુ કલમનું ગજું કેટલું?

૧. સાવધાન હતા સદા પાંચે મહાવ્રતોના પાલનમાં.
૨, અપ્રમત્ત બની રહેતા અષ્ટપ્રવચનમાતા પાલનમાં.
૩. સદા સાબદા હતા પાંચાચારના તારક પાલનમાં,
૪. ક્રોધની રેખા જન્મી નથી જેના મુખારવિંદ પર.
૫. સંયમયોગમાં સ્થિરતા પરખાતી હૃદય કમળ પર.
૬. 'સ્થિરીકરણ પરનું' અને સંયમ સહાય એ હતી સાધુતા.
૭. 'સ્વાધ્યાય' કરવો કરાવવો, ઝળકતા લક્ષણની સાધુતા.

૮. 'જીવનમંત્ર' હતો ગુરૂઆજ્ઞાનું પાલન-સમર્પિત સાધુતા.

૯. પ્રતિક્રમણ-પ્રતિલેખના, યથાકાળે, ઉપયોગવંતી સાધુતા.

૧૦. 'નિંદા વિકથા' ન-સંભવે—ન સંભવે, દોલા-*દીલની સાધુતા.*

૧૧. નમ્રતા-સરળતા-હૈયાની સચ્ચાઈ, હતા એ ધર્મના પાયા.

૧૨. વૈયાવચ્ચ ગુણ વિકસ્યો હતો વિશાળ. એમ બન્યા ધર્મના પાયા.

૧૩. સૂક્ષ્મ બોધ હતો દ્રવ્યાનુયોગનો, લક્ષણ હતું એ અલ્પભવીનું.

૧૪. રાત્રિના ચાર કલાક જાપ-કાયોત્સર્ગ-ખમાસમણા. લક્ષણ ભવભંગનું.

૧૫. 'આધાકર્મી' આદિ ત્યાગ શુદ્ધિ. ગોચરી નિર્દોષ. લક્ષણ ભવભીતિનું.

૧૬. સ્થિતપ્રજ્ઞ સ્થવિર સાચા, રાચ્યા નહિ માયા મહી.

૧૭. લોભ હતો ઝાઝો ઘણો, નવ્યજ્ઞાન પ્રાપ્તિમહી.

૧૮. બોલે ઓછું, આચરે ઝાઝું, પ્રિય હતા સકળ સમુદાયમાં.

૧૯. લીધું સંયમ સિંહવૃત્તિથી, પાળ્યું તેમજ. પ્રેરક સમુદાયમાં.

૨૦. તપ હતો ત્યાગ સાથે નિર્મળો, કર્યા છઠ્ઠ છમાસ શુભરંગે.

૨૧. વર્ષ ૨૮ વર્ષીતપના જાણીએ, પારણે એકાસણું રંગે માનીએ.

૨૨. લીધી દીક્ષા જ્યારથી આત્મરંગે, એકાસણું ત્યારથી સદા મનરંગે,

૨૩. વર્ધમાન તપ ઓળીએ પણ, આંતરે ઉપવાસ સુખ જાણીએ.

૨૪. અઠ્ઠમ ઘણેરા વર્ષ માંહે, અઠ્ઠાઈ પણ વારવાર આદરી.

૨૫. પળ છેલ્લી શ્વાસોશ્વાસની, ઉપવાસ તપ સમાધિ કરી.

૨૬. અહો ધન્ય મુનિવર સંયમધણી, વંદના ચરણ-કમળમાં માહરી.

૨૭. પન્યાસ ભદ્રંકર, પાદકમળે, સ્વર્ગે સંચર્યા ગુરૂ ધ્યાન ધરી.

આવા હતા એ જૈન શાસનના શુરવીર. શ્રદ્ધાશસ્ત્ર-સજ્જપાલક યોધ્ધા. પાર્થિવદેહ છોડયો પૂર્ણ સમાધિમાં, સં. ૨૦૨૮ કા.વ. ૧૨. લુણાવા મુકામે. લગાડી લુણો જોરદાર કર્મસત્તાને. સાધી નિર્જરા મહતી આત્મ નિર્મળ ભાવથી.

નામ ? નામ નિર્મળતાને સૂચવતું. સર્વ સાધુસાધ્વીગણ અને ઉપાસકગણ જે માટે તલસે છે તે 'મહાભદ્ર'નું સૂચક. તે મહા કલ્યાણક મેળવવા માટે સુંદર સુપાત્ર છે, એમ આગાહી કરતું, ગુરૂએ આપેલું, નામ હતું. પૂ. મુનિરાજ શ્રી **'મહાભદ્રવિજયજી'** મહારાજ.

વિજય મેળવ્યો તેઓશ્રીએ ચારે સંજ્ઞા પર,
વિજય મેળવ્યો તેઓશ્રીએ રખડપટ્ટા પર,
નિકટ મુકિત ગામી, અલ્પભવી, બન્યા આમ.

**પૂ. વિજયરામચન્દ્રસૂરીશ્વર કૃપાફળ** છે તમામ.

આવા આત્મસંયમી, આદર્શ સાધુ, આ કાળના અદ્ભુત દૃષ્ટાંતભુત, મારા વડીલ ધર્મભ્રાતાની અતિ અલ્પ સંયમ-જીવની આલેખતા, આત્મા આલ્હાદ અનુભવે છે. અને તે **શુધ્ધ સંયમખપી પૂ. મુનિરાજ શ્રી મહાભદ્રવિજયજી**મહારાજશ્રીના ચરણકમળમાં અર્પે છે હૈયાભાવની

—વંદનાવલી—

—ભુવનચન્દ્રવિજય—

વિ. ૨૦૩૦ અષાડ સુ. ૧૫ નો ભાવભીનો આત્મા.

# મહાશ્રાવિકા મયણાસુન્દરી

જૈનેંદ્રશાસન અનાદિકાલીન. વર્તમાન અવસર્પિણી-કાળના ચોવીસ શ્રી તીર્થંકર પરમાત્માઓ. વીસમા તીર્થ-પતિ શ્રી મુનિસુવ્રતસ્વામી. તે કાળની અનુપમ ઘટના. ઘટનાના પાત્રો અદ્‌ભૂત. ઘટના ઘેરી પણ મનહરનારી. તદ્દન સ્વાભાવિક છતાં ચમત્કારો સર્જનારી. પવિત્રતાનો મહાકુંડ. સંસારસાગરમાં જાણે મીઠી વેરડી. શૃંગીમત્સ્યો માટેનું અમૃતપાન. શ્રધ્ધાપૂત આત્માઓ શૃંગીમત્સ્યો જેવા. દુઃખમાં સુખ અનુભવે. સુખમાં જાણે કળીકાળના કલ્પવૃક્ષો.

ઘટનાનો ઘટસ્ફોટ કરનાર મુનિપતિ ગણાધિશ ગણધર ભગવંત. વીરપરમાત્માના વડાવજીર. અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમ સ્વામી એટલે દેશનાનો ક્ષીરસાગર. સાંભળે તે જાણે ક્ષીર–ખીર પાન કરે. મીઠાશ જન્મે આત્મામાં. લાલી જન્મે તનબદનમાં. પ્રશમ પેદા થાય. પાપ પ્રલય પામે. પુણ્યપુંજ ખડા અને શાસનમાં બને વડા. વડાને વંદે– સેવે. ભક્તિ કરે, તે સૌના મન હરે.

મનહર નગરી રાજગૃહી મગધદેશમાં. ત્યાં સૌ દેખાય સારા વેષમાં. કાળાશ માત્ર કેશકલાપમાં હૈયામાં મીઠાશ અને શ્વેત માધુરી. મંદિર મોટા અને ઉત્તુંગ. મણિના–સોનાના–સંગેમરમરના. મલપતી ચાલે ચાલતી મહિલાઓ. મોગરાના ફુલ વેરતી મીઠા સ્મિતમાં. સ્મિતમાં સતીપણાનો

શણગાર. પાણીમાં યૌવનનો રણકાર. લજ્જા ભૂષણ. ફરતી આંખ દૂષણ. સતીત્વનું થાએ નહિ ચૂષણ.

બાળકો મીઠા બોલા. ગાલ ગુલાબી ગુલાબ જેવા. અધરોષ્ઠ જાણે પરવાળા. દંતપંક્તિ દાડમની કળીઓ. મંદિરે જાય અને મલકાય. દર્શન કરે સોહામણા દેખાય. કાયા અડધી નમે, તે કદી ભવમાં ન ભમે. જિનના ખોળે રમે તે સૌને ગમે. હાથમાં બટવો ઝુલે જરીયાણનો. માંહી ચોખા ભર્યા અક્ષત અમૂલ્ય. ફળ-નૈવેદ્ય અરે રૂપા નાણું. બદામ-સાકર ને તાંબીયા તો હોય જ હોય:

મર્દો મર્દાનગી ભર્યા. ચહેરા ભરાવદાર અને મૂંછાળા. મોં પર માનવતાનું ગૌરવ. સૌને વહાલો ધર્મ. મથે સૌ જાણવા તેનો મર્મ. નેક નીતિમાં પૂરા. દાને માને નહિ અધુરા. પરદુઃખે દુખીયા. દુઃખ ટાળે અને મઝા માણે. નીંદા ન ધરે કોઇની કાને. સઘળું થાએ સાને. સૌ એમનું માને.

રાજા શ્રેણિક જેનું નામ. રાજા તે રાજા. મૂકે નહિ માઝા. પ્રજા સૌ સુખી. કોઇ ના મળે દુઃખી. કારણ કે દુઃખીયાનો હતો એ બેલી. તેલી-તંબોલી-કાપડીઓ-ઝવેરી કોઇને ના મળે વેરી. હળીમળીને સૌ રહે. એકમેકના કામ વહે. સુખના સાગર ગહ ગહે. કરવેરાનો ભાર ન મળે. વેપારધંધા બહોળા. દેશપરદેશના લોક આવે. વિવિધ માલ-મસાલા-વાનગી લાવે. પણ લૂંટ ન લગાવે. નફો ખાય શ્રીમંત થાય પણ પ્રમાણિકતા ન ભૂલાય. વિશ્વાસને ઝુલે સૌ ઝુલાય.

શ્રેણિક શૂરવીર. ભગવંત વીરપ્રભુનો પરમભક્ત. શ્રદ્ધા લોહીના વણાટમાં. ધર્મ-પ્રેમ આત્મ પ્રદેશ-પ્રદેશે. સમ-

જાણ ઝણઝણતી મનના તારે તારે. વીણા એની વીર-જાપની. પૂજા ત્રિકાલ. સુરમ્ય મણિમયગૃહ ચૈત્ય. પૂજા પ્રૌઢ અને પરમ ઐશ્વર્યભરી. આરતી સંધ્યાએ. અને ઝલ્લરી નાદ સૌ સૂણે. મહાલયના ખુણે ખુણે સાદ ગુંજતો શ્રધ્ધાનો. વીર ભગવંતના પાવક તારક વચનોનો. 'સંસાર ભૂંડો. મોક્ષ જ રૂડો' ઉઠતો નાદ એમાંથી અલબેલો.

શ્રેણિક એટલે ચઢતી શ્રેણિનો આત્મા. પરમાત્મ સ્વરૂપને પીછાનનાર. આત્મા સંવેગરંગે રંગાએલ. ક્ષાયિક સમકિતનો માલીક. તીર્થંકર નામ ઉપાર્જ્યું છે વિધિ પૂર્વક. અમારી આવતી ચોવીસી ઉત્સર્પિણી કાળની. તેમાં થશે એ મહાભાગ ભક્તાત્મા પ્રથમતીર્થંકર શ્રી પદ્મપ્રભ સ્વામી. જાણે સાક્ષાત્ વીર સ્વામી. પ્રભુશ્રીનો ભક્ત સાક્ષાત્ પ્રભુશ્રી.

રાણી નંદાનો પુત્ર અભયકુમાર. ચાર બુધ્ધિનો સ્વામી. પાંચસો મંત્રીમાં અગ્રેસર. પ્રેમાળ પિતાનો આજ્ઞાંકિત ભક્ત પુત્ર. પિતાના ઉત્સાહને, રાજાના રાજ્યને વધારનાર. કીર્તિ-યશ અને લાલિમાં પિતાની અને પોતાની જગત્માં ફેલાવનાર. રાજા સુખી. પ્રજા સુખી. મંત્રી કુશળ. પ્રજા નીતિમાન્. વેપાર વાણિજ્ય ચઢતા વેગે દાન-શીલ-તપ ભાવનાના પૂરે. ધર્મ સામ્રાજ્ય છાયું જ્યાં, ખામી મળે ન જરીએ ત્યાં.

વિચરંતા વીર સ્વામી પધાર્યા નજદીકના નગરે. દેવ ગણ કરે સેવા સદા ઉલ્લાસે. પામી આજ્ઞા સ્વામીની, સ્વામીગૌતમ પધાર્યા રાજગૃહી. લોકલાભાર્થે જ આગમન મોટાના હોય ને ? લોક ઉલટભર ઉલટે. દેશના સ્વામીની સુણવા. પ્રજાપ્રિય પ્રભુભક્ત રાજવી તો હાજર જ હોય.

ઉદ્યાનમાં માનવમહેરામણ. આ બધા છે સ્વામી ગૌતમ નામના કામણ અને આમે સુસાધુ એટલે પ્રજાનો પરમેશ્વર. કેમકે સુસાધુ એટલે પરમાત્માનો અગ્રદૂત.

સુસાધુ એટલે સંયમી તપસ્વી. ત્યાગી–જ્ઞાની–દાની. દાન એનું પરમાત્મ આજ્ઞાનું, ધ્યાન એનું પરમાત્માનું અને લોક કલ્યાણનું. કલ્યાણ માને મનાવે અજન્મા બનવા બનાવવામાં. મુક્તિ એનું ધ્યેય. સંસારત્યાગ એનો માર્ગ. સ્વપર ઉપકાર અને ભાવદયા એના શુધ્ધ સાધન. દ્રવ્યદયાનો ઉપદેશ આપે. પણ ભાવદયાના સાધન તરીકે. ભાવદયા જન્મ–મરણના અંતમાં. ઉપદેશ એટલે જ અમૃત. શુધ્ધ આચરણ એ પણ મૂક ઉપદેશ. પછી ક્યાંથી ટકે રાગ અને દ્વેષ!

રાજા આવે પણ સેવક બની. રાજચિન્હો બહાર મૂકી–ઉતારી. પ્રદક્ષિણ દે ત્રણ. નમસ્કાર કરે પંચાંગ, માથુ મૂકે સાધુચરણોમાં. કારણ ભાવ ભર્યો હૈયે સાધુતાની પ્રાપ્તિનો. સાધુ એટલે ધર્મઠાકુર. ધર્મઠાકુરનો બનું ચાકર તોજ માનવભવમાં સાકર. નહિ તો પાન જાણે ખાખર. શરીર ખખડવાનું, મૃત્યુ આવવાનું. અને ખાલી હાથે, માનવ ભવ હારી જવાનું.

દેશનામૃતનું ઝરણું વહેતું થયું. ગંભીર વાણી ગુરૂ ગૌતમની. સાગરનું જાણે મંથન. સંસારસાગરમાં માનવભવ અમૃત. વલોણું થાય માખણ નીકળે, માખણ તાવે ઘી બને. તત્ત્વો પીરસે પરમોપકારી તીર્થંકરદેવો. મંથન કરી તાવી બાર બાર અંગો રચે ગણધર ભગવંતો. એ ઘીરાનું પાન કરે ગુણીયલ પુણ્યવંતો–તે આત્માઓને કહીએ ભવ્યો. દેશના ભવ્યોને. ભવ્ય એટલે સુંદર. ભાવી સુંદર. સદ્ગતિ સાધે. અંતે આત્માને મુક્તિમાં સ્થાપે.

મહાન માનવભવ—દેશ—કુલ—જાતિ—શરીર—ઇન્દ્રિયો સઘળું સુંદર. પુણ્યનીએ નીશાની. ચઢશો લતે ન સંસાર—નશાની. ૧. મદ્ય—કેફ. ૨. વિષય—પાંચે ઇન્દ્રિયોના. ૩. કષાય—ક્રોધ—માન—માયા—લોભ ચાર ૪. વિકથા—રાજકથા ભક્ત (ખાનપાન) કથા સ્ત્રી કથા, દેશ કથા (છાપાની અને રેડીયો—ટી વી—ની દુનિયા) ચાર. ૫. નીદ્રા. એના વળી કહ્યા છે પાંચ પ્રકાર. આ પાંચેનો નશો એટલે નાશ—વિનાશ અને દુર્ગતિના કારમા દુઃખો. આ પાંચે છે પાપની ખાણો એને કદી ન વખાણો, એને વખોડો તો નહિ નીકળે ખોડો, નહિ તો જરૂર પડશે માથે જોડો. આધિ—વ્યાધિ ઉપાધિ—જોડાના મારથી અધિક દુઃખદાયક અને અપમાન—જનક છે ને?

ધર્મ એજ આધાર છે. ધર્મ એટલે પ્રામાણિકતા અને સત્યનીતિના પંથ. આ છે તદ્દન પ્રાથમિક પણ પાયાનો અને છેક નીચલી કક્ષાનો ધર્મ, એને કહીશું માર્ગાનુસારી કક્ષા બીજી મુક્તિનું ધ્યેય. આશ્રવ—પાપ માર્ગ હેય છોડવા જેવો. સંવર ત્યાગ—પાપથી પાછા હઠવું. ઉપાદેય આચરવા યોગ્ય. માન્યતા શીર સાટે. આચરણ સંયોગ શક્તિ અનુસાર. આચરણમાં કદાચ મીંડુ પણ હોય. પણ હૈયું મોક્ષમાં, મન ધર્મમાં. શરીર ભલે હોય સંસારમાં. ત્રીજો મધ્યમ માર્ગ જેમ બને તેમ વધારે ત્યાગ ભોગોપભોગનો. ઓચ્છો વ્યાપાર ઓચ્છો ધન મોહ. ધર્મક્રિયાનુષ્ઠાનમાં સમયનો ઝાઝો ઉપયોગ, ધર્મકથા—વાચન—ચર્ચા—શ્રવણમાં મન મોકળું અને દત્તચિતતા ધન—શીલ—તપ, ભગવંત ભાખ્યા વિધિ માર્ગે ભાવભર્યા હયે પાળે પળાવે.

ચોથો અને સૌથી પ્રધાનમાર્ગ સર્વત્યાગનો. સંસાર-સંસારનો મોહ-પૈસો-પરિવાર-કુટુંબ-હવેલી-બંગલો-ઘર-દુકાન સર્વનો ત્યાગ. શરીર પરના પણ મોહનો ત્યાગ, પંચ મહાવ્રતની સારાએ જીવનમાં સામાયિક વ્રતની તદ્દન નિષ્પાપ જીવન જીવવાની વિધિમાર્ગે પ્રતિજ્ઞા. આ છે આદર્શ-ધ્યેય મોટો. આ માટેજ પ્રથમના ત્રણ માર્ગો-સ્ટેજીજ. આ ધ્યેય સર્વ ત્યાગનો નહિ તો બધુ ફોગ ના મટે સંસારનો રોગ, સદા થાએ શોક. રોગ-શોક-જન્મ-મૃત્યુ-મોહ સર્વનાશક. સર્વ દુઃખહારક એક સર્વ વિરતિ-સર્વત્યાગ-ભાગવતી દીક્ષા.

આવો ઉત્તમ ભાવ. ભવનો નાશ કરે ભાવ. સંસારથી ઉભગાવે ભાવ, ભાવ વિના ભાવના નહિ. ભાવ વિનાના દાન-શીલ તપ શાં? લક્ષ્મી પરથી મૂર્છા ઉતરે, ધન કણ લાગે, લક્ષ્મી હાથનો મેલ લાગે, ધન દોલતથી છૂટવાની કોશિષ એજ દાન. ભોગોપભોગ રોગ જેવા લાગે. નશ્વર-ક્ષણ સ્થાયી તુચ્છ દુર્ગંધભર્યા લાગે. શીલ સાચુ પલાય. ખાવા પીવાનો શોખ નહિ. રસમાં ગૃધ્ધિ નહિ. ઝાઝી ઝણ-ઝટ નહિ. સારા નરસામાં રાગદ્રેષ નહિ. ઈચ્છાનો નિરોધ. જીભ પર કાબુ. તપનું તેજ ઝળકે-આત્માને સમાધિ મળે.

આવો ભાવ લાવવા માટે 'આલંબન' અતિ જરૂરી. 'આલંબન' ઉત્તમ, નિર્દોષ, નિષ્પાપ હોવું જોઈએ. તરેલો આત્માજ તારી શકે. પોતે સંસાર સાગરથી પાર પામેલ હોય. સંસાર સાગરથી પાર ઉતરવા શુધ્ધકોટિના સતત પ્રયત્નમાં હોય. આવાજ આત્માઓ આલંબન યોગ્ય ગણાય.

મન અસ્થિર છે. તેને સ્થિર બનાવવા સાત્ત્વિક આલંબન શોધવું જ જોઈએ. શ્રી ગૌતમસ્વામીજીની દેશના સુંદર આદેશ આપે છે. સઘળાએ શ્રી તીર્થંકરદેવો ફરમાવે છે. **વિશ્વમાં સર્વશ્રેષ્ઠ આલંબન છે. 'શ્રી નવપદજી.'** શ્રી નવપદજીનું ધ્યાન દુર્ધ્યાનને દૂર હટાવે છે. સદ્‌વિચારની શ્રેણિએ ચઢાવે છે. ધર્મના મર્મને ખુલ્લો કરે છે. સાદી–સીધી–તાત્ત્વિક સમજણ પેદા કરે છે.

પંચ પરમેષ્ઠિ ભગવંતોમાં 'સુદેવ સુગુરૂ' સમાય છે. બાકીના ચારમાં શુધ્ધ ધર્મની સ્થાપના છે. અલૌકિક–પારદર્શક છે. આ અનાદિ કાલીન કળામય ગુંથણી.

૧. દેવાધિદેવ અરિહંત—અઢાર દોષરહિત, બાર ગુણ સહિત. જ્ઞાનાતિશયાદિ ચાર અને આઠ પ્રાતિહાર્યોથી શોભતા. સર્વ ભવ્યજન હિતકારી સર્વોત્તમ તત્ત્વોને પ્રગટ કરનાર. દેવેન્દ્રો અને નરેન્દ્રોથી સ્તવાતા પૂજાતા.

૨. સિધ્ધ ભગવંત—સઘળાએ ભયંકર કર્મોનો નાશ કરનાર અનંત ચતુષ્કના માલીક સદાસ્થાયી, અવ્યાબાધ–અનંત આત્મસુખને અનુભવતા.

૩. આચાર્ય ભગવંત—શુધ્ધાતિશુધ્ધ સિધ્ધાંત દેશનામાં કુશળ. પરોપકારમાં લીન. શાસનના સંરક્ષક સુકાની. વિધિ અપવાદના જાણ. ગીતાર્થ સંવિજ્ઞ. ક્રિયારત.

૪. ઉપાધ્યાય ભગવંત—ગણના રક્ષક. સૂત્રાર્થમાં દત્તચિત્ત. સ્વાધ્યાયલીન. વાચનાદાતા. આગમ-શાસ્ત્રોમાં પ્રવિણ.

૫. સાધુ ભગવંત—પંચાચાર પાલનશૂરા પંચમહાવ્રતયુક્ત. ૫ સમિતિ, ૩ ગુપ્તિ પાલન કરનાર. કષાયરહિત. ધર્મીઆત્માઓના સહાયક બંધુ. શાસનના પ્રશાંત સુભટ.

૬. સમ્યગ્ દર્શન—સર્વજ્ઞ કથિત આગમતત્ત્વોમાં સંપૂર્ણ શ્રધ્ધા. નવે-તત્ત્વમાં પૂરેપૂરો વિશ્વાસ 'તે જ સાચું અને શંકારહિત જે જિને ભાખ્યું' આવી નિર્મળ ટેક.

૭. સમ્યગ્ જ્ઞાન—જીવ-અજીવ-પુણ્યપાપ-આશ્રવ-સંવર-બંધ-નિર્જરા-મોક્ષ-નવેતત્ત્વનું નિર્મળ સ્ફાર સ્ફટિક જેવું જ્ઞાન. **જ્ઞાન આવે વિનયથી.**

૮. સમ્યગ્ ચારિત્ર—અશુભ ક્રિયા ત્યાગ. શુધ્ધ ક્રિયામાં અપ્રમાદ અને ઉત્સાહ. સર્વ ત્યાગ. દેશ ત્યાગાદિ. સાધુ પણું-શ્રાવકપણું.

૯. સમ્યક્ તપ—ઘણા ચિકણાકર્મોનો વિદારક. કર્મ અંધકાર માટે તેજસ્વી સૂર્ય સમાન. છ બાહ્ય, છ અભ્યંતર એમ બાર ભેદવાળો. કષાયોના તાપથી રહિત.

આ છે નવ શ્રેષ્ઠ સારભૂત પદો-તત્ત્વો શ્રી જૈનેંદ્ર શાસનમાં. સર્વકલ્યાણને કરનારા. વિઘ્નોને વિદારનારા. સર્વ મંગળને સાધી આપનારા. વિશ્વમંગળનું સાર્વીય કેન્દ્ર. ભવ-ભીતિને ભાંગનાર. અનાદિના કર્મ મળને સાફ કરનાર. મુક્તિનિલયમાં સદાનો વાસ કરાવનાર.

આ પરમોત્કૃષ્ટ મંગળમય શ્રી નવપદમાં લીન, જેમ જળમાં મીન, શુધ્ધ તત્વજ્ઞાતા, સ્ફાર શ્રધ્ધાને ધરનાર, ઉત્કટ મનોબળમાં મહાલનાર, રૂપયૌવન ભરી, સુકોમળ શરીરધારી, ૬૪ કળા પ્રવીણ, વિનય મહાગુણને ધરનાર, વિવેક જાગૃત પ્રસન્નમના, 'મહા શ્રાવિકા મયણા સુંદરી.'

મહામના 'મયણા સુંદરી'નું માત્ર કથાનક નથી અવલોકવું. સોળવર્ષની યૌવનમાં પ્રવેશતી એક જૈન બાળા. રાજસાહ્યબીમાં ઉછળેલ લાડકી દીકરી. માતાના સ્નેહપાનમાં રમતી. છતાં સુસંસ્કાર આ ભવમાં પામીને કેવી આહ્‌લાદક ધર્મ શ્રધ્ધામાં રમી શકે છે? વિકટ પ્રસંગમાં કેટલું ઉચી કોટીનું ધૈર્ય છે? સત્યનો અપાર પ્રેમ. સિધ્ધાંતરક્ષા પાછળ સર્વસ્વનો ભોગ. અને તે પણ હેરત પમાડે તેવો. આ બધા પાછળ પૂર્વભવની આરાધક ભાવે કરેલી કોઇ અદ્‌ભૂત આરાધના પણ કામ કરતી જ હશે ને?

જંબુદ્વિપનો ભરત. સર્વસંપત્તિ સમૃધ્ધ માલવદેશ. અનેક સુખી ગામો. જળપુર નદીઓ. અનેક વનસ્પતિવૃક્ષો યુક્ત વનપ્રદેશો. સુંદર શોભા યુક્ત સરોવરો. પારવિનાના ગોકુલો. દુધ–દહી–ઘીની રેલમ–છેલ. આજે પણ ઉછામણીમાં ઘીનો ભાવ મણ એકનો રૂપીયા અઢી બોલાય છે ને! પણ તે તો સોળમી સદીનો સાચો ઘીનો ભાવ. અને અઢી રૂપીયાનું ૦। શેર, એકવીસમી સદીનો ભાવ પણ છે ને? ભલે કૃત્રિમ તંગી યા યોજીત મોંઘવારીનો પ્રતાપ હોય? પુણ્ય પ્રજાનું ઘટ્યું એ વાત તો નક્કી ને? કેમ ઘટ્યું. ધર્મ વિલય પામવા લાગ્યો. અધર્મ ફેલાવા લાગ્યો માટે જ ને?

નગરી ઉજ્જયિણી. નામ પુરાણું ધામ પુરાણું. દુકાલ કે ડમર – ચોર–ચારીકે–ચમારી કે મારિ ત્યાં ન ચાલે આ

બધાની કારી. વાંઝીયા પ્રાયઃ કોઇ નહિ. લોક સુખી ને સમૃધ્ધિવાળા. લખપતી ને કરોડપતિ. ધન-ધાન્ય-વસ્ત્રાદિ ભરપૂર. શરીર સુબધ્ધ-સુડોલ. અલંકારને શોભાવે તેવા.

ગૌરબદન યુક્ત રમ્ભા જેવી શીલથી શોભતી સન્નારીઓ. તેમાં કોકિલકંઠી ઘણી. પતિ-રતિ અને યતિ ત્રણેમાં ભક્તિવાળી. પુરૂષો પહાડ જેવા પણ મનના કોમળ. કરકસરીયા પણ આપવામાં ઉદાર. વેપારી મોટા, પણ ત્રણે કાળ દેવોપાસનામાં સાબદા. આનંદી અને ઉમંગી.

રાજા પ્રજાપાળ પ્રજાનો રક્ષક. કરવેરા કારમા નાખી કદી ન બનતો ભક્ષક. દુર્જનો માટે દુર્ગતિ યમ. સજ્જનોનો સહ બાંધવ માનવતાથી શોભતો. પ્રતાપે પૂરો. રાજ્ય લક્ષ્મીથી શોભતો.

બે વલ્લભા. સૌભાગ્ય સુન્દરી રૂપ સુન્દરી. એકનો દેહ વધુ મનોહર. બીજીનું રૂપ આકર્ષક. એક મિથ્યામાર્ગની ઉપાસીકા. તો રૂપ સુન્દરી આત્મસ્વરૂપને સમજેલી. સાચી તાત્વિક દૃષ્ટિ પામેલી. માટે જ સમ્યગ્ દૃષ્ટિ. વય સરખી. પરસ્પર પ્રીતિ વાળી. શોક્યપણું મળે નહિ. પણ ધર્મની માન્યતામાં- સમજમાં ઉત્તર દક્ષિણ ધ્રુવની દશા.

પંચેન્દ્રિયોના પાંચે વિષયો રાજાની સાથે ભોગવી રહી છે. કાલક્રમે બન્ને ગર્ભવતી બને છે. યથા સમયે દીકરીઓને જન્મ આપે છે. રાજા જન્મ મહોત્સવ કરે છે. સૌભાગ્ય સુન્દરીની સુર-સુન્દરી. રૂપસુંદરીની મયણાસુંદરી. બધુ મઝાનું, સંસ્કાર સામસામી દિશાના. આ કર્મ-સત્તાના પૂર્વભવ સંચિતના પરિણામ છે ને? સારા વિચારો આવવા-ગમવા-પચવા-વિકસવા, એમાં પણ પૂર્વ સુકૃત અને તેના અનુમોદના પ્રશંસા કામ કરી જાય છે ને?

ભણવા સોંપી કળાચાર્યોને. એક ને શૈવ ધર્મમાં

નિપુણ શિવભૂતિ કળાચાર્યને. બીજીને જૈન શાસ્ત્રોમાં સુકુશળ સુબુદ્ધિ આચાર્યને. રાજા હતો કૌલમતનો. નાસ્તિક પ્રાયઃ પણ દીલનો ઉદાર અને સજ્જન માનવ. બન્ને રાણીઓને પોતાની પસંદગીનો કળાચાર્ય ગોઠવવાની છૂટ તેથી જ મળે ને? આ પણ આર્યાવર્તના આર્ય સજ્જનોની ઉદાર નીતિ છે. કલેશ-ખેંચ-તાણ કે ઠોકી બેસાડવાપણું નહિ. ચર્ચા થાય પણ મરચા નહિ ઉડાડવાના. બધુ સૌમ્ય અને શાંત.

પતિ-પત્નીમાં પણ વિચારોની વિવેકભરી ઉદારતા. મન મેલું નહિ, મોં મચકોડવાનું નહિ. મુખડા સ્મિત ભર્યા. હાહા-હીહી કે ખાખા-ખીખી નહિ. પરસ્પરની વાતચિત પણ મર્યાદાભરી. એકમેકનો બોલ જાણે આનંદનો કોલ. બોલ ગંભીર અને વાણી મીઠી. એકને દુઃખે બીજાને દુઃખ. પરસ્પરની સુખાકારીના ચાહક. કુટુંબવ્યવસ્થા સુમેળવારી અને કરકસરભરી. મહેમાનગીરી કુલની શોભા. સંત-સાધુને દાન સદા સબહુમાન. આવો હતો ધવલ-મંગલનો મહેક.

પાઠક પર આધાર છે અભ્યાસ અને સંસ્કાર વિચારોનો. સુરસુંદરી પાઠક પાસે લેખન-વાંચનની કળા, ગણિત ઇતિહાસ, લક્ષણ છંદ, કાવ્ય અલંકાર, તર્ક-ભારત નાટયશાસ્ત્ર ગીત નૃત્ય, જ્યોતિષ રોગચિકિત્સા, વિદ્યા મંત્ર તંત્ર, ચિત્રકલાદિ ૬૪ કળામાં નિપુણ બની. ગીતગાનના વિણાદિ વાદ્યોમાં પણ પ્રવીણતા મેળવી. પણ માતાના અને પાઠકના સંસ્કારોમાં દૃષ્ટિ મિથ્યા-અતાત્ત્વિક હોઇ, આવી કુશળ કન્યા પણ અતીવ અભિમાની બની. અને તેમાં ખીલતું યૌવન અને રાજ સાહ્યબી. પછી પૂછવું જ શું?

મયણાસુંદરી કળાઓમાં તેવીજ શ્રેષ્ઠતા પ્રાપ્ત કરે છે. પણ નિર્મળ બુધ્ધિ અને વિનય બે અદ્દભૂત ગુણોએ કળાઓને સુશીલ અને વિવેકથી સભર બનાવી દીધી. જ્ઞાન ગમે તેટલું હોય. કળાનું પ્રાવિણ્ય અદ્દભૂત હોય. પણ ધર્મકળા વિના બધું ફીકુ અને લુખુ. ધર્મકળા અજબ ગજબની કળા છે. વિવેક અને સદ્દુપયોગ એમાંથી જાગૃત થાય છે. સત્ય પ્રત્યેનો પ્રેમ અને સિધ્ધાંત ખાતર મરી-ફીટવાનું શીખવે છે. ધર્મકલાયુક્ત આત્માના ચાલ-બોલ-વૃત્તિ પ્રવૃત્તિ-વિચારો-વર્તન સારાએ સમાજ પર અનોખી આકર્ષક છાપ પાડે છે. પુણ્યબળ યારી આપે તો અનેકોનો સહાયક-પ્રેરક અને પુણ્યપ્રકર્ષ વધારનાર બને છે.

સોનું અને સુગંધ. પાઠક જિનમત નિપૂણ. શિષ્યા મયણા જિનમત શ્રધ્ધાળુ-સુમાતાના સુદ્દઢ સંસ્કારથી શોભતી -પાઠકે પ્રાણ પૂર્યા. જિનમતની કુશળ પ્રાજ્ઞ જ્ઞાતા બનાવી દીધી.

સત્તાભાવ સર્વમાં એક. દ્રવ્યપ્રર્યાય પદાર્થ ભેદ બે. ભૂત ભવિષ્ય-વર્તમાનકાળ ત્રણ. દેવ મનુષ્ય-તિર્યંચ-નારક ગતિ ચાર. ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય-આકાશ-પુગદ્દલ-જીવ એમ અસ્તિકાય પાંચ. 'કાળ' ને ભેગો લેતા દ્રવ્ય છ. નૈગમ સંગ્રહ-વ્યવહાર-ઋજુ-શબ્દ-સમભિરૂઢ અને એવંભૂત એમ નયો સાત. જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-મોહનીય-અંતરાય-ચાર ધાતી-નામ-ગોત્ર-આયુષ-વેદનીય ચાર અઘાતી એમ કર્મના પ્રકાર મુખ્ય આઠ અને પેટા ભેદ ૧૫૮. જીવ-અ-જીવ-પુણ્ય-પાપ-આશ્રવ-સંવર-નિર્જરા-બંધ-મોક્ષ એમ તત્ત્વો નવ. ક્ષમા-માર્દવ-આર્જવ-મુક્તિ-તપ-સંયમ-સત્ય શૌચ-અકિંચન-બ્રહ્મચર્ય છે. યતિધર્મ દશ.

આ બધા તાત્વિક પદાર્થોનું તલસ્પર્શી આત્મસાત્ જ્ઞાન

મેળવ્યું મયણા સુંદરીએ. તદુપરાંત શ્રાવકની અગીયાર પ્રતિમાઓ–વિશિષ્ટ આરાધનાઓ, શ્રાવકના બારવ્રતાદિનું જ્ઞાન દીલચસ્પી બનાવી લીધું. વળી ખૂબી તો એ હતી કે સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિચાર સારી રીતે કરી શકે છે, જેમ પોતાનું નામ ઉચ્ચારતી હોય તેમ.

બીજી વિશિષ્ટતા હતી **મયણામાં.** કળા અભ્યાસમાં મેળવ્યું હતું સચોટ વિપુલજ્ઞાન–કર્મસિધ્ધાંતનું. કર્મોની મૂળ–ઉત્તર (પેટા) પ્રકૃતિ. કર્મની સ્થિતિ–સમય કર્મનું વિપાકફળ. બંધ–ઉદય–ઉદીરણા. સંક્રમ અને કિટ્ટીકરણ વિ. વિ. નું તલસ્પર્શી ઉંડુ જ્ઞાન આત્મસાત કર્યું હતુ બાળા મયણાએ. સર્વસુંદરતા સર્જનાર પાઠક. **પાઠક હતા–શાંત દાંત–જીતેન્દ્રિય ધીર.** ખરેખર 'સુબુધ્ધિ' નામ ફઈબાએ યથાર્થ પાડયું હતું. સ્વભાવે શાંત–સુખદુઃખમાં સમવૃત્તિ હતી પાઠકની. પાંચે ઇંદ્રિયોને દમનાર કાબુમાં રાખનાર આત્મા સમવૃત્તિ બની શકે. કારણકે પાંચે ઇંદ્રિયો અને તેના વિષયોનો એ વિજેતા હોય. આવા ગુણીઆત્મામાં ધીરતા હોયજ સહનશીલતા અને અડગતા ખીલેલા ગુણ હોય. જેના હૈયામાં જિનેશ્વરદેવોના સિધ્ધાંતો રમતા હોય, એનુંજ ગીત ચોવીસે કલાક ગુંજતું હોય, તેનામાં જ આ બધા તારક ગુણો ખીલે અને વિકસે ને?

પાઠક પ્રવરની સુયોગ્ય શિષ્યા તેવીજ દૃઢમનોબળી અને શુધ્ધ સિધ્ધાંતવાદી કેમ ન બને? સકળાગમોમાં કુશળ હતી મયણા. સર્વશ્રેષ્ઠ ગુણ આર્યસન્નારીનો શીલ કે શીયલ તો મયણાનો પ્રાણ હતો. લજ્જા–મર્યાદા એ તો આભૂષણ હતું મયણાનું. સમર્થ કવિ કાલીદાસ પણ કહે

છે "ત્રપા અઙ્ગનાયાઃ પરમં વિભૂષણમ્–" **લજ્જા સ્ત્રીનો અનેરો અલંકાર છે** આવી દેવાસદૃશ મયણા સુંદરીએ યૌવનમાં પ્રવેશ કર્યો. યૌવન મયણામાં ખીલી ઉઠયું. જાણે ગુલાબ! ગુલાબ. કાયા ચંપકવર્ણી. વાણીમાં મોગરાની સુવાસ. ચાલ જાણે મલપતી હંસી.

સભા રાજાની શોભી રહી છે. રાજ છત્ર અને ચામર વીંઝણું. પ્રધાન – સેનાપતિ – નગરશેઠ અને પુરોહિત. સામંત – શેઠીઆ – વિદુષક અને હાજીઆ. અંગરક્ષકો અને પ્રતિહારીઓ સુગંધ પુષ્પ – ગુલાબ – કેવડો – મોગરો –જાઇ – ચંપાની સુગંધી. મીઠો આછો ધૂપ ધૂપવટીમાંથી પ્રસરી રહ્યો છે. અને બે દેવકન્યાઓ રૂમઝુમ કરતી પ્રવેશી. પિતાને પગે પડી, પિતાએ પ્રેમથી પોતાની બન્ને બાજુ બેસાડી. જાણે કોમળ પુષ્પોથી શોભતી બે લતાઓ. સુંદર સુબધ્ધ શરીર એ પણ પુણ્યની જ નીશાની ને? બન્ને પાઠકો પણ આવી ગયા છે. બન્નેની માતાઓ પણ જવનિકામાં બેઠેલ છે.

શરૂ થાય છે કન્યાઓના જ્ઞાન વિજ્ઞાનની પરીક્ષા. વિના પેપરે અને વિના જાહેરાતે. પરીક્ષાની રીતિનીતિ જ આર્યાવર્તમાં અનોખી હતી. દાણો દબાવે અને ખબર પડે કે ભાત ચડયા છે કે નહિ? પરિપકવ છે કે કાચા. આ પરીક્ષા સાથે જ પરીક્ષા થવાની છે પુણ્ય–પાપના તત્ત્વોની. પણ તે જેવી તેવી નહિ. સર્જીત નહિ પણ કુદરતી. સિધ્ધાંતરક્ષાના અડગ પ્રેમમાંથી. સત્યની બોલબોલામાં આખરે પરિણમતી. વચ્ચે હૈયુ હલાવી નાખે તેવી કસોટી કરતી. ભલભલાના છક્કા છોડાવી નાંખે તેવી. આંખમાં

આંશુધારા લાવે અને હૈયાના-હાર્ટના ધબકારા વધારી દે તેવી.

એમાં દર્શન થશે- "મહા શ્રાવિકા દેવી મયણા સુંદરીના". જૈન ધર્મના પવિત્રતમ અનાદિના સુવિશદ સિધ્ધાંતના. પરમતા અને પામરતાના. વિનય અને ઉચ્છૃંખલતાના. વિવેક અને અવિચારના ધૈર્ય અને મિથ્યાભિમાનના. અડગતા અને ચપળતાના. નમ્રતા અને અહંકારના. કેટલાએ દ્વંદ્વ-કેટલાએ ગુણ અવગુણના જોડલા જોવા મળશે એ પરીક્ષાના પ્રસંગમાં. કાળજુ ઠેકાણે જોઈશે. પરમાર્થને પામવાને સત્ય તીખું પણ તારક છે. જુઠુ મીઠું પણ મારક છે. સિધ્ધાંત સત્ય છે. આગ્રહ-દુરાગ્રહ જુઠ અને પ્રપંચનું ઘર છે. ક્રોધનું-આવેશનું મૂળ દુરાગ્રહ છે.

પરીક્ષા સમશ્યા પુરતીથી થાય છે. 'પુન્નિહિં લબ્ભઇ એહુ' ચોથુ પદ રજુ થયું. બાકીના ત્રણ પદથી પૂરતી કરવાની છે. આવા પ્રસંગે હૈયાના ભાવ ખુલ્લા થાય છે. ઉંડે રમતા સંસ્કારો યા વાસનાઓ શબ્દોમાં બહાર આવે છે. જ્ઞાનનું પાચન યા અજીર્ણ જણાઇ આવે છે. પદનો અર્થ છે- 'આ બધુ પુણ્યથી મળે છે.' તૂર્ત અતિચપલ, છીછરા સ્વભાવની, ગર્વથી મદોન્મત્ત, સુરસુંદરી બોલી ઉઠી, સમસ્યા પૂર્તિ કરી દઉં છું સાંભળો,- ધન - યૌવન - હોંશીયારી,- રોગરહિત કાયા મનગમતા પ્રિયજન સાથે મેળાપ, આ બધું પુણ્યથી મળે છે.

રાજા પ્રસન્ન થયો. પાઠકની પ્રશંસા કરવા લાગ્યો. અને લોક તો મસ્કાબાજ. 'જીસકે તડમેં લડુ ઇસકે તડમે હમ્'. ખરેખર રાજન્, આપે સુંદર સત્ય જાહેર કર્યું

છે. લોક માનસ હંમેશા મોટે ભાગે ઝુકતું હોય છે. જ્યાં લાભ ત્યાં ઝોક- અને વ્યવહારની સ્થૂલ દૃષ્ટિએ .સમસ્યા પુરતી ખોટી પણ નથી. જે બને છે યા મળે છે કંઇક સારૂં તે પુણ્યથી જ. પણ પુણ્યથી મળવા યોગ્ય આજ ચીજો છે? સ્થાય સમાધિ અને શાંતિને આપનાર અદ્ભૂત વસ્તુઓ છે કે નહિ. એ અદ્ભૂત વસ્તુઓ પાછળ 'ધનયૌવન' વિ. ખેંચાઇને આવવાનાજ ને? એ અદ્ભૂત તાકાતવાળી વસ્તુઓ દેખાય કોને? મયણા જેવા સુશીલ અને ધર્મદૃઢ આત્માઓને જ ને?

શાંત અને ઉંડા વિચારમાં બેઠેલ મયણાને પિતા-રાજાનો આદેશ થયો. આદેશ મળ્યા વિના સુરસુન્દરી જેમ બોલવાના વેગ વાળી મયણા નહિ. શાંત દાંત અને સુશિક્ષિત સમસ્યા પુરતી કહે છે. પોતાના હૈયામાં રહેલું તારક તત્ત્વજ્ઞાન આ પ્રસંગ મળતા પ્રગટ કરે છે.

વિનય, વિવેક-પ્રસન્નમન, શીલથી સુનિર્મળ દેહ અને પરમપથ મોક્ષમાર્ગનો મેળાપ- આ સર્વ પ્રાપ્ત થાય પુણ્યથી. કેટલું અભીષ્ટ ઉચ્ચારણ? કેવો સરસ અભિપ્રાય શાસ્ત્રીય! છતાં કરહાને સાકર ન ભાવે. ખાખ-રની ખીસ્કોલી શું જાણે સાકરનો સ્વાદ? એવી ગતિ અને મતિ થઈ રાજાની અને સભાજનોની. ખરેખર, તાત્ત્વિક ઉપદેશ મિથ્યાદૃષ્ટિઓ માટે મીઠો નથી બનતો. જે આનંદ સુરસુંદરીના ખુલાસામાં મલ્યો તે, ભવાભિનંદી આત્માઓને આ તાત્ત્વિક ખુલાસાથી કેમ મળે? હા-આનંદ હતો બે આત્માઓને. એક સમ્યગ્દૃષ્ટિ પાઠકને. બીજા નંબરમાં સુમાતા રાજરાણી રૂપસુંદરીને. એમના

હૈયા ગજ-ગજ ઉછળા ઉછળે જ ને! એકે જન્મ આપ્યો. સુસંસ્કાર નાખ્યા. બીજાએ સુવિધા સુસ્થાને પડ્યાનો આનંદ અનેરો અનુભવ્યો.

ભોગોપભોગ. તેનું સાધન ધન-યૌવન નિરોગી શરીર. એ પ્રાપ્ત કરવા માટેની હોંશીયારી એજ જેના આદર્શ છે. જીવન-માનવભવ-એ માટે જ મલ્યો હોય એમ જે માને છે. એ તો આજ વસ્તુઓને પ્રાધાન્ય આપે ને? તેની પાછળ જ પાગલ બને ને? સારાસાર વિવેક ભૂલીજ જાય. આ ભવ પરભવના માત્ર ફળ આંખ સામે ન દેખાય. કોઇ ધ્યાન ખેંચે તો પણ ન ગમે. જડવાદના ઝેર તો આવા જ હોય. આજનો જમાનો-આજની દશા-એના પ્રત્યક્ષ પૂરાવા છે. જ્યાં જુઓ ત્યાં ભોગ અને રોગ. વિલાસ અને વિનાશ.

રાજસભામાં પણ આ ગાંડપણનો પ્રત્યક્ષ અનુભવ થવાનો છે. તૈયારી જ છે. કુરૂજંગલદેશની શંખપુરી નગરી. પાછળથી 'અહિછત્રા' નામથી પ્રસિધ્ધ થએલ. ત્યાંના રાજાનો પુત્ર અરિદમન, રાજસેવા માટે પિતાને સ્થાને ઉપસ્થિત થયો. ઉદ્ભટ હતું એનું યૌવન. દિવ્યરૂપધારી તેને જોતા જ સુરસુંદરીએ તિક્ષ્ણ કટાક્ષમાળા શરૂ કરી દીધી. એટલું જ નહિ તેણીની દૃષ્ટિ તે રાજકુમાર પર સ્થિર થઇ ગઇ. દુઃશિક્ષણમાં આમ જ બને. જેમ આજના યુગમાં પણ બની રહ્યું છે. લજ્જા-મર્યાદાનો લોપ આજ દશા પેદા કરે. 'જેણે મૂકી લાજ તેને નાનું સરખું રાજ.

પિતામાં પણ પાગલપણું અત્યારે તો જન્મી ચૂકયું

છે. આવી દશા પોતાની પુત્રીની જોતાં ખેદ થતો નથી. પણ હર્ષ પામે છે. ઉપરથી દીકરીને પૂછે છે. બોલ બેટા તારે કેવો ઉત્તમ પતિ જોઇએ? ખુલ્લી રાજસભામાં દીકરીને આ પ્રશ્ન પિતા પૂછે છે. દીકરી ઉન્મત બની, લજ્જા–મર્યાદા છોડી, ધૃષ્ટતાથી બોલે છે. પિતાની પ્રસાદી ઉતરી હોય. માંગ્યું મળવાનું હોય તો આ સામે બેઠેલ પુરૂષ મારો પતિ હો. સર્વ કલામાં તે કુશળ છે. તરૂણ છે. ઉત્તમ રૂપ લાવણ્યથી શોભિત છે. બાકી તો પિત્રાશ્રી પ્રમાણ.

આવેગ આવો હોય છે. કયો પરિચય? કઇ પરીક્ષા? ગુણ અવગુણનો કયો અનુભવ? બસ બાહ્ય આકર્ષણ કાયાનું અને ચેન ચાળાનું. આજે પણ આવીજ પસંદગી પાછળ કેઇક યુગલો પીડાય છે. જીવન ધુળ ધાણી થાય છે. સંસારી પ્રેમને સ્થાને પરસ્પરનો દ્વેષ અને ડહાપણ ને ઠેકાણે ગાંડપણ નર્યું પ્રગટ થાય છે. સુસંસ્કાર અને સુવિદ્યા વિના વિવેક નહિ. વિવેક વિના સ્થિર વિચાર નહિ. લાભાલાભનો ખ્યાલ નહિ. દે દોટ અને પડે ચોંટ. દુર્દશા આમજ થાય!

હવે તો સ્વાર્થ સિધ્ધ કરવો છે. પિતાને માનને શિખરે ચઢાવે છે પુત્રી. આપજ કુશળ છો. સેવકજનના મનવાંછિત આપજ પૂરનાર છો. પ્રત્યક્ષ કલ્પતરૂ તો આપજ છો. બસ મદે ચઢયો માનવી. રાજવી તુકયો વત્સે આ અરિદમન એજ તારો ઇચ્છિત વર હો. સભાજનો ખિલ્યા. રાજાની પ્રશંસા કરવા લાગ્યા. શું સુંદર સંયોગ. કમાલ કરી રાજન્. સાચા ભાગ્યવિધાતા આપજ છો. શું આપનો પુત્રી પરનો

પ્રેમ? શું આપની શોધન અને યોજન કળા! પુરુષનું સૌભાગ્ય અને કન્યાનું કળામય યૌવન ખરેખર સફળ થયા!

આ બાજુ મયણા માર્મિક વિચારણામાં છે. મોટી બેનની અવિવેકીતા અને ધૃષ્ટતા પર બેચેન છે. પિતા પોતાને આવું કાંઇ ન પૂછે તો સારૂં એ ભાવમાં છે. પણ વ્યવહારોક્તિ–લખ્યા લેખ વિધિના. રાજા સ્નેહનજરે પૂછે છે, વત્સે, તું પણ કહે. કેવા વરની પસંદગી તારે માટે કરૂં. જરાએ વિલંબ વિના કહે. રાજા ખીલ્યો છે. વિવેક ચૂકયો છે. સભાજનો પૂરા તાનમાં છે.

પણ મયણા! વિવેકમાં પૂરી. વિવેક પણ જિનકથિત સારભૂત વિચારોમાંથી જન્મેલ. લજ્જા–મર્યાદા ગુણ રૂપ અલંકારથી વિભૂષિત. આવી બાબતમાં બોલે કેમ? અને તે વળી ભરસભામાં? નીચી દૃષ્ટિ અને મૌન. પણ રંગે ચઢયો રાજા. મૂકી એને માઝા. ફરીથી પૂછે છે એજ વાત. હવે જામે છે રંગ. પણ સાથે જ દેખાશે જંગ. રંગ છે સત્યના પ્રકાશનો. જંગ છે પડકારનો. પડકારમાં અનેક થડકાર પણ અનુભવાય. પ્રકાશ પાછળ પણ કોઇ ને કોઇ ઘર્ષણ હોય છે ને?

કંઇક હસીને મયણા બોલી. પિતાજી આપ તો વિવેકના સાગર છો. અને આપ જ આવું અઘટીત મને પૂછો છો? કુળ બાળાઓ કદી પોતાના મુખથી કહે છે કે આ મારો પતિ થાઓ? પિતા જે કરે તે જ પ્રમાણ. આ ચાલી આપણી કુલમર્યાદા અને નીતિ છે આર્યાવર્તની. કેટલો વિવેકભર્યો, શાંત, છતાં સ્પષ્ટતા કરતો અને અવિવેકી પિતામાં પણ વિવેકનો આરોપ કરતો, છે મનહર ઉત્તર!

કોમળ પણ ફળા ભર્યો. સત્યની સ્થાપના કરતો! વળી આગળ કહે છે. વરપ્રાપ્તિમાં માતાપિતા પણ માત્ર નિમિત્ત જ છે. પૂર્વભવ સંકેતિત સંબંધ પ્રાયઃ જીવોનો થાય છે. શુભ અશુભ કર્મ જીવ ઉપાર્જિત કરે છે. તેજ પ્રમાણે ફળ રૂપે શુભ અશુભ ફળ પ્રાણીને મળે છે. જાણે ચાવીનું રમકડું, પુણ્યપ્રકર્ષ પામેલ કન્યા, કુકુલમાં કે ગરીબ ઘરમાં આપ્યા છતાં, પરમઐશ્વર્યવતી બની સુખ પામે છે. હીનપુણ્યા સુકુલ કે શ્રીમંત ગૃહમાં જવા છતાં, ગરીબાઈ આદિમાં ફસાઇ દુઃખ દુર્ભાગ્ય ક્યાં નથી પામતી?

કેટલું ઉઘાડું નિર્મળ નિર્ભેળ સત્ય છે આ? ન સાબિતી જોઈએ. ન કોઈ દાખલા કે દલીલ. પણ સુગરી અને વાનરની કથાવાળી દશા અહીં જન્મવાની છે. મયણા હવે સાદુ સત્ય કહી સિદ્ધાંતના તેજને પ્રબળ બનાવે છે. પરિણામનો-ભાવી ફળનો ખ્યાલ મયણાને છે જ. પણ ટાણે સત્ય ન ઉચ્ચારાય, સિધ્ધાંત સ્વ સ્વરૂપે સચોટ રીતે ન સ્થપાય તો ભારે નુકશાન થાય. સિધ્ધાંત-ધર્મ-સત્ય ઘવાતા શું ન ઘવાય? સમાજ-પ્રજા-દેશ-દુનિયામાં પરિણામે અજ્ઞાનનો અંધકાર જ ફેલાય ને?

પિતાજી, આપ તો તત્ત્વના જાણ છો. આપને એવો ગર્વ ધરવો યોગ્ય નથી. કે હું જ લોકોને સુખ યા દુઃખ આપી શકું છું. જેનું પુણ્ય જાગતું છે તેના પર આપ પ્રસન્ના થાવ છો. જેની પાસે પુણ્ય નથી, તેની સામે પણ જોવાનું મન આપને નથી થતું. ભવિતવ્યતા-હોવાપણું-સ્વભાવ-દ્રવ્યક્ષેત્રકાળ ભાવ સહાયક હોય તો પણ પૂર્વભવમાં પેદા કરેલા કર્મો-સારા નરસાની સાથે મળીને જ ફળ આપે

છે. તેથી નિરપેક્ષ-કર્મોના ફળને બાજુએ રાખી, કાંઈ બનતું નથી. માટે સ્વકૃત સત્કૃત દુષ્કૃત અને તેથી પેદા થતાં પુણ્ય પાપ એજ સુખદુઃખને આપનાર છે.

બસ અગ્નિમાં ઘી હોમાયું. મીઠાઇ પણ ત્રિદોષવાળાને દોષ રૂપ જ થાય. અભિમાનનો આશ્રિયો રાજવી. વચનોનું સત્ય શલ્યરૂપ અનુભવે છે. જાણે કાનમાં ધગધગતું સીસું જ પડયું હોય ને! મન દુષ્ટ બની ગયું. વિવેક મૂળમાંથી ગયો. વાણીમાં અવિવેક અને આવેશ ભળ્યો. ક્રોધ ભભુકી ઉઠયો. 'વસ્ત્રાલંકાર જાતજાતની વેષવિભૂષાની તારા શરીર પરની રચના, મારી આપેલી પ્રત્યક્ષ છે. છતાં બોલવામાં આટલી બધી પ્રગલ્ભતા?

અપરાજા જરા હસીને કહે છે. મારા પૂર્વકૃત સુકૃતના પ્રભાવે મારો આપને ત્યાં રાજવી કુલમાં જન્મ થયો છે. માટે જ સુખોનો ઉપભોગ કરૂં છું. એ કેમ ભૂલાઈ જાય છે. હું જન્મી તે વખતે કેઈક બાળાઓ આ નગરમાં જન્મી હશે. જ્યાં દુધ અને પોષણના ઠેકાણા પણ નહિ હોય. પૂર્વ-સુકૃત એજ સુખ આપનાર. દુષ્કૃત એજ વર્તમાન દુઃખને પેદા કરનાર. કર્મના ઈષ્ટ અનિષ્ટ ફળ વિપાકને કોણ ખાળી શકયું છે. સુર હો કે અસુર હો રાજવી હો કે નગરપતિ હો. બુધ્ધિનિધાન પંડીત પ્રવર હો કે ઉત્કટ બળયુક્ત સુપ્રસિધ્ધ મલ્લ કે સુભટ હો, સર્વ કર્મને વશ છે. અનાદિકાળનું આ સત્ય છે. સદાજીવી આ સત્ય છે, પ્રત્યક્ષ અનુભવતું અડોલ આ સત્ય છે.

પણ સત્ય સૌને ગળે ઉતરે? અને તેમાં પણ અભિ-માનથી ઉન્મત બનેલ આત્માને! રાજાના કોપનો પાર રહ્યો નહિ. 'અભાગી છે ખરેખર આ છોકરી. મારા કરેલા ગુણને

પણ નથી માનતી. બીલ્કુલ મૂર્ખ છે.' અને તેમાં ભળ્યો મસ્કાબાજ સભાજનોનો અવિચારી સૂર. રાજન્, આ મુગ્ધા સમજે શું ? તુષ્ટમાન થયેલા આપ જ કલ્પવૃક્ષ છો. રૂષ્ટમાન થાવ તો સાક્ષાત્ યમરાજ પણ આપ જ છો.

પ્રસંગ કરડો છે હવેનો. અવિચારી સભાજનોને નાથવા-જ પડે. સત્યને જોરશોરથી અને કડક શબ્દોમાં રજુ કરવું જ જોઇએ. અને આ તો રોમ રોમ ધર્મ પરિણત મયણા. આત્માનું તેજ બતાવે છે, 'ધિક્કાર છે ધિક્કાર છે. ધનના અર્થીઓને. સત્ય સમજવા છતાં, જાણવા છતાં, તદ્દન જુઠ સાક્ષી. નાશવંત પૈસા ખાતર મુખમીઠાશ. જુઠુ બોલીને રાજી કરવાની વૃત્તિ અને પ્રવૃત્તિ.' પિતાને ઉદ્દેશીને કહે છે. પિતાજી, આપના પસાયથી જ બધા સેવક લોકો સુખી થતા હોય, તો એક સરખી સેવામાં તત્પર, થોડા સુખી, અને ઘણા દુઃખી કેમ ? એક આપની જોડે નાખેલા ભદ્રાસન પર આરામથી બેસે છે. બીજો, પેલો પ્રાતિહાર્ય–દરવાન સતત કલાકો ખડે પગે, પૂતળાની જેમ કેમ ખડો રહે છે. માટે સ્વકૃત પુણ્ય પાપ એજ સુખદુઃખના દાતા છે.

વળી હું કહું છું કે આપને રૂચે તે મારો પતિ હો. મારૂં પુણ્ય જાગૃત હશે તો નિર્ગુણી ગુણી બની જશે. હું હીન પુણ્યા હોઇશ તો રૂપ સુંદર પણ રોગિષ્ટ બની જશે. દરેક પ્રસંગમાં હું મારા કર્મને જ પ્રાધાન્ય આપીશ. કોઈનો દોષ કાઢવાની નથી.

કર્મનો સિદ્ધાંત કેટલો ઉંડો સમજાણો હશે ? ખાલી કોરૂજ્ઞાન શું કામ આવે ? આત્મસાત્ જ્ઞાન જ પ્રસંગે ફોરમ

ફેલાવે. સહન કરવાની તૈયારી બતાવે. આ ખાલી પડકાર નથી. શુદ્ધ સનાતન સિદ્ધાંતની ભારે હિમ્મત ભરી રક્ષા છે.

પ્રલયકાળનો ક્રોધાગ્નિ પ્રગટયો રાજામાં. આ મૂર્ખાએ મને સભા વચ્ચે હલકો પાડયો. ખરેખર આ મારી વૈરીણી છે. ક્રોધથી ચહેરો લાલચોળ બની ગયો છે. ભ્રકુટી ભમ્મર વિકરાલ દૃશ્ય આપે છે. કયું અઘટીત પગલું લેશે એજ પ્રશ્ન થઇ પડયો. પણ મંત્રી કુશલ હતો. પ્રસંગની ભયંકરતા પામી ગયો. રાજાને વિનંતી કરી. રાજન્, ઉદ્યાનમાં ફરવા જવાનો સમય થયો છે, ક્રોધથી ધમધમતો રાજા ઉત્તમ અશ્વરત્ન પર આરૂઢ થયો. સાથે સામંતો અને મંત્રી પણ છે.

કર્મસત્તાનો પ્રતાપ હવે ખુલ્લો થવાનો છે. પુણ્ય રક્ષે તેને માટે સાપ પુષ્પમાળા બને. દેખીતી ભયંકરતામાંથી સુંદરતા જન્મે. આનંદ જનક મનાતો પ્રસંગ પાપોદયે દુઃખના દાવાનળ રૂપ બને. ધર્મધીર–વીર અને ગંભીર બનાવે ભયંકર યાતનાને પ્રસન્ન મને આવકારવાનું બળ આપે. ધર્મ રક્ષાકારક જ છે. કસોટી તો થાય. પાર ઉતરે તે સુખમાં વિલસે.

રાજા નગર બહાર આવે છે. ત્યાં એક મોટું જનવૃંદ આડંબર સહિત સામું આવે છે. સાતસો યુવાન રૂપવાન પરાક્રમી કોઢિયા છે. ઉમ્બરક વ્યાધિથી પીડાતે, બાળવયને વટાવતો, તેમનો એક ઉમ્બર રાણો છે. ઉત્તમ ખેચરી પર આરૂઢ છે, છત્ર ચામર યુક્ત છે. અંગરક્ષકો સહિત છે. એને મંત્રી પણ છે. જુદા જુદા કોઢ રોગથી પીડાતા, ગલત અંગુલી, ગલત નાસિકા તેઓની છે. રાજાઓ પાસેથી દાન ગ્રહણ કરે છે. આપણે, સામે આવે તે પહેલા દિશા બદલવી

જોઈશે. કારણ કે તેવાની આંખે પડવું અઠીક છે, દિશા બદલી. ત્યાં તો તેમાંની એક મંડળી સામે આવવા લાગી.

રાજા કહે છે. જે જોઈએ તે આપી, આ બાજુ આવતા અટકાવો. મંત્રી તે પ્રમાણે અમલ કરે, તે પહેલા તો ગલિતાંગુલી દુત રાજાની સામે આવી કહેવા લાગ્યો. અમારા આ ઉંબરરાણાનું દાન અને માનથી સર્વત્ર સન્માન થાય છે. એટલે અમારા રાણાની કૃપાથી અમે બધા સુખી છીએ ધન-કણ, વસ્ત્રની અમારે ખોટ નથી. માત્ર અમારી ઈચ્છા રાણાને યોગ્ય રાણી મળે એટલી છે માટે કૃપા કરી એક કન્યા આપો. સુવર્ણાદિ અમારે જોઈતું નથી.

ઉભા થનાર પ્રસંગને અનુકુળ સામગ્રી સ્વભાવિક અણચિંતવી ખડી થઈ જાય છે. નિમિત્તો કયાંથી પણ આવીને ઉભા રહે છે. મંત્રી કહે છે. અયોગ્ય છે માગણી તમારી. કુષ્ઠીને કન્યા કોણ આપે ? દૂત કહે છે અસ્ખલિત કીર્તિ માલવપતિની અમે સાંભળી છે. કોઈની પ્રાર્થનાનો માગણીનો ભંગ કરતા નથી. સામાનું ઇચ્છિત પુરૂં કરે છે. તો કીર્તિનો નાશ થવાદો. અગર છેવટે કોઈ કુકુલમાં ઉત્પન્ન થએલ પણ એક કન્યા આપો. રાજા કહે છે જરૂર આપીશ. આવી નાની વાતમાં કીર્તિને ઝાંખી કોણ પડવા દે ?

રાજા મનમાં દુષ્ટ ચિંતવન કરે છે. કારણ કે હજુ તેનો સભામાં ઉત્પન્ન થએલ કોપાગ્નિ શાંત પડયો નથી. મારી દુશ્મન બનેલી દીકરી જ આને હું આપીશ. અભિમાનથી ઉન્મત બનેલો રાજવી પાછો ફરે છે. ફરીથી રાજદરબાર. મયણાને ફરીથી પૃચ્છા. મારા પસાયથી સુખને માનવા તૈયાર હો, તો ઉત્તમ પતિ અને ભારે દાયજો. હજુપણ કર્મને જ માનવું હોય, તો તારા કર્મે આણ્યો, આ કુષ્ઠિ તારો પતિ હો.

વિકટ–મહાવિકટ–જીંદગીભરની યાતનાનો કરડામાં કરડો પ્રસંગ આંખ સામે છે, ભલભલા મુછાળા મર્દોના છક્કા છુટી જાય એવો કારમો પ્રસ્તાવ છે, પણ આ છે મયણા. સિધ્ધાંત એટલે સિધ્ધાંત. સર્વકાળ માટે અચળ અને અવ્યાબાધ: **પ્રાણ જાય, પણ વચન ન જાય.** આવે ટાણે જ સિદ્ધાંતની ઝળક આવે **લાખ બોલ કરતાં એક શુદ્ધ અમલ સોઘણી અસર કરે.**

જરાક હસીને, મહામના મયણા કહે છે. કર્મે આણ્યો તે પ્રમાણ. રાજા હો કે રંક હો. કોપાંધ રાજા ઉંબરરાણાને બોલાવે છે. લે આ તારા માટે આણ્યો છે કર્મે. કર એનો સ્વીકાર. ક્રોધ આંધળો છે. ચર્મચક્ષુ નહિ પણ વિવેકચક્ષુ બીડ઼ઈ જાય છે. હૈયું ક્રૂર બને છે. ભાવી પસ્તાવાની પણ કલ્પના નથી આવતી. માનમાંથી મોટે ભાગે ક્રોધ જન્મે જ જન્મે. માન મોટો દુશ્મન છે માનવીનો. ખોટી માનદશા અનેકને ઉન્માર્ગે ચઢાવે છે. સારાસારનું ભાન ભૂલાવે છે. હેત પ્રીતિ કે પ્રેમનો પ્રલય સર્જે છે. દીકરી પોતાની. ગુણનો ભંડાર–વિવેકની વેલ. વેણ સાચા. સર્વને કબુલવા પડે તેવા. પણ ના હું કોણ અને મારા વચન એટલે? ભલે સાચ પણ મારી સામે અને ભરસભામાં–શિક્ષા કરવી જ. યાદ રહે સદા તેવી. આનું નામ જ અંધાપો.

હવે આર્યાવર્તની આર્યફોરમ જોવા મળવાની છે કે જે ફોરમની સ્ફાર સુરભિ 'આર્યાવર્તના ઝળહળતા મણિ શ્રી શ્રીપાળ' નામા બીજા વિભાગના આલેખનમાં વિસ્તૃત રીતે અનુભવશું. હઠે ચઢેલા રાજાને ઉંબરરાણો કહે છે. હે નરવર આવું બોલવું ઠીક નથી. કાગડાને કંઠે રત્નજડીત સુવર્ણ-

માલા બાંધવી ઉચિત ન ગણાય. એક તો પૂર્વકૃત પાપના ફળ હું ભોગવી રહ્યો છું. તદુપરાંત આ ઉત્તમ કન્યાનો ભવ હું કેમ બગાડું? તમારે આપવી જ હોય તો કોઇ દાસીની કે વિલાસિનીની કન્યા આપો. અને તે ન હોય તો પણ તમારૂં કલ્યાણ થાઓ.

પણ પૂરી હઠે ચઢેલો રાજા કહે છે....હું શું કરૂં? આ મારી પુત્રી મારા કરેલા કોઈ પણ ગુણને માનતી નથી. પોતાના કર્મને જ પ્રાધાન્ય આપે છે. તેજ કર્મે તને આણ્યો છે પતિ તરીકે પોતાના કર્મના ફળને મારી પુત્રી પાસે. તેમાં મારો શો દોષ?

ભાવીના ગર્ભમાં છુપાએલ વાતને કોણ જાણી શકે? મયણા ઉભી થઇ. ઉંબરરાણાનો હાથ પકડયો. ઉત્તમ મુહૂર્તને જ જાણે ન સાધતી હોય. સાથે જ દૃઢ મનોબળ અને સુશ્રદ્ધાના દર્શન કરાવ્યા. જિનવાણી એજ પરમ સત્યનો પરચો કરાવ્યો. સંસારમાં રહેવા છતાં વિરાગ શું કરે છે એનું ભાન કરાવ્યું.

સામંતો–મંત્રીઓ–રાજરાણીઓ, 'નહિ–નહિ. ઉતાવળી મા થા' કહેતા રહ્યા. અને શરદચંદ્રના જેવા વિકસિતવદને બાળા બોલી. 'મારે આજ પ્રમાણ છે.' ધન્ય ધૈર્ય! મોહની સૃષ્ટિ પ્રેમીઓને રડાવે એવો પરાકાષ્ટાનો પ્રસંગ. એકબાજુ પરિવાર રડે. છે બીજી બાજુ મા અને મામા રડે છે. જે બન્ને અંતઃકરણથી તો મયણાના સિધ્ધાંત પ્રેમ અને ધૈર્યને અભિનંદી રહ્યા છે. રાજા અચલ છે કોપમાં. **તત્વજ્ઞાતા મયણા અચળ છે નિજ સત્વમાં અને સિદ્ધાંત રક્ષામાં.**

ચાલી રાજકુંવરી મયણા, ખચ્ચરી પર ઉંમરરાણા સાથે બેસીને. તેઓના સ્થાને લોકમાનસનું પ્રતિબિંબ અહીંઆ

પડે છે: કેઈક રાજાને ધિક્કારે છે. અયોગ્ય કર્યું. અયોગ્ય-કર્યું. કેઈક મયણાને ફિટકારે છે કે ખરેખર વિનય વગરની છે. તો વળી કેઈક મયણાની માતાને ઠપકારે છે. કેઈક ઠેઠ ઉપાધ્યાય સુધી પહોંચી ગયા. કેવું શિક્ષણ આપ્યું ? કેટલાક ભાગ્યને-વિધાતાને ઠપકો આપે છે. કેઈકિ તો વળી ભગવંતના ધર્મને જ નીંદવા લાગ્યા. દુનિયા દોરંગી ? ના, દુનિયા અનેક રંગી. આમે બોલે તેમે બોલે. આજે જેનું ભુડું કાલે તેનું સારૂં.

આ બધુ કાને પડે છે મયણાના. પણ પ્રસન્નમના જરાએ વિવાદ નથી કરતી. કારણ કે ધર્મને રૂડી રીતે સમજેલ છે. જરૂર ધર્મની નીંદાનું દીલમાં દુઃખ છે જ પણ નિરૂપાય છે અત્યારે ઉંબર પરિવાર હર્ષપૂર્વક વિવાહકાર્ય ઉજવે છે.

આ બાજુ સુરસુંદરીનું જ લગ્ન મુહૂર્ત પૂછે છે રાજા પુરોહિતને. રાજન્ દિવસ આજનો-આખાએ વર્ષમાં ઉત્તમ. પરંતુ સર્વશ્રેષ્ઠ લગ્ન તો ગયું. જે વખતે મયણાએ કુષ્ઠિનો કર પકડયો. પણ માથા ફરેલ રાજાને આ બેસે ? ઉલ્ટાને થેકડી કરવા લાગ્યો. જાણ્યું જાણ્યું તે મુહૂર્ત કેવું હતું. હાલમાં જ મારી પુત્રીને હું પરણાવીશ. આદેશ થયો રાજાનો. પ્રકૃષ્ટ મન્ત્રિઓ અને અમાત્યઓએ ક્ષણ માત્રમાં વિવાહ સામગ્રી ખડી કરી દીધી. ધ્વજા પતાકા, વાજીંત્રોનો નાદ પણ્યાંગનામા નૃત્ય, જયજય શબ્દ, જરીયાન મંડપ, વિવિધભોજન અને તાંબુલાદિ મુખવાસ, મંગળગીતો આદિ ઘણું ઘણું માન સન્માન કે પહેરામણીઓ, યાચકોને દાન તો હોય જ. સારાએ જનપ્રદેશમાં હર્ષ વ્યાપી ગયો. કારણ કે મીડાઈ તો તે કાળમાં રાજદ્વારેથી ઘર ઘર પહોંચતી.

દાયજામાં હાથી ઘોડા મણિ માણેક રત્ન મોતી સુવર્ણ-મુદ્રાઓ આદિ આપી રાજા પોતાને ઇંદ્ર જેવા માને છે. વિદાયની શોભાયાત્રા જોઇને લોકો ભૂરિભૂરિ પ્રશંસા કરે છે. સુંદર સંયોગ! ધન્ય છે રાજાને. સુરસુન્દરી ખરેખર ભાગ્યશાળીની. પાઠક ઘણો પ્રવીણ. શિવનો ધર્મ સુખ જ આપે. સાથે સાથે મયણાને યાદ કરી જિન ધર્મની નીંદા પણ કરે. પરમાર્થને ન સમજનાર લોક. પવન જોઈને પીઠ ફેરવે. ગાડરીઓ પ્રવાહ.

અહીંઆ ઉંબરરાણો મયણાને કહે છે. જો રાજાએ ઘણું અયોગ્ય કર્યું છે. પણ તેથી, કાંઇ બગડી ગયું નથી. તું ખુશીથી કોઇ નરરત્નને ભજ. જેથી આ સુંદર રૂપ ચાતુર્ય વિફલ ન બને. અહીંઆ અમારો સંગ સારો નથી. મને પણ આ કોઢ ચેપ લાગવાથી જ પ્રાયઃ થયો છે. જુઓ હવે મયણાનો જવાબ. નિર્મળતા અને આઘાત.

અત્યાર સુધીના છેલ્લી કોટિના દુઃખદાયી પ્રસંગમાં સંપૂર્ણ ધૈર્ય રાખનાર મયણાની આંખો અશ્રુથી ભીની બને છે. કારણ કે આર્યલલના છે. તેમાં વળી જિન ઉપદિષ્ટમાર્ગને પચાવેલ છે. પતિના પગમાં માથું મૂકીને યુવાન બાળા કહે છે. આપ કોઈ પણ આદેશ કરજો. પરંતુ આવો ઉચ્ચાર પણ કરશો નહિ. આવા વચન મારા કાળજાને વિંધે છે. એક તો 'સ્ત્રી જન્મ' એજ પાપોદય છે. તેમાં શીલ રહિત જીવન એ તો કોહી ગએલી કાંજી જેવું છે. એ આપ ક્યાં નથી જાણતા. **શીલ એજ નારીનો શણગાર છે. શીલ એજ જીવનનો સાર છે.** તેથી અધિક કાંઇ કિંમતી નથી, સુંદરમાં સુંદર શીલ–પ્રતિવ્રતાપણું છે. અંતિમ શ્વાસ સુધી આપ જ શરણ છો. આ અફર નિર્ણય છે.

પહાડ જેવા દુ:ખો તૂટી પડે, મીનમેખ આમાં ફેર ન પડે.

આવી હતી આર્યાવર્તની અસ્મિતા. આર્યરમણીઓની અનુપમ સંસ્કારિતા. સતી સીતા અને દયમંતી આ વહેતી આવી પ્રશાંત છાયા હતી. આ છાયામાં સુખ-શાંતિ અને સમાધિના સદા દર્શન થતા ભોગવિલાસની પૂરી મર્યાદા અને તે પ્રત્યેનો સદંતર અભાવ ઉપસી આવતા. નિર્મળતા અને ન્યોચ્છાવરતા તરી આવતા. કલ્યાણદાયિની દેશની પ્રણાલિકા હતી. સિધ્ધમાર્ગે લઈ જનારી શાસ્ત્રીય શિક્ષા હતી.

તેની જ સામે પ્રત્યક્ષ જુઓ આજની હદ ઉપરાંતની વિષમ અવદશા અધઃપાત પૂરો. શીલ-મર્યાદા-મૂલમાંથી લુપ્ત પ્રાયઃ થયા. મોટો ભાગ વિલાસી બન્યો. વિલાસ પણ નીચી કોટિનો. તેમાંથી વ્યભિચાર વ્યાપક બન્યો. શુર અને નૂર ભાગી ગયા. હાડપિંજરો હરતા ફરતા દેખાવા લાગ્યા. મોં પર લાલીમા નહિ. તેજ તો હોય જ કયાંથી. વિચારો અસ્થિર દવાખાના ભરચક. દવાઓ હિંસક અને વ્યાધિ વર્ધક. દર્દો અસાધ્ય. ચિંતાનો પાર નહિ. ક્ષય-આસ્થામ-ટી. બી.-કેન્સર જેવા ભયંકર દર્દો. ધર્મની તો વાત જ નહિ. શરીર જાણે ભોગ માટે જ. ભોગે રોગ-ભયં પણ ભૂલાઈ ગયું. પરિણામે ખૂન-લુંટ-અપહરણ-આત્મહત્યા અને ઝેરના પીણા-ઉંઘ હરામ તે માટે નશો. અને નશામાંથી....?

સૂર્યોદય થયો. નિશ્ચલા, મહાસત્યશાલિની મયણા મહા સતીના દર્શનાર્થે! હજાર કિરણો પ્રસરી ગયા. મયણાનો ઉદયસૂર્ય પણ હજાર કિરણે હવે પ્રકાશવાનો છે ને! મયણાના વચનથી ઉંબરરાણો પણ મયણા સાથે શ્રી ઋષભ-દેવના જિનાલયે જાય છે. આનંદથી પુલકિત બન્ને પરમા-ત્માને નમે છે, મયણા સ્તુતિકુશળ છે. જિનમતના સારને

ઘુંટીને પીધેલ છે. આલ્હાદકારી–આત્મ પાવનકારી સ્તવના કરે છે —

સુરેન્દ્રોના સમૂહે કરી સ્તવાએલા–પૂજાએલા અને ભક્તિ-ભર હૈયે નમાએલા હે પ્રથમ જિનેશ્વર, ચંદ્રથી અધિક–ઉજ્વલ યશઃ કીર્તિથી ભુવન ત્રયને ભરનાર, કામક્રોધાદિ આન્તર વૈરીને જીતનાર મહાશુર, અજ્ઞાન રૂપી અંધકારને હરનાર અપૂર્વ સૂર્ય, સૂર–અસુર–વિદ્યાધરોથી સેવાએલા, અહંકાર રહિત બનેલા રાજરાજેશ્વરો તથા પાદકમળે પ્રણામ કરાતા, સદાકૃપાળુ, અમ્રતના સાગર, ગુણ વિકાસ અને પ્રજ્ઞાવિકાસમાં બૃહસ્પતિને બાજુએ બેસાડનાર, ઉજ્જવળ સંયમશીલના સ્વામિ, લીલા માત્રમાં મોહ મહારિપુને હણ-નાર, દુઃખોના ડુંગર ખડા કરનાર પ્રત્યે પણ કરૂણાને ધર-નાર, શ્રાવકજનને આનંદ આપનાર, તેજના સમૂહે શોભતા, હે ઋષભદેવ, આપ મારા યોગ અને ક્ષેમને માટે હો. આત્મકલ્યાણકારી પદાર્થોનો મેળ અને તેનું રક્ષણ આપની મહતી કૃપાથી હો.

ઋષભજિનેશ્વર, ભુવનેસર, ત્રિજગવિજયશ્રી પરિપાલક.
મદનવિનાશક, શિવગતિપાલક, મનવાંછિતકપૂરક, અલખ.

સમાધિમાં લીન, મયણા સ્તુતિમગ્ન છે. ત્યાં તો આશ્ચર્ય અપૂર્વ થયું. પ્રભુ કંઠેથી ઉછળી પુષ્પમાળા. પ્રભુ હસ્તમાંથી ઉપડયું ફળ (બીજોરૂ). માળા લીધી મયણાએ. મયણા વચને ફળ લીધું ઉંબરરાણાએ. અપૂર્વ પ્રસાદી નાથની. મયણાના આનંદની કોઈ અવધિ! સાત્વિકતાનું આતો બાહ્ય બહુમાન. અધિષ્ડાયક–દેવો પણ મનની નિર્મળતા–સુશ્રધ્ધા અને સાત્વિકતાના અનુમોદકો હોય ને! આ પરચો એતો પ્રત્યક્ષ પ્રશંસા અને ઉત્તમ ભાવિની નિશાની.

મયણા પતિને કહે છે. પ્રભુકૃપાનું પ્રથમ ફળ, આપના રોગ પ્રકર્ષે કરીને નાશ પામશે. બન્ને શ્રી મુનિચંદ્ર મુનિવર પાસે પહોંચ્યા. ભક્તિભાવે–પ્રમુદિત મને નમ્યા. ગંભીર ગીરાથી થતું કરૂણારસભર્યું, ધર્મના ફળને સમજાવતું વ્યાખ્યાન સાંભળ્યું. મનુષ્યપણું–સુકુલ–સુરૂપ–સૌભાગ્ય–આરોગ્ય, લાંબુ આયુષ્ય ઋધ્ધિ–સુખ–સંપત્તિ, પ્રભુતા–યશઃ કીર્તિ આ સર્વ પ્રાપ્ત થાય છે ધર્મકરણીથી ઉત્પન્ન થતા પુણ્યના પ્રભાવે.

ઈત્યાદિ દેશના આપ્યા બાદ, પૂર્વે વંદનાદિ માટે અનેકવાર આવેલ મયણાને, ગુરૂભગવંત પૂછે છે. વત્સે, ઉત્તમ લક્ષણોથી લક્ષિત, સુપુણ્યવાન, આ ધન્ય પુરૂષ કોણ છે? નગરી મોટી પરા ઘણાં. કયા વિભાગમાં શું બન્યું તે એકદમ ખબર પણ કયાંથી પડે? સનસનાટી ભર્યા સમાચાર ફેલાવનાર વર્તમાન પત્રો હતા નહિ. આડી રાત એક જ ગઈ છે. અને વળી આતો નિસ્પૃહી આત્મરત મહામુનિઓ.

મયણાનું હૈયું ભરાઈ આવ્યું. હૈયું ખાલી કર્યું. અશ્રુભિની આંખે સારોએ વૃતાંત કહ્યો. પ્રભો, દુઃખ નથી કોઈ વાતનું. સિવાય મિથ્યાદૃષ્ટિઓ પરમાર્થના અજાણ. પ્રભુશ્રીના પરમમાર્ગને નિંદે છે. અને શિવધર્મીને જ પ્રશંસે છે. લોકનિંદાનું કારણ કોઢ છે. કોઢ જાય તો નિંદા ફીટે. કેટલો નિર્મળ આશય છે મયણાનો. પણ આતો જિનધર્મના પંચ મહાવ્રતધારી ગુરૂદેવ. સમજે છે. મયણાના નિર્મળ ભાવને પણ સાથે છે ઉંબરરાણો એ શું સમજે? ગુરૂબુધ્ધિમાં દૃઢ બનાવવો જોઈએ ને? શુદ્ધ આચારની સ્થાપના કરવા કહે છે.

સાધુએ કોઈપણ સાવદ્ય–પાપયુક્ત ઉપાય કહેવો કલ્પે

નહિ. વૈદ્યક, વિદ્યા, મન્ત્ર તન્ત્ર, એ બધા સાવદ્ય છે. સાધુઓ જાણે છતાં કહી શકે નહિ. કહેવાય નહિ.

છતાં આત્મકલ્યાણની જ એક બુધ્ધિથી કરવા યોગ્ય નિરવદ્ય નિર્દોષ, નવપદજીનું આરાધન છે જ. આ લોક અને પરલોકમાં સર્વ સમાધિ અને સુખશાંતિનું મૂળ જિનોપદિષ્ટ એજ પરમતત્ત્વ છે. એનાથી બીજો પરમાર્થ નથી. સારૂંએ શ્રી જિનશાસન એમાં સમાએલું છે. જે મુક્તિપદને પામ્યા છે. જે પામી રહ્યા છે. અને જે પામશે. તે સર્વે નિશ્ચયે કરીને એક નવપદના ધ્યાનથી એમાંના એકેકપદને પરમ–ભક્તિથી આરાધીને-ભજીને અનેક જીવો, સકળ કર્મનો ક્ષય કરીને, ત્રિભુવનપતિ બન્યા છે. સિધ્ધાવસ્થાને પામ્યા છે. જન્મ–જરા–મરણ રહિત બની અનંત અવ્યાબાધ સુખને સદાને માટે પામ્યા છે.

આ ઉજ્જવળ શ્રી નવપદ રૂપી સિદ્ધચક્રને, શુભ અને શુધ્ધ ધ્યાનથી ધ્યાતા, તપ અને સંયમથી સેવતા, અનેક ભવોના કર્મોના નાશ રૂપ નિર્જરા સાધે છે. અને જે નિર્મળ સાધનાથી અક્ષય મોક્ષ સુખ મળે, તેનાથી અવાંતર ફળ રૂપે અનેક સિધ્ધિઓ જન્મે તેમાં આશ્ચર્ય પણ શું ? આજ પરમતત્ત્વ છે. પરમ રહસ્ય છે. પરમ મંત્ર છે. ખરેખર પરમ પદ પણ આમાં જ છે એમ પરમપુરૂષો કહી ગયા છે. પ્રરૂપી ગયા છે.

તો ત્રિજગ પ્રસિદ્ધ, અષ્ટ મહાસિદ્ધિ દાયક, શુધ્ધાતિ શુદ્ધ આ શ્રી સિધ્ધચક્રની પરમ ભક્તિએ આરાધના કરો. શાંત–દાંત–ક્ષમાશિલ, પુરૂષ જ સાચો આરાધક બની શકે છે. જે વિપરીત ગુણવાળો તે તો વિરાધક બને છે. ખરેખર પવિત્ર આરાધના માટે ચોકખું મન, સુખ–દુઃખમાં સમ-

વૃત્તિવાળું પ્રસન્ન મન, ઇંદ્રિયોનું દમન, પાંચે વિષયો પર કાબુ અને અપરાધી પ્રત્યે પણ ક્ષમા જરૂરી છે જ. સાથે જ નિર્મળ શીલ-બ્રહ્મચર્ય તો સાધક માટે, છેવટે સાધના કાળમાં તો અતિ આવશ્યક, કારણ કે સાધના કરવી છે પરબ્રહ્મની-મુકિતની-મોક્ષની.

અને વિરાધકતા તો વિપરીતતા જન્માવે જ, આ લોકમાં આપત્તિનું ઘર બને પરલોકમાં દુર્ગતિમાં જન્મે. પરંપરાએ દુઃખના દાવનળ જન્મે, સંસાર અનંતમાં ભમે. જન્મ-મરણનો અન્ત ન આવે. સુસાધનને કુસાધન બનાવે તે બીજું શું પામે. માટે જ નિરીહપણે પૌદ્ગલિક ભૌતિક સુખોની આશા વિના ધર્મ કરવાનો કહ્યો છે. અને તેને જ ધર્મ કહેવાય.

ખૂબી તો એ છે કે ઉત્તમ આરાધકોની સ્વયં રક્ષા થાય છે. તેવાનું ભુડું ચિંતવનારનું જ ભુડું થાય છે. ખાડો ખોદે તેજ પડે ને ? ખૂન કરવાની કોશિષ કરે તેને જ સજા થાય ને ? દેવો પણ સત્પુરુષો અને સતીઓની રક્ષા કાજે દોડે છે ને ? મહિમા તે મહાભાગ આત્માઓનો જ ગાય છે ને. ભઇ, સારૂં જ અમે સારાને. સારો જ તે જેને ગમે સારૂ. આતો ખુલ્લી વાત છે.

સામાન્યથી, આસો સુદ સાતમથી આસો સુદ ૧૫ સુધી નવ આયંબિલ કરવા પૂર્વક શાસ્ત્રોકત વિધિ મર્યાદા પ્રમાણે પ્રસિદ્ધ આરાધના છે. (પૂર્વકાળમાં આઠમથી આરાધના થતી) તેજ પ્રમાણે ચૈત્ર સુદ સાતમથી ચૈત્ર સુદ પુનમ સુધીની ૪॥ વર્ષની નવ ઓળીજી. અગર ૮૧ ઓળીજી. તેમજ જીવનભર આરાધનારા ભાગ્યશાળી હોય છે. તપની પૂર્ણતાએ તપનું દ્યોતક અને શાસનનું પ્રભાવક ઉદ્યાપન-ઉજમણું પણ આવશ્યક અંગ છે આરાધનાનું. ભોજન પછી તાંબુળ અને

શ્રી જિનમંદિર પર કળશ. શિખર સમ.

આવા મહાન મુકિતદાયી, સર્વશ્રેષ્ઠ તપનું ઐહિક ફળ, વગર ઇચ્છાએ પણ આવે જ આવે. પણ ઇચ્છાય તો નહિ જ. તેની પ્રાપ્તિ માટે તેની આરાધના કરવી ફોગ અને વિપરીત અને ઐહિક ફળ પણ પ્રાયઃ સ્ફાર મળે કોને? નિરીહપણે આરાધે એને. સુર-અસુર-નરવરની સંપત્તિઓ આરાધકના ચરણો ચુમે છે. દુષ્ટ કોઢ-ક્ષય-જવર-ભગંદર આદિ મહારોગો એ દિશામાં જ કેમ જુએ? અરે હોય તેજ બિચારા જાય ભાગ્યા. દાસપણું-વિકલઈંદ્રિયો-દુર્ભાગ્ય-અંધત્વ આદિ આવે જ શેના? વળી ખાસ કરીને સ્ત્રીવર્ગને દુર્ભાગ્ય-વિષકન્યાપણું વિધવાપણું, વન્ધ્યાપણું, મૃતબાળક જન્મવાપણું, અસ્તિત્વ જ ન ધરાવે ને? કયા મનવાંછિત ન ફળે?

સ્થિત-ધર્મરત-સાધર્મિક ભકિતકારક શ્રાવકોને ઉદ્દેશીને, શ્રી મુનિચંદ્ર મુનિવર ફરમાવે છે. આ ભાગ્યશાળી, લક્ષણો યુકત છે. થોડા જ કાળમાં શાસનનો મહાપ્રભાવક થશે. આવા શ્રેષ્ઠ સાધર્મિકનું વિશેષે કરીને બહુમાન કરવું તમારે માટે સુયોગ્ય ગણાય. આ પ્રકારનું વાત્સલ્ય શ્રી જિનેશ્વરદેવોએ ઉત્તમ કહ્યું છે. તો પ્રસન્નમના મહાનુભાવ શ્રાવકોએ સુંદર આવાસમાં સબહુમાન બિરાજમાન કર્યા. ધન ધાન્ય-વસ્ત્રાદિથી આવાશ ભરી દીધો. દાસદાસીઓ સેવામાં મૂકી દીધા. આ છે શ્રી સદ્ગુરૂની સમયોચિત ધર્મપ્રેરણા. સુશ્રાવકોની ખડે પગની શાસન સેવા. સાથે જ પુણ્યોદયની મહાપ્રભા. એક જ રાત આડી. અને ગાડી પાટા પર. સાથે જ કન્યારત્ન શુદ્ધ દેવ ગુરૂ-ધર્મની પ્રાપ્તિક હોને સર્વ સમીહિત પૂર્તિ.

જે માતા ન કરી શકે, પિતા ન કરી શકે, કે બંધુ-

વર્ણ ન કરી શકે, તે 'વાત્સલ્ય' સુશ્રાવક કરી શકે, કારણ કે ત્યાં ભક્તિભાવ છે. ધર્મપ્રેમ છે. શ્રી જિન આજ્ઞાનું પાલન છે. સંસારી સંબંધી જે કરે તે પાછળ મોટે ભાગે મોહ અને સ્વાર્થ ઉભેલો છે. જ્યારે સાધર્મિક વાત્સલ્ય પાછળ નિઃસ્વાર્થ નિર્મળ પ્રેમ-ભક્તિનું સંગીત છે. સાત્વિક પ્રેમનું ઝરણું છે.

હવે રાણાઉંબર, મયણાના વચનથી અને ગુરુઉપદેશથી શ્રી સિદ્ધચક્રની પ્રસિદ્ધ પૂજાવિધિ રૂડી રીતે શીખે છે. આસો માસમાં તેની તપ પૂર્વક આરાધના કરે છે. પુણ્યોદય પ્રગટતો જાય છે. પહેલે જ દિવસે અનેરી સ્ફૂર્તિ અનુભવે છે. બીજે ત્રીજે....અને નવમે દિવસે કંચનવર્ણી દેહ. સાક્ષાત્ દેવકુમાર. સૌને આશ્ચર્ય. નહિ આશ્ચર્ય મયણાને. જાણે છે પરમ પ્રભાવ શ્રી નવપદજીનો. આતો હજુ પાશેરામાં પહેલી પુણી છે. કેઈક આશ્ચર્યો જન્માવાના છે. સાતસો ન્હવણ-જળથી સીંચાયા. સર્વ નીરોગી બન્યા સાથે જ ધર્મમાં પણ રૂચીવાળા બન્યા.

મયણા સાનંદ સ્વામીને કહે છે. સઘળો પસાય છે ગુરૂદેવનો–માતા પિતા પુત્ર અને સગોભાઇ પણ જે ઉપકાર ન કરી શકે, તે નિષ્કારણકરુણાવંત ગુરુ જીવો પર કરી શકે છે. આ પ્રમાણે દેવગુરુ ધર્મનો સર્વોત્કૃષ્ટ પ્રભાવ સમજીને કુમાર, સર્વમાં ભક્તિપર બન્યા.

ધર્મના પસાયે સુખ અને સુખમાં ધર્મની સતત આરાધના. પ્રભાત એક સુંદર ઉગ્યું. દંપતી દેરાસરમાંથી બહાર નીકળે છે. ત્યાં એક આધેડ ઉમ્મરની સ્ત્રી સન્મુખ આવી રહી છે. કુમાર એકદમ પગમાં પડે છે. રોમાંચિત બની બોલે છે. વાદળા વગરની વૃષ્ટિ થઇ. માતાજીના દર્શન

પામ્યો. મયણા સમજી ગઇ. સાસુજી પધાર્યા છે પગે પડે છે. ત્યાં તો કુમાર કહે છે મા, આ સઘળો પ્રભાવ તારી પુત્રવધુનો છે. હકિકત તે આનું નામ !

આશીર્વચન ઉચ્ચાર્યા પુત્રવધુ માટે. બન્નેને અભિનંદે છે અને કથની પોતાની કહે છે. કોસાંબી પહોંચી. પ્રભુ મંદિરે મુનિવર દીઠા. ક્ષમાના ભંડાર ઇંદ્રિયોને દમનાર. પ્રશમના પ્રકર્ષે કરી શાંત. ઉપયોગમાં પૂરા. ૫. સમિતિ ૩ ગુપ્તિના પાલક કરૂણારસ સાગર. ગુણનિધાન. જ્ઞાનની સાક્ષાત્ મૂર્તિ. ધર્મ સાંભળ્યો. પ્રસંગ પામીને પૂછ્યું. ભગવન્ મારો પુત્ર ક્યારે નિરોગી બનશે. મુનિવરે ફરમાવ્યું. તેજ કોઢિયાએ તેને પાછો રાખ્યો છે. પોતાના સ્વામી તરીકે સ્થાપ્યો છે. 'ઉંબરરાજ' તરીકે પ્રસિધ્ધિ પામ્યો છે. માલવદેશાની પુત્રીને પરણ્યો છે. રાજપુત્રીના વચને ગુરૂપદિષ્ટ સિધ્ધચક્રની આરાધના કરી છે. કનકવર્ણી કાય ધર્મ પસાયે બની ગઇ છે. સાધર્મિકોએ સન્માનેલ છે. વૈભવની ખામી રાખી નથી. સુધર્મનું પાલન કરતો સુખમાં વિલસે છે.

આ સાંભળી હર્ષિત ચિત્તા અહીંઆ આવી ગઇ છું. તને પત્ની સાથે જોયો. ચંદ્રજયોત્સ્ના સહ શોભે તેમ તું શોભે છે. તો હે વત્સ તમે બન્ને ચીર કાલ જીવો, આનંદ પામો. આજ જિનધર્મ મારૂં શરણુ થાઓ. હું ભાવપૂર્વક તે હૃદયમાં સ્થાપુ છું. જિનરાજપાદ પદ્મની સેવા. ગુરુભક્તિ આદિ ધર્મને સેવતા ત્રણે જિનધર્મોક્ત શાસ્ત્રવિધિ કુશળ બન્યા. એક દિવસ ત્રણે અંગપૂજા–અગ્રપૂજા કરી, ભાવપૂજા કરતા, પૂરા ઉપયોગથી દેવવંદન કરી રહ્યા છે.

એક શુદ્ધ દીવો અનેક દીવા પ્રગટાવે. એક મયણાએ સારાએ વર્ગમાં શુદ્ધ ધર્મની જ્યોત પ્રગટાવી. હવે એજ સુશ્રદ્ધાળુ મયણાના પુણ્ય પ્રકર્ષે, પોતાનો પિતા રાજા, સારીએ પ્રજા, અને એજ હાજીયા સભાસદો શ્રી વિશ્વતારક જૈનધર્મની ભૂરિભૂરિ પ્રશંસા કરતા થવાના છે. અરે ખૂદ રાજા 'કર્મસત્તાને દઢપણે માનતો થવાનો છે. આસ્તે કદમ તે પ્રસંગ આવે છે. તે પહેલા મયણાની માતાનો શીલપ્રેમ, કુમારનો માતાપ્રેમ, મયણાની નમ્રતા અને પ્રસંગે સત્ય સોંસરૂ ઉતારવાની કળા, આપણે ધ્યાનપૂર્વક નીરખવાના છે. આ તો છે શ્રી જૈનશાસન.

મયણા ઉંબરરાણા સાથે રાજદરબારમાંથી, અને તેજ દિવસે માતા રૂપસુંદરી રાજવીને છોડીને સ્વભ્રાતા પુણ્ય-પાલને ત્યાં. મયણાની દઢતાથી પોતે પ્રમોદિત છે. પરિણામે જે બન્યું તે ખેદ નીપજાવી જાય. ધીમે ધીમે ખેદ ઓછો થયો. વિવેક જાગૃત થયો. જિન ચૈત્ય જુહારવા જાય છે. ત્યાં ચૈત્યવંદન કરતા કુમારને, દેવરૂપમાં જુએ છે. પાછળ તેમની માતા અને સ્ત્રી છે. પીઠ પરથી સ્ત્રી પોતાની મયણા લાગી. ધારીને નીરખે છે. ત્યાં તો ભારે આઘાત થાય છે. આ આર્ય નારી ને? મારી મયણા અને અન્ય પુરૂષ સાથે. સંભવે નહિ કદી મયણામાં, પણ પ્રત્યક્ષ જોઇ રહી છું. આ ભવ નાટકમાં શું ન સંભવે! કુલને કલંક લગાડયું. જિન ધર્મને ડાઘ આપ્યો. આ પુત્રી મરણ પામી હોત તો આટલું દુઃખ ન થાત. ખરેખર મારી કુક્ષી પર વજ્ર પડ્યું. દુઃખનું દર્દ ડુસકાના રૂપમાં અને કરૂણ રૂદનમાં પરિણમ્યું. વાચાકુટી. ધિક્ ધિક્, વિચક્ષણા એવી આણે કર્યું શું? મયણાને કાને અવાજ પડયો. વિચક્ષણાએ પ્રસંગ પારખી કાઢયો. માતાનો

અભિપ્રાય સમજી ગઈ. ચૈત્યવંદન કરી લીધું. હસ્તદ્વય જોડીને, વિકસિતવદના માતાને કહે છે. મા, હર્ષને સ્થાને વિષાદ શો? એ જ તારા જમાઈ નીરોગી બન્યા છે. વળી તમે જે વિકલ્પ કરો છો, તે તો સૂર્ય પશ્ચિમમાં ઉગે, પણ મયણામાં સંભવે જ નહિ.

કુમારની માતા બોલ્યા. મનમાં બીજો વિચાર જ ના કરો. તમારી પુત્રીના પ્રભાવથી મારો પુત્ર સુંદર બન્યો છે. ખરેખર તમે ધન્ય છો. કૃતપુણ્ય છો. જેની કુક્ષીએ આવું ઉત્તમ કન્યારત્ન ઉત્પન્ન થયું છે. સાક્ષાત્ ચિંતામણીરત્ન. શીલનીખાણમાંથી ઉત્પન્ન થએલું. હર્ષના આવેશમાં રૂપસુંદરી પૂછે છે આ બધી વાત છે શું? પણ મયણા 'નિસીહિ'ની વિધિની જાણ કહે છે. જિનચૈત્યમાં વાર્તાલાપ વિધનો ભંગ કરે છે. માટે ઘેર જઈ સઘળો વૃત્તાંત કહીશું. બધા ઘેર અને વૃત્તાંત શ્રવણ. તે સાંભળીને ભારે તુષ્ટિ પામેલ રૂપ-સુંદરી કુમાર માતાને પૂછે છે. હે સખિ, તમારા નંદનની વંશોત્પત્તિ સાંભળી શકું? કુમાર માતા કહે છે.

અંગદેશ. નગરી ચંપા. શત્રુઓથી અજેય. સીહરથરાજા-તેમની પ્રિયા કમળપ્રભા. લાંબે કાળે ઉત્તમ સ્વપ્નસૂચિત પુત્ર જન્મ–રાજાનો શુભ વિચાર. રાજ્ય લક્ષ્મી પાલનમાં શૂર થશે કુમાર. નામ હો માટે શ્રીપાળ. શ્રીપાળ બે વર્ષનો અને પિતાનું 'મૃત્યુ.' રાણીનું રૂદન. મંત્રી મતિસાગરનું ધૈર્ય. ધાત્રી અંકસ્થિત શ્રીપાળનો રાજ્યાભિષેક. મંત્રી સુરાજ્ય ચલાવે છે. શ્રીપાળના કાકા અજીતસેન. સામંતો ફોડે છે. મંત્રીના વધ માટે વિચારે છે. મંત્રીને જાણ થાય છે. રાણી કમળપ્રભાને ખ્યાલ આપે છે. ગમે તેમ કરીને પુત્રની રક્ષા કરો. 'જીવતો નર ભદ્રા પામે.' પુત્રને લઈને અત્યારે જ

ભાગો. હું પણ ચાલ્યો જઈશ. રાત્રે એકાકિની પુત્ર સાથે નીકળી ગઈ. સુકુમાલ શરીર. કેડે પુત્ર. કાંટા–કાંકરા અને ઝાંખર. પગમાં લોહીની તસર. ચારે બાજુ ભય. પણ ભાગવાનું જ.

ચિંતાનો પાર નહિ. દુઃખના ડુંગર ખડા થયા. જવું ક્યાં? રસ્તામાં મળ્યા કોઢીઆ સાતસો. તે જોઇને ભયભીત રાણીનું રૂદન. દેહ કંપે છે. સાથે મહામુલ્યવાન્ અલંકારો પણ કમ્પે જ. પણ તે લોકો કરૂણાથી રડવાનું કારણ પૂછે છે. નિર્ભય બનવાનું સમજાવે છે. સગી બહેનની જેમ રક્ષે છે. એક ખચ્ચરી પર બેસાડે છે. રાણી પોતાના સર્વ અંગ ઢાંકી બેસી જાય છે. સુખે સાથે સાથે જાય છે. ત્યાં આવી ચડ્યા અજીતસેનના સુભટો. કોઢીઆઓએ યુક્તિથી વિદાય કર્યા. કુમારનું રક્ષણ થઈ ગયું. ઉજ્જયની નગરીએ આવ્યા. આભૂષણ વેચી પૈસા કર્યા. કુમાર યુવાન થયો. પણ પૂર્વ ભવ પાપે કરી 'ઉમ્બર' એક પ્રકારનો કોઢ લાગુ થયો. ઉપચારો કારગત ન થાય. સાંભળ્યું કે કૌશામ્બીમાં ઉત્તમ વૈદ્ય છે. અઢાર જાતિના કોઢને નિવારે છે. કમળપ્રભા કૌશાંબીમાં. વૈદ્ય યાત્રાએ ગએલ. લાંબો વખત રાહ જોવી પડી. ત્યાં તો જ્ઞાનીગુરૂ મળ્યા. પુત્ર નિરોગી થયાનો વૃત્તાંત કહ્યો અને પાછી ફરી પુત્ર દર્શન પામી. તે આ પુત્ર શ્રીપાળ છે.

રૂપસુંદરી સાનંદ અભિનંદે છે. પુત્રીના પુણ્યને પ્રશંસે છે. પુણ્યપાલને સઘળી વાત કરે છે. હર્ષ સહ મામા ભાણી અને ભાણેજ જમાઈને સ્વ ઘરે લાવે છે. માતા તો સાથે હોય જ. ઉત્તમ આવાસ સજ્જ કરે છે. ધન ધાન્ય

સુવર્ણ સઘળું છે. સ્વર્ગનો જાણે દેવ જ જોઈ લ્યો શ્રીપાળને. ગોખમાં બેઠા છે. મયણા અને શ્રીપાળ. રાજમાર્ગ પરથી પસાર થાય છે રાજા. નજર પડે છે ઝરૂખા પર. મયણાને જોતાં જ આઘાત અનુભવે છે. શેનો?

છે તો આર્ય રાજાને? નાસ્તિક પણ મર્યાદામાં માનનારો. કુળવટમાં રાચનારો. શીલ સંયમને પ્રશંસનારો. વિચારે છે. મયણાએ મદનને વશ બની કુલને મેલું બનાવ્યું. અરે. પ્રથમ તો કોપાંધ એવા મેં અજુગતું કર્યું અને બીજે નંબરે વધુ અજુગતું આ કામાંધ દીકરીએ કર્યું. વિશાદથી ઘોડા પર જ સ્થિર થઈ ગયો. આ હતું આર્યાવર્તનું આર્યલક્ષણ. ધર્મ નહિ તો ધર્મના આછા તેજ છાયા તો ખરા જ. પુણ્યપાલે સઘળું જોયું. સઘળો વૃત્તાંત કહ્યો. રાજા આવાસ પર ગયો. ત્યાં તો કુમાર મયણા સહ પગે પડયો. વિનય તો મોટા જ કરી જાણે. મન મોટાને?

લજ્જાનત મુખે રાજા બોલે છે. અવિવેકી એવા મને ધિક્કાર હો. માનનું ઝેર મને ચઢયું. ભાન ભૂલ્યો. ભયંકર અકાર્ય કરી નાંખ્યું. દીકરી, તું ધન્ય છો. કૃતપુણ્ય છો. તું જ વિવેકી છો. તુંજ તત્ત્વની જ્ઞાતા છો. ખરેખર જબ્બર તત્ત્વશાળી તુંજ છો. મારા કુલનો ખરેખર, દિકરી, તેં ઉદ્ધાર કર્યો છે. તારી માતાને તેં પ્રશંસાપાત્ર બનાવી છે. જિનધર્મના ઉધ્ધાર કરનાર તુંજ એક ધન્યવાદને પાત્ર છો. અજ્ઞાન અંધકારમાં હું બુડી ગયો. ભયંકર અહંકારમાં ચઢી ગયો. વિવેક વિહીન બની મોટો અપરાધ કર્યો. દિકરી, તું મને ક્ષમા આપ. ક્ષમા આપ.

**આ છે માણસાઇનો દીવો.** સાચો હૈયાખોલ પશ્ચાતાપ. સાચી અતિશયોક્તિ વગરની પ્રશંસા. પોતાની જ

દીકરીની. આર્યાવર્તના અણુ અણુમાં ફેલાઈ રહેલ ફોરમનો આવિર્ભાવે. ભૂલ પછીની કબુલાત અને નિર્મળ ભાવે. ક્ષમાયાચના અને દીકરી પાસે. તે પણ એક રાજવીપિતાની. તત્વ-સત્ય પ્રત્યેના બહુમાન સાથેની પરિવાર સમક્ષ એનું મૂળ છે મયણાની વિનયયુકત દૃઢતામાં. સત્યપાલનના નિર્ભેળ અડોલ સત્ત્વમાં. ધન્ય આર્યાવર્ત.

વિનયથી નમીને મયણા કહે છે. પિતાજી ! ખેદ કરવાનું કારણ નથી. મારા કર્મથી સઘળું બન્યું છે. કોઈ કોઇને સુખ કે દુઃખ આપી શકતું નથી. સ્વકર્મના જ ફળ પ્રાણી માત્ર ભોગવે છે. ખરેખર કોઈએ ગર્વ કરવા જેવો નથી. કે મારા પ્રતાપે આમ બન્યું. મોટા મોટા દેવો અને ઇંદ્રોના પ્રયત્ન પણ પુણ્ય પોતાનું જાગતું ન હોય તો વિફળ બને છે.

હું તો આપને વિનવું છું કે ઉત્તમ એવા જિનધર્મને સમજો. જે જાણવાથી શ્રેષ્ઠ લાભ થશે. કર્મ અને જીવનું બલાબલ સમજાશે. બન્ધ અને મોક્ષના તત્ત્વ સમજાશે. રાજા ધર્મને અંગીકાર કરે છે. કહોને કે સમ્યગ્દર્શન પામે છે. અને પછી ઉચ્ચારે છે. પત્થર માની હાથમાં ધર્યો. પણ નીકળ્યો 'ચિંતામણિ.' સિંહરથ રાજાના પુત્ર મારા જમાઈ. ખરેખર અણચિંતવ્યું સુંદર બન્યું. ગજરાજ પર અંબાડીએ બેસાડ્યા બન્નેને. શોભાયાત્રા અદ્ભૂત. નગરના મુખ્ય માર્ગો પર ફરી. જ્યાં જુઓ ત્યાં અભિનંદનના–પ્રશંસાના સૂર. મયણાના સત્વ અને શીલની પારાવાર પ્રશંસા. સાધુવાદ પ્રસર્યો. જિનધર્મની અનુપમ પ્રભાવના અને....અને મયણાનો ધર્મ આનંદ !

આવા સર્વશ્રેષ્ઠ માનવ સૌંદર્યથી ભરી ભરી હતી અમારી 'મહાશ્રાવિકા મયણા સુન્દરી!' ધર્મ એનો પ્રાણ. સત્ત્વ એનો દેહ. શીલ એનો શણગાર. વિવેક એની દેહ સુગંધ. વિનય એજ એની ચાલ. સેવા-ભક્તિ એનું રૂપ. સમ્યગ્દર્શન એની શ્રેષ્ઠતા. પુણ્યોદય એની પરિપકવતા. પાપ ભીરૂતા એજ લક્ષણ-લાખેણું હતું એ જીવન! નાનું સરખું એનું કવન. કરજો મનન. બનજો ધન્ય....ધન્યતા છે ધર્મ પાલનમાં. ધર્મ છે શ્રી જિનદેવની આજ્ઞામાં. આણાએ ધમ્મો. દાન-શીલ-તપ-ભાવ ધર્મ ખરા પણ પ્રભુ આજ્ઞાયુક્ત હોય તો દાન ધનની મૂર્ચ્છા ઉતારવા, શીલ સંયમી બનવા, તપ આહાર સંજ્ઞા ટાળવા, ભાવ ભવનો સંસારનો અન્ત આણવા. તે માટે સર્વશ્રેષ્ઠ ધર્મ સાધુપણું. તે માટે શુધ્ધ અનુષ્ઠાન આરાધના. કેવી? 'મહાશ્રાવિકા મયણા સુંદરી'એ આરાધી તેવી.

આર્યાવર્તના ઝળહળતા મણિ—

મહારાજા શ્રી શ્રીપળ—

પિતાએ હર્ષથી નામ પાડયું શ્રીપાળ. બાળવયે બન્યા રાજયશ્રીના માલિક. પણ પુણ્ય પાપના પડછાયા. માતાની ગોદમાં અંધારી રાતે ગામ બહાર અને વેરાન પ્રદેશમાં પુણ્યે કર્યું રક્ષણ પણ કોઢિયાના સમૂહમાં. દુઃખ નામ નહિ. માન પુરૂં. પણ રોગ લાગુ થયો ઉંબર કોઢનો. કોઢિયાએ માગી કન્યા. અને મળ્યું સર્વશ્રેષ્ઠ કન્યારત્ન-કોઢ ભર્યા દેહે.

વય યુવાન. પણ આર્યાવર્તના લોહીની. 'કાગડાની ડોકે રત્નમાળા ન શોભે.' કેવો ઉત્તમ વિવેક. વિષય લોલુપતાનો

કેટલો અભાવ. પરને રોગથી—દુઃખથી બચાવાનું કેટલું ધ્યાન. છે તો રાજબીજને ? માતા કમળપ્રભાનો પુત્ર. પણ પુણ્ય જ સંયોગ ઈચ્છે છે. મયણા સ્વયં પકડે હાથ.

અને પહેલી રાત્રી ! કન્યાને પાછી ફરવા સમજાવે. સુયોગ્યને ભજવા ભલામણ કરે. ચેપી રોગનો ખ્યાલ આપે. પોતે મનથી નથી સ્વીકારી એમ કારણ આપે. આ બધા પાછળ કરૂણા અને ત્યાગના બીજ પડયા જ છે ને ? ઉત્તમની ઉત્તમતા !

અને મયણાનું પાયપડણું. ફરીથી આમ ન બોલવા વિનંતિ. તે સાથે જ મયણાને હિતકાંક્ષિણી માની ગુરૂસ્થાને હૈયામાં સ્થાન. મયણા કહે અને કરે તે પ્રમાણ. કેટલો નિર્મળ અહમ્‌નાશક ભાવ ! પ્રાળઃકાળ અને પરમાત્માના દર્શન અધિષ્ઠાયક તેજ પળે પ્રસન્ન. પુણ્યોદયનો પ્રગટ પરચો. ધર્મની પ્રગટી ઉષા. એ ઉષાના આછા અજવાળામાં ગુરૂદેવના દર્શન. મર્દન પૂર્વકર્મોનું. પ્રાપ્તિ નવપદ મહા-મંત્રની, અનુપમ અલિખિત યંત્રની.

સહારો અપૂર્વ સહચરીનો. સહચરીના સંભારણા. સહચરીના સહકારે ધર્મ ભાવના-ધર્મ પાલના. રોગ ચાલ્યો. પાપની કાલિમા નાઠી. પુણ્યની પ્રભા પ્રગટી. પુણ્ય તેજ વિસ્તર્યા-નિરોગી-રૂપવાન્‌-તેજોમયદેહ. સાક્ષાત્‌ રાજકુમાર. જાણે દેવનો અવતાર. માતાનો મેળાપ. માતા અદ્‌ભુત વાત્સલ્યભરી—પત્ની સાક્ષાત્‌ વિનય વિવેકની મૂર્તિ. આ બધો પુણ્યનો પ્રકાશ.

ત્યાં મામાજી પુણ્યપાલના વધામણા. સુખમાં વિલસવું અને ધર્મના રંગે રહેવું. રાજા કરે સન્માન. પોતાના મનમાં

નહિ માન. બધો દેવી મયણાનો પ્રતાપ. એનું પુરેપુરૂં ભાન હવે આવે છે.

ફરવા નીકળ્યા છે કુમાર. શ્રીપાળ જેનું શુભ નામ. મુખમાં સદા રહે છે પ્રભુનામ. પરિવાર સાથે છે તમામ. હર્ષ ભર્યા હૈયે સૌ નીરખે કુમાર. કરે પ્રશંસા પુણ્યની. પામેલ સૌભાગ્યની. ત્યાં એક ગામડાનો માનવી. પૂછે શહેરના નાગરીકને, કોણ છે આ કુમાર ? ઉત્તર મળ્યો. 'અમારા રાજવીના જમાઇ.' કુમારના હૈયે પડયો ઘા. સસરાને નામે ઓળખ ! અધમતાની નીશાની. પિતૃ નામે પરિચય મધ્યમ. સ્વનામે ખ્યાતિ ઉત્તમ. વાટિકા વિનોદ ઉડી ગયો. તૂર્ત ઘરે પાછા વળ્યા. પુણ્યપુરૂષોના આઘાત જુદા–રહેણી અનેરી.

પુત્રના મોં પર વિષાદ. માતા પારખી ગઇ. પારખેજ ને ? માતા છે વિનયી–પુત્રની. બેટા કાંઈ વ્યાધિ ? કોઇએ ઉત્થાપી આજ્ઞા ? અસંભવિત છતાં કર્યો કોઇએ પરાભવ ? કોઈ કન્યારત્ને આકર્ષ્યો ? પત્નીકૃત અવિનય તો હોય જ નહિ કારણ કે આ તો મયણા આજ્ઞાકારી. ગમે તેમ હો. તારી કાંતિ ઝંખવાઇ છે.

મા, આમાનું કાંઈ નથી જે છે તે સાંભળો. સ્વગુણથી નહિ. પિતાને નામે નહિ. મા, તમારા ગુણોથી નહિ. પણ મારી ખ્યાતિ સસરાને નામે. માટે હવે શ્વસુર વાસ સાલે છે. તો અવસર પામી માતા કહે છે. હસ્તી-અશ્વ–રથ–પદાતિ ચતુરંગીસેના સહિત તારા પિતાનું રાજ્ય પાછું મેળવી, મારા હૃદયના શલ્યને દૂર કર. માતાજી, સસરાના બલે તેમ કરવા મન માનતું નથી. સ્વયંબળે લક્ષ્મી પેદા કરશું, પિતાનું રાજ્ય પ્રાપ્ત કરશું, ત્યારે જ ચિત્ત શાંતિ

પામશે માટે પરદેશ જઈશું. ભાગ્ય અજમાવીશું. આપના આશીર્વાદે શીઘ્ર તૈયાર થઈ પિતાનું રાજ્ય મેળવશું.

માતા મોહથી કહે છે. બાળક જેવો સરળ તું. સુકુમાળ શરીર અને પરદેશભ્રમણ. વિષમ દુઃખો ઉભા થશે. મા, એવું છે જ નહિ. ધીર બનેલાને વિષમતા છે જ નહિ. ભલે ભાઇ, પણ સાથે આવશું અમે. મા, તો તો હું બંધનમાં રહું. છૂટથી ધાર્યું ન કરી શકું. ત્યાં મયણા કહે છે. સ્વામિન્ હું આપને સાથ આપીશ. દેહની છાયા જરાએ અડચણ રૂપ બને છે? તેમ હું આપની છાયા બનીશ. સુંદર વાત. પણ ઉત્તમ ધર્મમાં તત્પર દેવિ, મારા વચનથી તમારે તો માતાજીની સેવામાં અહીં જ રહેવાનું છે. સત્ય છે સ્વામી. સુશીલનારી પતિનો પરદેશ પ્રવાસ ન ઇચ્છે છતાં આપની આજ્ઞા એજ મારે પ્રમાણ. પરંતુ મારી એક વિનંતિ. 'આપે અરિહંતાદિ નવપદને એક ક્ષણ માટે પણ મનથી ભૂલવાના નહિ.' આપના માતાજીને જ્યારે સંભાળો ત્યારે આ દાસીને પણ સંભાળજો.

શું ગજબનો છે આર્યાવર્તનો આ વાર્તાલાપ. પુત્રને મન માતા સર્વથી પહેલી. પત્ની, હૈયાની દેવી, પણ માતાની સેવિકા. પત્ની આજ્ઞાને વધાવનારી. જરાએ આગ્રહ નહિ, સાસુની સેવામાં સમર્પિત. અને ભલામણમાં હૈયાનો તારક ભાવ. અને તે પણ વિનંતિ રૂપમાં કેટલો ઉંચો આદર્શ. ઘર પણ સ્વર્ગ આમજ બને ને? સંસાર પણ સુખની ખાણ આમ જ બનાવાયને. ચોવીસે કલાક, હરકોઇ કાર્યમાં પ્રભુ આજ્ઞા રૂપ ધર્મ આંખ સામે, કેવું સુંદર પ્રયાણ તિલક કર્યું. નવપદજીની સતત યાદનું. જિનધર્મ પ્રાપ્તિનું પ્રત્યક્ષ

ફળ આ છે. સમાધિમય હૈયા, પરસ્પરની ફરજ બજાવતા હૈયા. ધર્મની પ્રેરણાપાતા હૈયા. સંભારણામાં પણ પહેલા માતાજી પછી હું. વાહરે પૃથ્વી પરની પવિત્ર દેવિ ?

સંસાર સ્વાર્થ અને મોહથી ભરેલો છે. દુન્યવી ઉન્નતિ ખાતર પુત્રના પરદેશગમન વધાવાય છે. દરીયાની ખેડ મંજુર કરાય છે. પણ તેજ સંતાન મહાપ્રભુના વૈરાગ્ય માર્ગે જવા તૈયાર થાય તો ? શ્રીપાળને માતાએ તિલકમંગળ કર્યાં. માતા સાથે જ હૈયા ધારણ આપે છે. તારા શ્રેયસ્ માટે નવપદજીનું હું ધ્યાન કરીશ. મયણા પણ તેજ પ્રમાણે મંગળ વાત કરે છે. માતાના પાદકમળમાં નમીને અને પત્ની સાથે આનંદ આલાપ કરીને, પ્રયાણ કર્યું. સાથે છે તલ્વાર. ચંદ્રનાડી ચાલી રહી છે. ડાબો પગ ઉપડયો.

અનેક શકુનો અને મંગળો પુણ્યવાનને સાંપડે છે. શુકન જ્યોતિષ-દ્રવ્યમંગળો પાછળ પરમાણુનો ફળ પ્રભાવ છે. પરમાણુ શુભ યા અશુભ, શુભ યા અશુભ ફળની આગાહી કરે છે. તેવા પ્રકારના ફળને નિપજાવનાર બને છે. કોઇ આત્મા તથા પ્રકારના ઉત્કૃષ્ટ પરિણામોની શુભવિચારણા દ્વારા અશુભને પણ શુભમાં પલટાવે એ એક આત્માની પ્રબળતા વિશેષ છે. જૈન આગમો અને આગમોને વફાદાર શાસ્ત્રોમાં આલેખાએલું છે. પ્રશ્ન માત્ર સદુપયોગ દુરપયોગનો છે. આત્મકલ્યાણના હેતુથી, સંસારની કારમી મુસાફરી ટુંકાવવાના ધ્યેયથી, જન્મમરણનો અંત આણવા માટે, શકુનાદિ શાસ્ત્રોનો ઉપયોગ સદુપયોગ છે. સંસાર–વર્ધક પ્રવૃત્તિ માટે એજ સાધનોના ઉપયોગ દુરૂપયોગ છે. બાકી સર્વજ્ઞના શાસનમાં જ્ઞેય રૂપે કાંઈજ બાકી રાખ્યું નથી.

શ્રીપાલકુમાર હવે સ્વતંત્ર પણ સાનદાર મુસાફર છે. ગામ–નગરપુર–પટ્ટણમાં ભમતા–ફરતા, પુણ્ય પ્રકર્ષને પામવાના છે. વિઘ્નો સુખને માટે થવાના છે. આફ્તો અફલાતુન સંપત્તિમાં જન્મવાની છે. કારણ કે હૈયામાં નવપદજી રમે છે. નવપદજી પાસે આશ કંઇ નથી. માંગવું કાંઈ નથી અને મલવાનું બધું છે. પ્રાણાંત કષ્ટો પણ આવવાના છે. તેવે ટાઈમે પણ 'નમો અરિહંતાણં' મહાપદ જ મુખમાંથી સ્વાભાવિક નીકળવાનું છે.

સારાએ દેશાટનમાં, 'ધવલ' શેઠ–જુઠ–માયા–કપટનું ઘેરૂ પાત્ર સાથે રહેવાનું છે. ઉપકારી પર અપકાર કર્યા કરવાનો સ્વભાવ શું શું ના કરે? પ્રત્યક્ષ દાખલો 'ધવલ' દેખાશે. નામ 'ધવલ' છાયા શ્યામ. હૈયું કાલિમાયુકત. **મોં મીઠો હૈયે ધીઠો.** પાપની પ્રત્યક્ષ મૂર્તિ.

પુણ્ય પાપના ઓછાયા નિરખવા મળશે. પુણ્ય તત્ત્વનો જવલંત પ્રકાશ, વાંચકને આંજી નાખશે. વગર મહેનતે, સામે આવીને, સંપત્તિ કેવી રીતે પગ ચૂમે છે, તેવા પ્રસંગો આશ્ચર્ય પમાડશે. સાચા પુણ્યવાન્ શ્રીપાળની ઉદારતા, ઉત્તમતા, પરોપકારરતતા, કરૂણારસભર હૈયું, વિ. વિ. ઘણું ઘણું, હૈયે ધારણ કરી અમલમાં મૂકવા યોગ્ય, આ ઝળહળતા મણિના તેજમાંથી મળશે. **કથા સાહિત્ય એ સાધન છે. કર્મોને વિદારવાનું.** કથા કહી જાય છે. આત્માની અનાદિકાળની કથની. પેદા કરે છે પ્રમોદ અને આત્માનો વિકાસ,

શ્રીપાલ ગિરિપ્રદેશમાં આવી પહોંચે છે. વનપ્રદેશ જાણે નંદનવન–કલરવ કરતી કોયલો. ચંપાનું વૃક્ષ. વૃક્ષ નીચે જાપ અને ધ્યાનમાં લીન. એક દેખાવડો માનવી. ધ્યાન પુરૂ થતાં

કુમાર પૂછે છે. કોણ છો? શેનું ધ્યાન ચાલે છે? એકલા આ વનમાં શા માટે? ઉત્તર મળે છે. ગુરૂ આપી વિદ્યા સાધુ છું. મન સહાયક ઉત્તર સાધક પુરૂષ વિના સિધ્ધ થતી નથી. આપ સહાયક થાવ તો સિદ્ધિ થાય. ઉદાર શ્રીપાલ ઉત્તર સાધક. તેજ રાત્રે વિદ્યા સિધ્ધ થઇ. તૂર્ત જ બે ઔષધિઓ કુમારને આગ્રહ કરી આપી. એક 'જળતારણી.' બીજી શસ્ત્ર નિવારણી.' સુવર્ણ તામ્રરૌપ્યના પતરામાં મઢેલી રાખવાની.

પર્વત તરફ બન્ને ચાલ્યા. ત્યાં રસસિધ્ધિ સાધકો હતા. તેઓ કહેવા લાગ્યા. આપના કહ્યા કલ્પે પણ સુવર્ણોત્પાદક રસ બનતો નથી. કુમારે કહ્યું મારા દેખતા એક ફેરા યત્ન કરો. રસસિદ્ધિ થઇ ગઈ. કુમારને સુવર્ણ આપતા ના પાડે છે. પરંતુ આગ્રહ પૂર્વક છેડે બાંધી દે છે. કુમાર ભૃગુકચ્છ-ભરૂચ નગરે આવે છે. વસ્ત્રાલંકાર ખરીદે છે, ત્રિધાતુમાં બે ઔષધીઓ રક્ષિત કરી હાથે બાંધી દે છે. આનંદપૂર્વક નગરનું અવલોકન કરે છે.

હવે આવે છે કોસંબી નગરીનો કૂબેરસમ શેઠીયો 'ધવલ' ક્રોડો. ગમે ધનવ્યયથી વેપાર કરવા અનેક વણિક-પુત્રો સાથે ભરૂચ આવેલ છે. ઘણો લાભ થયો વેપારમાં, પણ અતિલોભી. વહાણો અનેક સજ્જ કરાવે છે. તેમાં એક મોટું ૧૬ કૂપસ્તંભ-યુક્ત વહાણ પણ છે. કૂલ્લે એક સો સફરી વહાણો છે. ૧૦૮ નાવિકાઓ છે. ૮૪ દ્રોણનામની છે, ૬૪ 'વેગડ' જાતની છે. ૫૪ સિલ્લસંજ્ઞ. ૫૦ 'આવર્ત' નામની છે. ૩૫ 'ક્ષુરપ્ર' જાતની પણ છે એમ જુદી જુદી જાતના ૫૦૦ વહાણોમાં, રાજાજ્ઞા મેળવી, કરીયાણા વિ. વ્યાપારની સામગ્રી ભરે છે, નાખુદા, માલિમ, નાવાધિકારી, વણિકપુત્રો

સંખ્યાબંધ સાથે છે, દશ હજાર તો શસ્ત્રસજ્જ સૈનિકો રક્ષા માટે સાથે છે.

છત્ર–ચામર–વિવિધ જાતી આભૂષણોથી શોભિતા તે યાન-પાત્રો આકર્ષક દેખાવ આપી રહ્યા છે. મહાસઢ દોરડા–લો-ખંડી નંગર–દુન્દુભિ આદિ તો હોય જ. ખોરાક–ભાથુ–જળ–બળતણ પુરેપુરા સંગ્રહી લીધા છે. દેવદેવીને બાકુલાદિના બલી ધરવામાં આવ્યા. મંગળ વાદ્યો વાગવા લાગ્યા. પણ ઘણા પ્રયત્નો છતાં વહાણો ગતિ જ કરતા નથી. કાળમુખો દેખાવ ધવલનો થઇ ગયો. વહાણમાંથી ઉતરી નગરમાં ગયો. એક સીકોતરી નારીને વિઘ્નનું કારણ પૂછવા લાગ્યો.

સીકોતરી કહે છે. દેવતાએ વહાણ સ્તમ્ભિત કર્યા છે. બત્રીશ લક્ષણા પુરૂષનો બલિ માગે છે. ધવલે રાજાને ભેટણું ધર્યું બહુમૂલ્ય. બલિ માટે પુરૂષની માંગણી કરી, કોઇ પર-દેશી મળે તો ગ્રહણ કરો, બીજો નહિ. શ્રીપાલ આંખે ચઢી ગયા. શ્રીપાલ માટે ફરીથી રાજાનો આદેશ મેળવ્યો. બજા-રમાં બેઠેલ કુમારને ધવલના સુભટોએ ચારે બાજુથી ઘેર્યો. કહેવા લાગ્યો કે ચાલ જલ્દી ચાલ રૂષ્ટ ધવલ શેઠ તારો ભોગ દેવતાને આપશે. પહેલા કહ્યું ન હોતું એમ પાછળથી કહીશ નહિ.

કુમાર કહે છે, હે પામરો, ધવલને જ બલી તરીકે દેવતાને અર્પણ કરો. સિંહના તે બલી હોતા હશે ? સૈનિકો બળ બતાવવા લાગ્યા. સિંહનાદકુમારે કર્યો. શીયાળીઆની જેમ ભાગ્યા. ધવલ પ્રેર્યા રાજાએ પોતાના સૈનિકો મોકલ્યા. તે બિચારા બાપડા બની પાછા ફર્યા. પછી તો ધવલ અને રાજાના બન્ને સૈન્યે મિશ્ર ઘેરો ઘાલ્યો. આદેશ થયો ધવ-લનો. અહીંઆં જ શરીરના કટકા કરી, બલી આપી, દેવ-

તાને તોષ પમાડો. અનેક શસ્ત્રોના ઘા નિષ્ફળ ગયા. કારણ કે મણિ–મન્ત્ર–ઔષધિઓનો પ્રભાવ અચિન્ત્ય છે. કુમારે ધ્યાના ભાવથી કોઇનું જીવીત હણ્યું નહિ. માત્ર કોઇનું નાક, તો કોઇનો કાન, એમ છેદિત કર્યા.

હવે 'ધવલ'ની સાન ઉઘડી. વિચારવા લાગ્યો. આ કોઇ સામાન્ય માનવી નથી, કોઈ દેવ-વિદ્યાધર જણાય છે. કોઇ ચમત્કારી પુરૂષ છે. માથુ નમાવી અંજલિ મસ્તકે કરી વિનવે છે. આપની શકિત જોતાં આપ કોઈ વિદ્યાધર છો. તો કૃપા કરી મારા સ્તંભિત વહાણો ચલાવી દો. **સત્પુરૂષો ખરેખર ઉપકાર કરનારા હોય છે.** કુમાર કહે છે વહાણ તો ચલાવી દઈએ. પણ લાભ શું થશે? એક લાખ દીનાર. કુમાર સ્મિત કરતા ચાલ્યા. લોકતો સાથે હોય જ. ધવલ સાથે આગલા વહાણમાંચઢયા. નિર્યામકો પોતપોતાના વહાણ પર સાબદા બની ગયા. કુમારે નવપદ ધ્યાન કરી, 'હુંકારો' કર્યો. ક્ષુદ્રદેવતા નાઠી. વહાણ ચાલ્યા. જય જયનાદ થયો. ભેરીભુંગલના નાદ થયા. નર્તકીઓ નૃત્ય કરવા લાગી. ગીત–માધુરી ફેલાઇ ગઈ.

મહાસ્વાર્થી 'ધવલ' ચિંતવે છે. આ મહાભાગ સાથે હોય તો દરીઆઈ ખેડ નિર્વિઘ્ન બની જાય. વિનયથી કહે છે, હે કુમાર, દરેકને એક હજાર દીનાર આપી આ દશ હજાર સૈનિકો રાખ્યા છે. તો આપ આવા મહાન્ મહાત્મ્યવાળા કેટલી દીનારમાં સેવા આપી શકો. કુમાર હસીને કહે છે. બધાને આપો છો એનો ગુણાકાર કરો. એટલા મને આપવા પડે. ધવલ આશ્ચર્ય પામે છે. બાપ રે, એક ક્રોડ દીનાર એક લાને. ના....ના....કુમાર, આ બરાબર નથી. દશહજાર દીનાર રાખો કુમાર કહે છે. આપ પિતાતુલ્ય છો. મારે આપની એક દીનાર જોઇતી નથી. મારે દેશવિદેશ જોવા છે. ઉપરથી ભાડું આપીશું, દર માસનું સો દીનાર ભાડું નક્કી

થયું, મુખ્ય વહાણમાં કુમાર આરૂઢ થયા, રત્નદ્વીપ તરફ પ્રયાણ શરૂ થયું,

લોભ કેટલો કારમો છે? દશહજાર દીનાર આપીને કુમારને રાખવા તૈયાર છે. છતાં કુમાર કાંઈપણ લેવાની ના પાડે છે. તો પણ સો દીનાર ભાડુ લેતા કે ઠરાવતા આંચકો નથી આવતો. ખરેખર લોભ કૃતજ્ઞતાને–પરે કરેલા ઉપકારને પણ ભૂલાવી દે છે. ક્રોધને આંધળો કહે છે લોકો. પણ લોભ તો આંખો વિનાનો જ લાગે છે. જુઓ હવે એ લોભનો ઈન્તેજામ. કુમારને તો નથી પડી સોનામહોરોની કે સંપત્તિની પણ આત્મા સાથે વણાએલા પુણ્ય પરમાણુઓ, સંપત્તિ અને સાહ્યબીના ઢેર કર્યા વિના કેમ જંપે?

માર્ગ કાપતા, અનેક પ્રકારની વહાણને વેગ આપનારી, રક્ષા કરનારી, ક્રિયાઓ, તે તે નિયુક્ત માણસો દ્વારા ચાલુ છે. મગરાદિના ઉત્પાત મોટા ઢોલ વગાડી નિવારાય છે. અગ્નિ જ્વાળાઓ બતાવાય છે. ચોરોના–લુંટારાના વહાણો ઓળખાતા, સૈનિકો શસ્ત્રબધ્ધ તૈયારી કરે છે. દૂરથી જ પાછા ફેરવે છે. રાત્રે વડવાનલથી દીશાઓ અગ્નિમય દેખાય છે. અનેક કૌતુકો જોતા કુમાર સુખપૂર્વક બેઠા છે. ત્યાં પંજરિકનો સાદ પડયો. જળ–ઈંધણ જોઈએ તો 'બબ્બરકૂળ' આવી ગયું છે. લોકો હર્ષપૂર્વક ત્યાં ઉતર્યા. દશહજાર સુભટો સાથે ધવલ પણ. હલબોલ સાંભળી, લાગો લેનારા, રાજપુરૂષો, જકાત લેવા માટે હાજર થઇ ગયા.

પણ આતો 'ધવલ.' લાગો આપે એ બીજા. રાજા સ્વયં લશ્કર લઈને આવે છે, પણ એક મારી ના, ઉપરથી પોતાના સુભટોને યુધ્ધ માટે સંકેત કરે છે. તૂટી પડયા રાજસૈન્ય પર. સૈન્ય ભાગ્યું પણ રાજા સ્વયં અશ્વારૂઢ આવ્યો. સૈન્યમાં

જોમ આવ્યું. રાજતેજથી ધવલ સુભટો ભાગ્યા. 'ધવલ' પોતે લડવા લાગ્યો. હાર્યો, બંધાયો વૃક્ષ સાથે. સાર્થની દેખરેખ માટે પોતાના સૈનિકો રોકી, રાજા નગરમાં ગયો. ત્યાં શ્રીપાલે ધવલને કહ્યું. કયાં ગયા સુભટો તમારા? કોટિ દીનારના લેનારા. અરે 'ક્ષત પર ક્ષાર' શું કરો છો? બળેલાને શું બાળો છો? શેઠ તમારૂં ગએલું બધું પાછું કોઈ લાવી આપે, તો શું આપો? સાચુ કહેજો.

અશકય છે કુમાર! છતાં એમ બને તો સર્વમાંથી અડધોઅડધ આપું. સાક્ષી પરમેશ્વર. શ્રીપાળ થયા તૈયાર. હાથમાં ધનુષ્ય. બન્ને ખભે બાણના ભાથા. પહોંચ્યા 'મહાકાળ' રાજા પાસે. રાજન્, આમ લાભ ન મળે, માટે પાછા ફરો. મારા એકલાનું બળ અનુભવો. અહો કુમાર! તમે બાલ છો. રૂપવાન્ છો. લક્ષણ લક્ષિત છો. આકર્ષક તમારૂં દર્શન છે. માટે વિના કારણે મોતને ન આમંત્રો. રાજન્. કાયરો વાણીના વિલાસ કરે છે. તમારા બાણના પ્રહારો પણ મારી છાતીને કંપાવી શકે તેમ નથી. માટે વાણીનો રોફ રહેવા દો. મારા હાથનો પણ સ્વાદ ચાખવા તૈયાર થાવ.

આમ કહી, ધનુષ્ય તૈયાર કરી, બાણથી રાજાની ધ્વજા તોડી પાડી. રાજ સુભટોએ બાણો વડે જાણે આકાશમાં મણ્ડપસર્જી દીધો. પણ આ શું? એક પણ બાણ કુમારને તો સ્પર્શતું જ નથી. અને કુમારના છોડેલા બાણ? કોઈને ભૂમિ પર સુવાડે છે. કેઇકને પરસ્પર અથાડે છે. કેઇકને નસાડે છે. ખૂદ રાજાનું શસ્ત્ર પણ નાકામિયાબ નિવડે છે. તેજ શસ્ત્રને પછાડી રાજાને નીચે પટકે છે. બાંધીને સાર્થમાં લાવે છે. તે જોતા જ રક્ષક રાજસૈનિકો ભાગ્યા. ધવલ બંધન મુક્ત થતા જ; ખડ્ગ લઇ રાજાને મારવા દોડે

છે. પણ કુમાર અટકાવે છે. **અરેખર સત્પુરૂષો, ઘેર આવેલા, શરણાગત, બંધનયુક્ત, રોગથી પીડિત, નાસતા, વૃદ્ધો, અને બાળકોને વધ્ય લેખતા નથી.** પેલા દશહજાર સુભટોને ધવલે નોકરીમાંથી દૂર કર્યા. તેઓ વિલખા થયા. વિનામૂલ્યે કુમારને શરણે ગયા. કુમારે પોતાના ભાગે આવેલ વહાણોમાં રોકી લીધા.

'મહાકાલ'નુ બંધન કુમાર સ્વયં દૂર કરે છે. પોતાને ભાગ આવેલ વસ્ત્ર આભરણ વડે તેનો સત્કાર કરે છે. રાજાના સર્વ સુભટોને ઉત્તમ પોષાક આપે છે. **આવા હોય છે દાનાદીલ નવપદજીના ઉપાસકના.** આવું ચમત્કારભર્યું આચરણ જોઈ ચિત્ત ચમકે છે રાજાનું. વિનયયુકત શબ્દો વડે પ્રાર્થે છે. નગરને પાવન કરો. જેથી હું યત્કિંચિત સેવાનો લાભ લઈ શકું. કુમારે રાજવચન પ્રમાણ કર્યું પણ શંકિત આત્મા 'ધવલ' શત્રુગૃહે જવા ના પાડે છે. કારણ કે **પાપી હૈયા સર્વત્ર શંકિત રહે છે.**

કુમાર તો નગરમાં ગયા. તોરણમંચથી નગર શોભા-યુકત બની ગયું છે. પોતાના આસન પર કુમારને બેસાડે છે અને કહે છે. આ રાજ્ય અને મારા પ્રાણ પણ આપને આધીન છે. તદુપરાંત મારા પ્રાણથી અધિક પ્રિય મારી પુત્રી 'મદનસેના' છે. આપ પ્રસાદ કરી તેને પરણો રાજન્. હું અજ્ઞાત-કુલશીલ પરદેશી છું. માટે વિચાર્યા વગર કન્યા માટે પગલું ન ભરો. કુમાર, આચારથી આપનું કુલ જાણ્યું. માટે મારી પ્રાર્થનાને સફળ કરો. નિડરતા સાથે નિઃસ્પૃહતા. પછી પૂછવું જ શું ?

મહોત્સવ સહ લગ્ન. દાયજામાં સંપત્તિ અથાગ. નવ-નાટક (ના પેડ), કુમારના સકળ પરિવારને ચિત્રવિચિત્ર

કિમતી મનોહર વસ્ત્રાદિ. તથા 'મહાજુંગ' નામનું એક પ્રધાન વહાણ પણ અર્પણ કર્યું. રાજા વળાવવા આવે છે. ધવલ મનમાં બળે છે. અરે આ તો સેવક મટી સ્વામી બની ગયો. વધારામાં આંખને આકર્ષે એવું ધન ધાન્યથી ભરપૂર વહાણ વધારામાં. ભાડુ તો માગી જ લેવું. કુમાર દશ ગણું અપાવે છે. ખુલ્લો છે પ્રસંગનો પમરાટ. અને ધવલના હૈયાનો અંધકાર.

રાજા પુત્રીને વિદાય કરી, પાછો ફરે છે. વહાણ બધા રત્નદ્વીપે પહોંચે છે. જેમ સંયમ યાન વડે શુધ્ધ મુનિવરો સંસાર સાગરથી પાર ઉતરી મુકિતના અવ્યાબાધ સ્થાનને પામે છે. વહાણો નાંગર્યા. વેપારની વસ્તુઓ પટમણ્ડપોમાં ગોઠવાઈ ગઇ. કુમાર સુખપૂર્વક નાટકાદિ જોઇ રહ્યા છે. ધવલ લાભની ગણત્રીમાં છે. કુમારને કહે છે. મહારાજ, આપ આપની વસ્તુઓનો લાભ કેમ નથી ઉઠાવતા? કુમાર કહે છે. તાત. અમારૂં શું અને તમારૂં શું? આપ કરો એ પ્રમાણ. બસ **બીલાડીને દુધનો કુન્ડ મળી ગયો.**

ત્યાં તો દેવાકૃતિ, સુંદરવેષ, સુપ્રસન્ન નયનો, વિકસિત વદન, અશ્વારૂઢ એક પુરૂષ, પરિવાર સહિત મંડપ દ્વારે આવે છે. કુમાર બોલાવે છે. આસન આપે છે. પોતાની પાસે બેસાડે છે. નાટકાદિ જોઈ ચિંતવે છે. નક્કી રાજકુમાર છે. કુમાર પૂછે છે. કોણ છો. ક્યા નગરના છો. કોઈ આશ્ચર્ય જોયું હોય તો કહો. મહારાજ, આ દ્વીપમાં વલયાકાર રત્નસાનુ પર્વત છે. તેને ઘણા શિખરો છે. તેમાં રત્નસંચયા નગરી છે. કનકકેતુરાજા. કનકમાળા રાજરાણી. ચાર પુત્ર પર એક 'મદન મંજુસા' પુત્રી છે. સકળકળા કુશળ, તત્વની જ્ઞાતા, રતિથી અધિક રૂપવતી છે. તે અંગે એક આશ્ચર્ય આપને હું કહું છું. તેજ નગરના જિનદેવ શ્રાવકનો પુત્ર હું જિનદાસ છું.

રાજાના દાદાએ પર્વત પર શ્રી રૂષભદેવનું મંદિર બનાવેલ છે. **મહાત્માઓના મનોરથ ઘણા ઉંચા હોય છે.** ઉત્તમપુરૂષોનું આચરણ નિર્મળ અને હૈયા વિશાળ હોય છે. દાતાઓનો યશ દિગંત વ્યાપ્ત હોય છે. સૂર્ય મણ્ડળ અંધકારનો નાશ કરે છે. તેમ આ મન્દિર ઉચ્ચ સ્ફટિક સદૃશ-વિશાળ-ધવળ અને જ્ઞાનના કિરણોને ફેલાવનાર છે. પ્રતિમા છે આ અવસર્પિણના પ્રથમ તીર્થંકર ભગવંત આદિનાથ પ્રભુની. મણિમય એ બિંબ ત્રણ જગતને આનંદ આપે છે. રાજા પ્રજા પ્રભુશ્રીના ભકત છે. મદનમંજૂસા વિશેષ ભકિત ભાવવાળી. ત્રિકાળ હંમેશા અષ્ટપ્રકારી પૂજા કરે છે.

એક દિવસ સુંદર અંગ રચના કરી, સપરિવાર દેવવંદન ભાવ પૂજા કરે છે. રાજા ત્યાં આવ્યો છે પૂજા પ્રકર્ષ જોઈ હર્ષાન્વિત બને છે. અહો દીકરીએ, સુંદર રચના દ્રવ્ય પૂજામાં કરી છે. પોતાની કળાનું વિજ્ઞાન પૂરૂં વિકસાવ્યું છે. ધન્ય છે એની પૂજા ભકિતને. ધન્ય છે એના સરળ શુભભાવને ? ૧. ધર્મમાં સ્થિરતા. ૨. ધર્મની વ્યાપક પ્રભાવના ૩. જિનમતમાં જ્ઞાનકુશળતા ૪. ભગવંત પ્રત્યે આંતર ભકિત અને ૫, સુતીર્થ સેવા, એ પાંચે અલંકારયુકત સમ્યક્ત્વને ધરનાર, એને ધન્ય છે. પણ **મોહની ગતિ ન્યારી છે.** રાજાને વિચાર સ્પર્શી ગયો સંસારનો. યોગ્ય ભર્તા મળી જાય દીકરીને, તો હું સુખી બની જાઉં. શૂન્ય મનસ્ક ઉભો રહી જાય છે. પુત્રી ભાવ પૂજા કરી, પાછલા પગે પાછી ફરે છે ત્યાં તો બન્યું એક આશ્ચર્ય. મૂળ ગભારાના દ્વાર આપો આપ બંધ થઈ ગયા. કેમે કરી ઉઘડતા જ નથી.

તો રાજપુત્રી આત્માને નિંદે છે મેં શું પાપ આચર્યું ? કાંઈ અશાતના કરી ? અશુભ ભાવ આવી ગયો ? ખરેખર હું અધન્ય છું. ભગવન્ અપરાધ જે હો તે ક્ષમા કરો. કૃપા કરી દર્શન આપો. હું પુણ્યહીન દીન છું. આ રીતે રૂદન કરે છે. રાજા કહે છે, દીકરી અપરાધ તારો નથી. મારો છે. મારા મનોગત વિચારથી અશાતના મેં કરી છે. પ્રભુશ્રી તો વીતરાગ છે. રૂઠે નહિ. પણ અધિષ્ઠાયક જરૂર કોપ્યા છે. પછી નિર્મળધૂપાદિ કરી, નિશ્ચલ શરીર, નિર્મળ મન યુકત પિતા પુત્રી ત્રણ દિવસના ઉપવાસી બની બેઠા. ઉત્તમધૂપના દીપકો જલી રહ્યા છે. સામન્ત મન્ત્રિ પરિવાર નગરજનો ખેદિત ચિત્તવાળા બની ગયા છે. દુર્મુખ લોકો, કોઈ દીકરીને, કોઈ રાજાને દૂષણ આપે છે.

પણ તૃતીય રાત્રીના પાછલા ભાગે આકાશવાણી થઈ. 'નથી દોષ કુમારીનો. નથી દોષ રાજાનો. દ્વાર બંધ થયાનું કારણ હે લોકો તમે સાંભળો.' મદનમંજૂષા–રાજા–પ્રજા સર્વે પ્રમોદભર બની ગયા. સાંભળવા ઉત્સુક થઈ ગયા. ત્યાં તો ધ્વની આગળ વધ્યો. જેની દૃષ્ટિ માત્રથી દ્વાર ખૂલી જશે, તે રાજકન્યાનો પતિ થશે.' આનંદ આનંદ વ્યાપી ગયો. પણ વાણી કોની ? આમ કયારે બનશે ? ત્યાં તો વાણી પ્રસરિત થઈ. 'ભગવંત રૂષભદેવની સેવિકા ચક્રેશ્વરી દેવી હું બોલી રહી છું. એક માસની અંદર તે પુરૂષને હું લઈ આવીશ.' આ છે દેવ સાન્નિધ્ય ભકિતના પારમાર્થિક પુષ્પોની અલ્પ અતિઅલ્પ બાહ્ય પરાગ. હૈયું ઠળ્યું કે સઘળું મળ્યું. દેવ ચિંતા કરે દાતાની. ભકિત એ પ્રભુચરણે દેવાતું અર્પણ થતું હૈયું છે.

પ્રભાત થયું. ગૃહચૈત્યે પૂજા થઇ. પારણું થયું. વાત સારાએ પ્રદેશમાં પ્રસરી ગઈ. લોકો આનંદથી આવે છે. પણ દ્વાર અણ ઉઘડયા. નિરાશ થઈ પાછા જાય છે. માસ પૂર્ણ થવા આવ્યો છે. આપજ જો દ્વારોદ્દઘાટન કરો, તો દેવીની વાણી સત્ય થાય. તો આપ તૈયાર થાવ. જેથી અમારા પુણ્યના દ્વાર પણ ઉઘડે. કુમાર ધવલને આમંત્રે છે પણ એ લોભી જાય? ધવલને છોડીને બધો સાર્થ સાથે ચાલ્યો.

કુમાર કહે છે, એક એક વાર ફરતી દ્વાર પાસે જાવ. ખબર પડે કોનાથી ઉઘડયા. પરિવાર કહે છે સ્વામિન્ એવો આદેશ ન કરો. સૂર્ય જ કમળવનને વિકસાવે. કુમુદરાજી ચંદ્રથીજ વિકસે. વસંત વિના વનરાજી ખીલે? સહકાર એજ સબળ છે કોકિલાના કંઠને ખીલવવાને. આપ વિના દ્વાર ઉઘડે નહિ. ઉત્તરાસંગ કરી. નિસ્સીહી શબ્દ ઉચ્ચારી, સિંહ દ્વારમાં પ્રવેશ કર્યો. કુંવર મંડપ મધ્યે પહોંચ્યા. કિંકાર શબ્દ થયો. દ્વાર ઉઘડી ગયા. પુણ્યના દ્વાર આમ જ ઉઘડે છે સત્કૃત્યોની જ પરિપકવતા છે ને? અને આ તો શ્રી નવપદજી પ્રત્યેની ન્યોછાવરતા. ઉદ્દઘાટન પણ આદ્ય અરિહંતના ગર્ભગૃહનું. 'સમકિત દ્વાર ગભારે પેસતાંજ. 'કેવી ઉત્તમ પંકિત ! તેવીજ શ્રી શ્રીપાળની પુણ્યપંકિત !

સ્તૂતિ સુંદર. પૂજા રચના અતિ સુંદર. કેશર બરાસ–કસ્તુરી વસ્ત્રાલંકાર અમૂલ્ય. કંઠે માળા વિકસીત ફુલોની. ફળ સર્વોત્તમ સુગંધભર્યાં. ફળ લેવા છે મુકિતના. રાજા અને રાજકન્યા આવ્યા. નિશ્ચલ દષ્ટિથી કુમારને જોઇ રહ્યા. ત્યાં તો દ્રવ્ય–અગ્ર પૂજા પૂર્ણ થઇ. પાંચે અંગો કુમારના પૃથ્વીને સ્પર્શ્યાં. મસ્તકે અંજલી રચાઇ. ચૈત્ય-

વંદન શરૂ થયું. સ્તુતિ–સ્તવન અદ્‌ભૂત.

શ્રી સિધ્ધચક્રમાં નવપદ. તેમાં આપ પ્રથમપદે. આપ પ્રથમ તીર્થંકર. આપની ચરણ રજ સેવે સૌ. દેવેન્દ્રો–અસુરેન્દ્રો–નાગેન્દ્રો. આપ જ સાક્ષાત્ કલ્પવૃક્ષ છો. મુકિત મહાવરના દાતા છો. કન્દર્પના દર્પને સાથે ગાળી નાખ્યો. આપને અનંત અનંત વંદના. શ્રી નાભિકુલકરનું કુળ જો કમળ છે, તો આપ સૂર્ય છો. ગાઢ અજ્ઞાન એ અંધકાર છે, તો આપ અદ્વિતીય પ્રદીપ છો. આપના ચરણ કમળમાં મસ્તક નમાવું છું. માતા મરૂદેવાનું ઉદર ગુફા છે. આપ તે વિષે કેશરી સિંહ આવી વસ્યા. અપાર બળયુકત આપના ભુજાદંડ. તાડિત થયો મોહ. ઇક્ષ્વાકુવંશ ભૂષણ! દૂષણ એક ન મળે આપમાં. ગુણ સમૂહ ગણ્યો ગણાય નહિ. વદના જાણે પૂર્ણિમાના ચંદ્રને શરમાવે. અને નયનોથી ઝાંખા પડે શતદલ નીલકમળ સુવર્ણવર્ણી કાયા, સમચઉરસ સંસ્થાન, નાથ, આપ જ સર્વ કલ્યાણને કરનાર છો. ગરદન પર ઝુકી રહ્યો છે કેશ કલાપ. જાણે નીલવર્ણી શોભા રચી નીલકમળોએ. નમસ્કાર હો નમસ્કાર હો. આપ જ આદિ ઈશ્વર છો. આપમાંજ યોગીશ્વરો ધ્યાન લીન બને છે. ભવકૂપમાં પડતા પ્રાણીઓને, નાથ આપજ ઉધ્ધરનાર છો. સિદ્ધાચલ મહાતીર્થના આપજ સાચા મંડણ છો. ખંડન સર્વના સર્વદુઃખનું આપ જ કરી શકો. વિદ્યાધરો આપના ચરણે લળી લળી નમે છે. સકળ મહાસિદ્ધિઓ આપના એકજ નમસ્કારમાં સમાએલ છે. પળે પળે આપને નમસ્કાર હો. નમવું આપને. આપને જ નમવું. નમતા દેવોના મુગટ મણિના કિરણો આપના નખના કિરણો પાસે ઝાંખા પડે છે. નમન એજ અમારૂં

ધ્યાન. નમન એજ ગાન અને તાન. એ છે અમારી સાચી સાન.

રાજા અને કુવરી સાંભળીજ રહ્યા સ્તવના, જાણે અંગે અંગ અમૃતથી સિંચાય. રોમરાજી બન્નેની વિકસ્વર બની ગઈ. કુમાર નત મસ્તકે, પાછલે પગે બહારના મંડપમાં આવે છે. વાસી પુષ્પાદિ નિર્માલ્ય યોગ્ય જગ્યાએ જયણાપૂર્વક મૂકે છે. રાજાને પ્રણમ કરે છે. રાજા અભિનંદે છે. વત્સ, ચૈત્ય ઉઘાડયું. હવે પોતાનું આશ્ચર્યકારી ચરિત્ર પણ સંભળાવો. **પુણ્ય પુરૂષો પોતાનું નામ પ્રગટ કરતા આંચકો ખાય. તો ચરિત્ર તો** કહે **જ કેવી રીતે**? પણ પુણ્ય જાગતા તેની બધી અનુકુળતા.

ચારણ મુનિવર પધાર્યા. જિનવર જુહાર્યા. યથાસ્થાને બિરાજ્યા. સૌ નમ્યા. ધર્મદેશના સાંભળી. ધર્મકથા જિનની ભાખી. કલ્યાણનું પ્રથમ દ્વાર. આ લોકમાં સમાધિ. પરભવમાં સદ્ગતિ પ્રાપ્તિ. તત્ત્વ ત્રણ દેવ–ગુરૂ–ધર્મ. એમાંથી નિપજે નવપદ. શ્રી જિનશાસનનો એ છે સર્વસાર. આરાધે તે પામે ભવનો પાર. એજ છે માનવ ભવનો સાર.

અંતરંગ અરિ જિતે અરિહંત, સંદેહ કરે સર્વ દૂર,
કરી કર્મ આઠનો અંત, થયા સાચા સિધ્ધ ભગવંત.
સુખ ન આપે તેવું માત પિતા, જેવું આપે ગુરૂ આચાર્ય,
સુત્ર સંવેગ ભર્યા નિર્મળ મના, સેવો સદા ઉપાધ્યાય.
ખંતા–હંતા–ગુત્તા ગુણભર્યા, પ્રમાદ પરિહરતા સાધુજન,
માયા–મોહરહિત એ પાંચે, પ્રણમો આણી મન ઉલાસ.
સમ્યગ્દર્શન દોહલું, દ્રવ્ય છની શ્રદ્ધા જાણ,
રસાયણ રંગભર્યું આતમનું, હૈયે સદા ઉલટે ધાર.

જ્ઞાન છે માણેક દીવરો, ચારિત્ર વળી સંવર સાર,
તપ બાહ્ય અભ્યંતર ભેદે કરી, આરાધો નવપદ એક સાર.
મુક્તિ લીલા પામો સહી, આરાધી પર ભાવ,
ભાવ દૃષ્ટાંત શ્રીપાળનું, સદા રાખો હૈયામાંય,

રાજા પૂછે શ્રીપાલ કોણ. મુનિવર હસ્તસંજ્ઞાથી કુમારને બતાવે છે. રાજા વિજ્ઞપ્તિ કરે છે. ભગવન્ એમનું પ્રગટ ચરિત્ર કહો. અત્યાર સુધીનો સઘળો વૃતાંત સંભળાવે છે. વળી હવે પછી પણ અનેક રાજકન્યાઓ પરણશે. પિતાનું રાજ્ય પ્રાપ્ત કરશે. રાજાધિરાજ બનશે એટલું જ નહિ. શ્રીપાળનું અહિત ચિંતવનારનું જ અહિત થશે. મુનિવર ગગનમાર્ગે. રાજા, પ્રજા મહા પ્રમોદને પામતા સ્વગૃહે. લગ્નોત્સવ. પહેરામણીમાં મણિ-માણિક્ય–ગજ અશ્વનો પાર નહિ. સદા ચૈત્યમાં પ્રમોદ પૂજા કરતા સુખમાં વિલસે છે.

ચૈત્રી ઓળીજીમાં અનુપમ આરાધના શ્રી નવપદજીની કરી. રહ્યા છે ચૈત્યના બહારના પ્રદેશમાં બેસી રાજા કુમાર સહિત ભગવંતનો મહિમા કરાવી રહ્યા છે. ત્યાં દાણ વસુલ કરનાર નાયક આવે છે. જણાવે છે કે એક સાર્થપતિ દાન ચોરી કરે છે અને ઉપરથી આપની આજ્ઞાનો પણ ભંગ કરે છે. રાજા ફરમાવે છે. આજ્ઞા ભંગનો દંડ જીવિતનો અંત. કુમાર કહે છે, જિનાલયની ભૂમિમાં મારવાનો આદેશ ન કરાય સામાન્ય પાપયુકત વચન પણ મહાદોષને માટે થાય છે ત્યાં બોલાવી મંગાવે છે. કુમાર જુએ છે કે આ તો 'ધવલશેઠ' છે. પોતે ચિંતવે છે અકાર્ય થયું કેમ ? ખરેખર લોભનું જ પરિણામ છે. 'આ તો મારા પિતાને સ્થાને છે' એમ કહી મુકત કરાવી વિદાય કર્યા પણ જોજો હવે ઉપકારનો

બદલો મહા અપકાર.

એક દિવસ વહાણમાંના એક વેપારીએ કુમારને વિનંતિ કરી. વહાણો વસ્તુઓથી ભરાઇ ગયા છે. બધા સ્વદેશે જવા ઉત્સુક છે આપ સુખરૂપ લાવ્યા તેમ સુખ-રૂપ પહોંચાડો. રાજાજ્ઞા લીધી રાજાએ. બહુ માનપૂર્વક વહાણ પર વિદાય આપી. સમુદ્રની લીલા કુમાર નીરખે છે અને 'ધવલ' હૈયામાં બળે છે **દુર્જનોનો સ્વભાવ જ પરની ઉન્નતિ જોઇ બળવાનો છે.** એકલો અટુલો આવ્યો. ધનકુબેર બની ગયો. ઉપરથી બબ્બે રૂપરમણીનો સ્વામી બન્યો. રમા અને રામા મારે વશ કરવા જોઈએ તોજ મારો જન્મ સફળ થાય. બસ પાપીના હૈયામાં શૈલ્ય પેદા થઇ ગયું. ફળ રૂપે જન્મે આર્ત અને રૌદ્રધ્યાન

લોભમાં ભળ્યો અતિ લોભ, સાથે ભળ્યો કામ. સદ્‌વિચારના બોલી ગયા રામરામ. હૈયું બન્યું હરામ. મળે ના પળ એક આરામ. ઉંઘ થઇ વેરણ. દુઃખમાં સબડવા લાગ્યો. મિત્રોએ બેચેનીનું કારણ પૂછયું. મોટા નિઃશ્વાસ મૂકવા લાગ્યો. પોતાના પાપવિચારો ખુલ્લા કર્યા. તે ચારે મિત્રોને આ વાત કર્ણશૂલસમ થઈ. ઉપકારી પ્રત્યે અપકાર ભાવના. અને પરસ્ત્રીની ઇચ્છા. બન્ને વાતને વખોડી કાઢી. વળી કુંમાર પત્નીઓની ઇચ્છા એટલે નાગરાજ તક્ષકના શિર પરથી મણિ લેવો. મહાદુઃખને જ આમંત્રણ. નરક ગમનની તૈયારી. ચિંતવાય જ નહિ. કહેવાય તો નહિ જ. તમારી જીભ પણ ઉપડી? આજથી તમે અમારા પણ વૈરી છો. વહાણ ચલાવી આપ્યા. મહા-કાલ રાજાથી છોડાવ્યા. હમણા પણ મરણથી ઉગાર્યા. બધુ ભૂલી ગયા. દુર્જનોમાં મૂખ્ય બન્યા છો. નામ ધવલ

કામ કાળા. તમારૂં મુખ જોવું એ પણ પાપ છે.

ચારમાંથી ત્રણ ગયા એક મિત્ર બેસી રહ્યો. તે હતો સ્વભાવે કુટીલ અને માયાવી. કહે છે આવી ગુપ્ત વાર્તા આ ત્રણને કયાં જણાવી? આ તો તમારા દુશ્મન જેવા છે તમારૂ મનોવાંછિત સફળ થાય એમ એમ હું કરીશ પણ જુઓ તમે કુમાર સાથે વધુ કૃત્રિમ મૈત્રી કરો. વિશ્વાસે મરાશે. તાગડો રચ્યો. દોરથી મંચ બાંધવો. કૌતુક બતાવવાના બહાને ઉપર ચઢાવવા. દોર કાપી નાખવો. પછી કોઈ આળ આવશે નહિ. ધાર્યું બધું તમારૂં થશે.

**'દગાબાજ દોગુણ નમે.'** નેમ પુરી થઈ. દોર કપાયો. પુન્યવંતકુમાર સાગરમાં. પણ....પણ. મગરની પીઠ પર. મુખમાં અરિહંત. હૈયામાં નવપદજી, ન મળે ગભરામણ કે હાયવોય. હૈયું ધ્યાનમાં. મુખડું જાપમાં. બધું પાપના કાપમાં. પુણ્યના મેળમાં ઔષધિઓ પણ હાથે બાંધેલી જ છે. કોંકણના કિનારે કુમાર. મગર પણ દેવ જ સમજોને. ચંપાની છાયામાં નિદ્રા. પુન્યવાનને સેવા–સમૃધ્ધિ આગળ જ. જાગ્યા તો અનેક સુભટોથી સેવાતા. સૌ નમ્યા. વિજ્ઞપ્તિ કરી.

કોંકણ દેશનું ઠાણા નગર. ત્યાંના રાજા વસુપાલનો આ છે રમ્યદેશ. સ્થિર છાયામાં સૂતેલ પુરૂષરત્નને અશ્વરત્ન પર બિરાજમાન કરી બહુમાન પૂર્વક લાવો. કુમાર ગમન કરે છે. મંત્રિ સામંતયુકત રાજા સામે આવે છે, શોભાયાત્રા સુંદર નીકળી. કુમારની ભકિત અને સાથે વિજ્ઞપ્તિ.

એક ફેરા સભામાં નૈમિત્તિકને પૂછયું. મારી પુત્રી મદનમંજરીનો પતિ કોણ થશે? ઉત્તર મળ્યો. વૈશાખ સુ. ૧૦ મે, સાગરકિનારે, સ્થિર છાયામાં પ્રાપ્ત પુરૂષ. તેજ

પ્રમાણે આપ મલ્યા. માટે મનોરથ પૂરો. લગ્નોત્સવ–દાયજો–વિ. અને આનંદ પ્રમોદ. અનેક ગામોનું આધિપત્ય આપવા છતાં ન સ્વીકાર્યું. તાંબુલદાનાધિકાર સ્વીકાર્યો.

આ બાજુ ધવલે ઢોંગ શરૂ કરી દીધા. હૈયે તુષ્ટ બહારથી શોકનો દેખાવ. માયાથી છાતી કૂટે છે. માથુ પછાડે છે. જાણે વજ્રઘાત થયાનો દેખાવ. પોકાર મોટા સ્વરે. આ સાંભળી બન્ને રાજકન્યાઓ મૂર્છિત બની. ઉપચારથી ચેતન પામી રૂદન શરૂ કર્યું. શ્રીપાળના ગુણ સંભારી સંભારી નિસાસા મૂકે છે. ત્યાં તો કપટમૂર્તિ ધવલ આશ્વાસન આપે છે. ખેદ કરો મા. તમારૂ દુઃખ હું દૂર કરીશ. તેના બોલ અને બોલની પદ્ધતિ પરથી સત્ય વાત બન્ને સમજી જાય છે. જરૂર આ પાપીનું જ આ કામ છે.

ત્યાં તો સમુદ્ર ઉછળવા લાગ્યો. ભયંકર વાવાઝોડુ શરૂ થયું. ધારાબંધ મેઘ વર્ષવા લાગ્યો. વિજળીના ઘોર ચમકારા અને કડાકા. અન્ધકાર પ્રલયકાળનો, સાથે જ અટ્ટહાસ્ય સંભળાયું. વહાણમાં ચિત્કાર–પોકાર અને મૂર્છા. ક્ષેત્રપાલ પ્રગટ થયા. ડમરૂનો અવાજ. રૌદ્ર રૂપ. હાથમાં તલવાર. પાછળ ચાર વીરો પ્રગટ થયા, દરેકના હાથમાં તાતા મુદ્ગલો છે ચાર પ્રતિહાર્ય દેવો હાથમાં દન્ડ સાથે ખડા થયા. પછી તો સાક્ષાત્ ચક્રેશ્વરી દેવી. હાથમાં ચક્ર ભમી રહ્યું છે. અનેક દેવદેવીનો પરિવાર સાથે છે. હુકમ છૂટયો. દુષ્ટબુદ્ધિ આપનાર આ નગુણાને પકડો. સર્વ અનર્થનું મૂળ એજ છે. ક્ષેત્રપાલે બાંધ્યો પગેથી. અધોમુખ કરી કૂપથંભે રાખ્યો. તેના મુખમાં વિષ્ઠા મુકી. અંગોપાંગ છેદ્યા. જાણે દિક્પાલોને શાન્તિ માટે બલિ આપતા હોય. એમ દશે દિશામાં ફેંકયા. 'ધવલ' અસલ ઉઠાઉગીર. બન્ને બાળાઓ પાછળ

લપાયો. કાલાવાલા કરવા લાગ્યો. શરણે આવેલાને બચાવો, બચાવો.

ખૂદ દેવી બોલ્યા. હે ધિટ્ઠા, દુષ્ટપાપી ! શરણું સ્વીકાર્યું આમનું. માટે છોડી દઉં છું. બન્ને મયણાઓ દેવીને નમી. પ્રસન્નતાપૂર્વક દેવી કહેવા લાગ્યા. ખેદ કરશો મા. તમારો વલ્લભ મહાન્ ઋદ્ધિ સાથે એક માસમાં નિશ્ચયથી મળશે. બન્નેના કંઠમાં કલ્પતરૂના કુસુમની માલા આરોપી, માલાને મહિમા કહ્યો. કોઇ દુષ્ટ તમારી સામે નજર જ નહિ કરી શકે. દેવી સ્વસ્થાને. બચી તો ગયો ધવલ. પણ પાપબુદ્ધિ હૈયામાંથી ન જ ગઈ. અતિદુષ્ટો સ્વભાવે જ આવા હોય છે, દેવીના પરચાને પણ પીં જાય એવી જાત. પેલા સદ્બુદ્ધિદાયક ત્રણે જણા ધવલને ઉપાલંભ આપે છે. કુબુદ્ધિ આપવાનું પ્રત્યક્ષ ફળ જોયું ને ? આ બન્ને સતીઓના પ્રભાવે છૂટયા છે. ફરીથી પાપ બુદ્ધિ કરી તો મહા અનર્થ થયો સમજો, વહાણો સુખરૂપે સમુદ્રમાં ચાલ્યા જાય છે, કેટલાક દિવસો પૂરા થયા, પાપી હૈયામાં ચિંતવે છે. મહાપુન્યોદય મારો. ઉપદ્રવ ટળી ગયો, સર્વલક્ષ્મી તો મારી જ થઇ. જો આ બે માની જાય. ભર્તા તરીકે સ્વીકારે, તો ઈંદ્રથી પણ અધિક શોભાને પામું. દૂતી દ્વારા પ્રાર્થના કરે છે. ખૂબ જ તર્જના પૂર્વક દૂતીને વિદાય કરી. છતાં પાપીનો પાપ વિચાર ખસતો જ નથી. સ્ત્રીવેષે મયણાના આવાસે પહોંચ્યો, પણ આંધળો શું દેખે ? માળાનો પ્રભાવ કામ કરતો હતો. આમતેમ ફાંફા મારવા લાગ્યો, દાસીઓએ કૂતરાની જેમ કૂટયો–પિટયો. બહાર કાઢયો.

વહાણો અન્ય માર્ગે દોરેલા પણ કોકણને કિનારે પહોંચ્યા. મોટા અમુલ્ય ભેટણા લઈ પહોંચ્યો રાજદરબારે, ત્યાં

જોયા શ્રીપાલને. રાજાએ બહુમાનપૂર્વક શ્રીપાલને હાથે પાન અપાવ્યું. કુમાર ધવલને ઓળખી લે છે. ધવલ શ્રીપાળને કાળરૂપ જુએ છે. બહાર જતાં પ્રતિહારને વૃત્તાંત પૂછે છે, સર્વ વ્યતિકર જાણી દુઃખી દુઃખી થઈ જાય છે. હે ભગવાન, એના દુઃખને માટે કરૂ છું સઘળું. થાય છે સુખને માટે. આ તો થઈ બેઠો રાજાનો જમાઈ, મારો અપરાધ છે બહુ મોટો. હવે થશે શું? પણ કાંઇ નહિ. ઉદ્યમથી બધું સારૂં થાય છે. કરવા દે યુકિત. વક્રતા તે આનું નામ. અવળું જ સૂઝે.

સ્થાન પર ગયો. ગીત નીપુણ ડુમ્બટોળુ કળા દેખાડે છે. પણ દાનનું નામ નહિ. ડુમ્બ પૂછે છે. શેઠજી, શું ગુસ્સે થયા છો? ધન કેમ નથી આપતા? એકાંતમાં લઈ જાય છે. એક કામ કરો. ધનનો ઢગલો મળશે. રાજાના જમાઇને ઉડાવી દો. મોં માગ્યા પૈસા માગી લ્યો. ડુમ્બ કહે છે રસ્તો એક છે. તે અજ્ઞાત કુલ છે. તેને ડુમ્બ જાતિનો જાહેર કરૂં. રાજા પોતે જ યમસદન મોકલશે. તમારૂં કાર્ય આપોઆપ સિદ્ધ થશે. છે કૂટિલતાનો પાર! ઉપકાર પર અપકારની હારમાળા! આ છે સંસાર. સદા અસાર. સાર એક માત્ર જિન ધર્મ. જેની શુદ્ધ આરાધના કરી શ્રીપાળે, પ્રત્યક્ષ પરચો આ ભવમાં પુન્યબંધનો. પરોક્ષફળ સદ્ગતિ. પરંપરાએ મુકિત પ્રાપ્તિ. ધર્મ એ ધર્મ—અધર્મ એ અધર્મ. પાપના ફળ માઠાં.

સ્વાર્થ આંધળો હોય છે. એક ક્રોડ મૂલ્યની હાથે પહેરેલી રત્નમુદ્રા એકદમ ડુમ્બને આપી દે છે. ડુમ્બ સપરિવાર પહોંચ્યો રાજદરબારે. અતિ મધુરગીત ગાતા ગવાક્ષ નીચે ઉભા છે, રાજા પ્રસન્ન થયો. જે જાઈએ તે માંગવા કહ્યું.

સાહેબ દાન નહિ માન જોઇએ. રાજા શ્રીપાલને હાથે તાંબુલ અપાવે છે. ત્યાં તો એક વૃદ્ધા કુમારને કંઠે લાગી બોલવા લાગી, અરે પુત્ર તું ક્યાંથી આવ્યો ? કેટલે કાળે મલ્યો ? ક્યાં ભમી આવ્યો ? અમે સાંભલ્યું હતું કે વહાણ દ્વારા તું હંસ દ્વીપે પહોંચ્યો, પછી કેવી રીતે ફર્યો, કેવી રીતે અહીં આવ્યો ! બધો વૃત્તાંત માંડીને કહે, બીજી કોઇ બનીને આવી. ત્રીજી બની બેન. ચોથી–દીયર–દીયર કરતી આવી, પેલો ડુમ્બ કહેવા લાગ્યો, મારો ગુમ થએલો નાનોભાઇ મળી ગયો, આપની પાસે બેઠેલ, પણ મારૂં ધ્યાન ગયું નહિ. બહુલક્ષણ યુકત મારો આ ભાઈ છે. રાજા વિચારે છે. આ પાપીએ મારૂં કુળ વટાવ્યું. જલ્દીથી હણવો જોઇએ.

આ છે સંસારની સ્વાર્થાંધતા. રાજાએ બહુમાન પૂર્વક તેડી આણ્યા છે. સ્વયં નિમિત્તીઓના કહેવાથી પ્રાર્થના કરી, કુંવરી પરણાવી છે. છતાં રાજાનું અવિચારીપણું તો જુઓ ! નિમિત્તીઆને બાંધી આણ્યો, હે દુષ્ટ, આ માતંગ છે એમ કેમ ના કહ્યું ? નિમિત્તીઓ માથાનો હતો. આ માતંગ છે જ નહિ, મહામાતંગોનો–ગજરાજોનો અધિપતિ જરૂર છે. એમાં શંકા જ નહિ. રાજા ઉતાવળીઓ હુકમ છોડે છે. હણી નાખો બન્નેને. ત્યાં તો મદનમંજરી આવે છે. પિતાજી, આ શું અવિચારી પગલું ? લોકમાં પણ કહેતી છે. **આચારથી કુળ ઓળખાય.** તો આ તો લોકોત્તર આચારને સેવનાર છે. આ તે વળી માતંગ હોય ?

રાજા વિલખો પડે છે. કુમારને પોતાનું કુળ પ્રગટ કરવા કહે છે. જરાક હસીને કુમાર મજાક કરે છે. શું તમારી બુદ્ધિ કુશળતા ! તમે કહેતી સાચી કરી. 'પાણી પીધા પછી

ઘર પૂછવું.' રાજન્, કુળ જાણવું છે? સજ્જ કરો તમારા સૈન્યને. મારા હાથ કુળને કહેશે. **જીભથી કુળ કહેવું લજ્જાસ્પદ છે.** અથવા તમારે કુળ જ જાણવું છે? તો વહાણમાં સ્થિત બંને સ્ત્રીઓને બોલાવો. કુળને કહેશે. તો રાજા ધવલને પૂછે છે? બે સ્ત્રીઓ વહાણમાં છે. ધવલ શ્યામ મુખ બની ગયો. ત્યાં તો પ્રધાન-પુરૂષો પહોંચ્યા. હે વત્સે, આપના પતિની કુળ કથા માટે જલ્દીથી આવો. બન્ને મેનામાં બેઠી. નાથને જોતા નયનો આનંદથી નાચી ઉઠયા. રાજા કહે છે-વત્સે સર્વવૃત્તાંત મૂળથી માંડીને કહો.

સર્વવૃત્તાંત વિદ્યાધર પુત્રીએ કહ્યો. ત્યાં તો રાજા આનંદ મસ્ત બની બોલી ઉઠયો. અરે, આતો મારો ભાણેજ, સગી બ્હેનનો કુંવર. ઘી ઢળ્યું પણ ખીચડીમાં જ. કુમારનું અતિ-બહુમાન કર્યું. ડુંબ સહકુટુંબ કૂટાયો. રાજા લોકોને ઉદ્દેશીને કહે છે ઉત્તમ નીચનું આંતરૂં પારખો. એક અપકાર પર ઉપકાર કરે છે. બીજો ઉપકાર પર અપકારની હારમાળા ચલાવે છે. કુમારની ધવલકીર્તિ ફેલાય છે. અને બિચારો ધવલ પળે પળે શ્યામમુખો બનતો જ જાય છે. પણ આતો શ્રીપાળ! 'ધવલ'ને સબહુમાન ઘેર લઈ જાય છે. ઉત્તમ ભોજન કરાવે છે. ચંદ્રશાળામાં શયન-આરામ કરાવે છે. તથાપિ ચન્દ્રશાળામાં પણ પાપી તપ્ત બને છે. પાપનો તાપ તપાવે છે. દુષ્ટ વિચારોમાં ઉતરી જાય છે. અરે આ દૈવ કેટલો વાંકો છે? ખાડામાં નાખુ છું, તો ધનના ઢગલા લઇ બહાર આવે છે. પણ કાંઈ નહિ. આજે જ જો હણી નાખું કુમારને, તો બધાય ધનના ઢગલા મારા જ છે ને?

છે નીચતાની હદ! દુષ્ટતાનો સાક્ષાત મૂર્તિમંત અવ-તાર! **'વિનાશ કાળે વિપરીત બુદ્ધિ.'** પાપનો ઘડો

ભરાઈ ગયો છે. શેતાનીયતનો અંતિમ ઇન્તજામ દૂર નથી. દુષ્ટબુધ્ધિનું ફળ સ્વયં પ્રાપ્ત થવાનું છે. ઘો મરવાની થાય, ત્યારે વાઘરી વાડે જાય. વિશ્વમાં આવા અધમ આત્માઓને સુધારવાનો ઉપાય નથી. માત્ર દયા એવા પણ આત્માઓની ચિંતવવી એજ એક સલાહ અને શિખામણ છે જિનશાસનની. બિચારા પોતાના જ પાપ વિચારોથી. આ ભવમાં દુઃખી દુઃખી. પરભવમાં નરકની સતત દુઃખદાવાનળ ભરી ગતિ. મતિ તેવી ગતિ.

પાપના વિચારો પૂરપાટ દોડયા જાય છે. કુમાર એકાકી સાતમે માળે સૂતા છે. હણી નાખું એક જ ઝાટકે. ત્રણે રમણીઓને બળાત્કારથી પણ મારી બનાવું. પાપની ભીતિ તો નથી જ. ન જ હોય. પણ રાજાની પણ ભીતિ નથી. શ્રીપાળના અનુભવેલા પુણ્ય પ્રસંગો અને દેવરક્ષણ પણ ક્યાંથી યાદ આવે? દુર્ગતિ ગામી-નરકગામી જીવોની સાન તદ્દન બુઠ્ઠી બની જાય છે. ભાન તો હોતું જ નથી. દારૂડીયાથી પણ નીચી બુધ્ધિના બની જાય છે. દારૂડીયાને તો ભય પણ ભાનમાં લાવે છે. આમને ભાન આવે જ નહિ. દુષ્ટ બન્યો. ધિટ્ટો બની દુષ્ટ પાપની પરાકાષ્ટાએ પહોંચ્યો. છૂરી કટારી લીધી હાથમાં-વેગથી ચાલ્યો કુમારને હણવા. પગ અવળો પડયો. સાતમે માળથી પડયો. પોતાની છુરિકા પોતાના જ પેટમાં-પ્રાણો એને છોડી ગયા. દુષ્ટના સંગથી ત્રાસીને જતો પહોંચ્યો સાતમી નરકે. જેટલે ઉંચેથી પડયો તેટલો જ નીચે ગયો. આ શિવાય બીજું સ્થાન હોય પણ કયું? ખૂબ ચેતના આપે છે આ પ્રસંગ.

પ્રભાત થયું લોકો સારોએ પ્રસંગ સમજી ગયા. ધનકુબેરની અધમતા. કુમારની શ્રેષ્ઠતા. એ પર ટીકાટિપ્પણ

થવા લાગ્યા. કુમાર તો 'માર'ને પણ મારનાર. હૈયું સ્ફટિક સ્વચ્છ. કોઈ બીજો વિચાર પણ નહિ. પ્રભુમાર્ગના સાચા જ્ઞાતા. જ્ઞાનનું પ્રત્યક્ષ ફળ. સમભાવ અને સમાધિ. અકાળ મરણથી ક્ષણવાર ખેદ. અંતિમક્રિયા. ઉત્તમબુધ્ધિને આપનાર 'ધવલ'ના ત્રણે મિત્રોને, ધવલ સંબંધી સારીએ કરોડોની મિલ્કત સોંપી દીધી. **નિઃસ્પૃહતા મોટો ગુણ છે મહાપુરૂષોનો.**

ત્રણે મયણા કુમારને આનંદ આપી રહી છે. માત્ર સુખનો જ અનુભવ છે. મુનિઓ પણ ત્રણ ગુપ્તિને પાળતા કેવળ સુખનો જ અનુભવ કરે છે ને? અન્યદા કુમાર ફરવા નીકળ્યા છે. નગરના ઉદ્યાનમાં એક સાર્થને ઉતરેલો જુએ છે. ત્યાં તો સાર્થવાહ ભેટણા ધરી કુમારને નમે છે. પૃચ્છા થઇ. સાર્થવાહ કહે છે. કાન્તીનગરીથી આવે છે. કંબુદ્વીપે જઈએ છીએ. તે દરમ્યાન એક આશ્ચર્ય જોયું તે સાંભળો.

અહીંથી સો યોજન દૂર કુન્ડલપુર નગર છે. રાજા મકરકેતુ જબ્બર પ્રતાપવાળો છે, શિલ ગુણથી શોભિત કર્પુરતિલકારાણીની 'કુક્ષિજાત' ગુણસુંદરી પુત્રી છે. સુંદર અને પુરંદર બે પુત્રો છે. પુત્રી રૂપમાં રંભા છે. કળાઓમાં સાક્ષાત્ બ્રાભી જોઈ લ્યો. તેણીએ પ્રતિજ્ઞા કરી છે. વિણાવાદનમાં મને જીતે તેને વરૂં. આ સાંભળી ઘણા રાજકુમારો વિણાનો અભ્યાસ કરવા લાગ્યા છે. દર માસે પરીક્ષા લેવાય છે. પણ કોઈ તેણીને જીતી શકતું નથી. ખરેખર તે સાક્ષાત્ સરસ્વતી છે. અમે તે વખતે હાજર હતા. તેણી કન્યા રત્ન છે, તો આપ પુરૂષરત્ન છો. જો આપ બન્નેનો સંયોગ બની જાય તો, આપનું આ લાવણ્ય સફળ ગણાય. સાર્થવાહનું ઉત્તમ વસ્ત્રોથી સન્માન કર્યું. સ્વગૃહે આવ્યા. હવે આ કૌતુક જોવા જવું કયી રીતે? બીજો વિચાર જ શા માટે? અર્હદ્ ધ્યાન

જ પ્રમાણ હો. અવિરતિના ઝપાટામાં પણ, ધ્યાન અને, પ્રધાનતા અરિહંતની જ.

ધ્યાન ધર્યું ત્યાં તો સૌધર્મ દેવલોકથી વિમલેશ્વર હાજર થયા. હાથમાં હાર છે! તે કેવો? ઇચ્છા પ્રમાણે આકાશમાં ગતિ થાય. કલાઓમાં બધે જય અપાવે. સર્વ ઝેરને ઉતારનાર. અર્પણ કર્યો કુમારને. કણ્ઠમાં સ્થાપન કરી સ્વદેવગૃહમાં પાછા ફર્યા. અતિ ઉગ્ર પુણ્ય આવા જ હોય. મન ચિંતવે ને ફળે. શુદ્ધ ભાવે-નિરીહભાવે કરેલી આરાધના, તે સાથે બંધાએલ પુણ્ય આવા જ. આરામથી શયન કર્યું. ઉઠીને પહોંચ્યા કુંડલપુર. ધર્યું રૂપ વામનનું. વીણા સહુ રાજકુમારોને જુએ છે. વીણા વિદ્યા માટે પાઠકને વાત કરે છે. કુમારો બધા ખડખડાટ હસે છે. લોકો તો બાહ્ય રૂપને જોનાર હોય છે ને? પાઠક બેદરકારી બતાવે છે. કુમારે વ્યવહારનો ચમત્કાર સર્જ્યો. બહુમૂલ્ય તલવાર ભેટ આપી. બસ પછી તો આગળ, પોતાની પાસે બેસાડયા વામનજીને. દામ કરે કામ.

આપી પોતાની વીણા વામનજીને. ઉંધી ઝાલી. તન્ત્રો તોડી નાખી તુંબડુ પણ તોડયું. કુમારો હાસ્યરસમાં ખીલ્યા. પણ ભેટણાના બળે આદર પામે છે. પરીક્ષા અવસરે પણ વામનને કોણ સભામાં જવા દે. ઝટ કાઢયું કુંડળ. હાથમાં મૂકયું કે તૂર્ત પ્રવેશ. હવે જુઓ ગમ્મત. કુવરી જુએ છે કુમારને અસલ રૂપમાં. બીજા બધા વામન રૂપમાં જુએ છે. કુમરી વિચારે છે જો આ પુરૂષ પ્રતિજ્ઞા પૂર્તિ કરે, ધન્ય ધન્ય હું બની જાઉ. કુમારો પોતાની દક્ષાતા ઉપાધ્યાયના આદેશથી બતાવે છે. પણ રાજકુમારીના

વીણાવાદનથી બચ્યા હેઠ. લોકો કુમરીની જ પ્રશંસા કરે ને? ત્યાં તો વામનજી ઝબકયા.

આ શી ખોટી પ્રશંસા માંડી છે? કુંડલપુરના લોકોને કળાનું જ્ઞાન જ નથી. કુમરી સમજી ગઇ કે મારો જ ઉપહાસ છે. આપી પોતાની વીણા વામનજીને. વામનજી કહે વીણા તો અશુધ્ધ છે. અરે આતો સગર્ભા છે. તુંબ પણ ગલગૃહીત છે. દણ્ડ અગ્નિદગ્ધ છે. શુધ્ધ વીણાવાદન શરૂ થયું. લોકો ડોલવા લાગ્યા અને જાણે ગાઢ નિદ્રામાં. હવે વામનજીએ શરૂ કરી રમુજ. કોઈની વીંટી તો કોઇનું કડું. કોઇના કુંડલ તો કોઇના મુગટ. કેટલાકના ઉત્તરીય વસ્ત્ર. બધાનો કર્યો સભા વચ્ચે ઢગલો. થોડીવારે લોકો જાગ્યા. ભારે આશ્ચર્યમાં પડયા. સૌ પોતપોતાની વસ્તુ શોધવા લાગ્યા. કુમારીના હર્ષનો પાર નથી ત્રણ જગતમાં શ્રેષ્ઠ શ્રીપાળને વરે છે.

રાજાદિ પડયા ચિંતામાં. છેવટે વામનોને જ વરી. ત્યાં તો અસલ રૂપમાં શ્રીપાળ દેખાયા. બસ પછી તો સંસારનું માંડપણ. લગ્નોત્સવ અને મંગળગીતો વાજા-ગાજા ને અમૂલ્ય ભેટણા. શ્રીપાલ અને ગુણસુંદરીનો મન-વાંછિત મેલાપ.

ચાલો આગળ હજુ તો પુણ્યના પ્રકર્ષો ઘણા અવ-લોકવાના છે. અને એવા પણ પુણ્ય પ્રકર્ષોને અસાર અને ક્ષણ વિનાશી ઓળખાવે છે એક શ્રી જિનશાસના. આજ છે ખરી સાચી અને સચોટ આકર્ષક ખૂબી શ્રી જિન-વચનોની, માટેજ અકાટય અને અફર છે શ્રી જિનશાસનના સિદ્ધાંતો. ત્રણે કાલ માટે અવ્યાબાધ અને મહાકલ્યાણને સર્જનારા. સાચા પુણ્યની સાચી વ્યાખ્યા એક જ કે તે

સંસારને અસાર મનાવે અને સુખના શીખરે પણ ઘેલછા જન્માવે. ઉલ્ટાને વિરાગને સતેજ રાખે, આનેજ પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય છે. પુણ્યનો એક કણીયો નહિ. પાપનો એક કણીયો નહિ. એટલે કર્મરજનું નામનિશાન નહિ. એજ છે મુકિત આત્માની. જન્મ મરણનો અંત. સંસાર ભ્રમણનો અંત. સાદિ અનંતઅવ્યાબાધ સુખ.

આપણે જોઈ રહ્યા છીએ. એક પછી એક પ્રસંગ જરાએ આયાસ વિના માન સન્માન અને સુખ પ્રાપ્તિનો. ક્ષણિક આફત પણ મોટી રાહત અને આબાદી માટે થાય છે. ઘડીભર 'ડુમ્બ' તરીકેનું આળ એ પણ એક કર્મની ક્ષણિક પણ પાપોદયની ઘટના છે. પણ વાદળ પલવારમાં વિખરાઇ જાય છે, એજ ખૂબી છે જબ્બર પુણ્યોદયની. કુમાર રયવાડીએ ઉદ્યાનમાં. દીઠો એક પથિક. પૂછ્યું વૃતાંત. કુંડિનપુરના ધનાવહ શેઠને કામે પ્રતિષ્ઠાનપુર જઈ રહેલ છે. વચમાં આવ્યું કાંચનપુર ત્યાં દીઠુ એક અચરીજ. રાજા ત્યાંના વજ્રસેન. રાણી કંચનમાલા. દીકરા ચાર અને કુંવરી એક ત્રૈલોક્ય સુંદરી. નામ પ્રમાણે જ ગુણ. વર સુયોગ્ય મેળવવા રચ્યો સ્વયંવર મંડપ. મંડપ જાણે ઈંદ્રની સભા સુવર્ણના રત્નજડિત સ્તંભો. પુતળીયો તે ઉપર જાણે હસતી અને બોલતી. મંચો જાણે વિમાનોની શ્રેણિ. સ્વાગત માટે ખાદ્ય સામગ્રી અને ઘાસ વિ. ના ઢગલે ઢગલા.

અષાઢ સુ. ૨ નો સમારોહ છે. આવતી કાલે જ બીજ છે. ત્રીશ યોજન દૂર છે. સુંદર અલંકારનું ભેટણું પથિકને. વ્હેલ પરોઢે શ્રીપાળ બન્યા કુબડાજી. પહોંચ્યા રાજાઓની

શ્રેણિ વચ્ચે. પણ હાથનું કડુ પહેરેગીરને આપ્યા પછી. મૂલ-મણ્ડપના સ્તંભની પુતળી પાસે બેઠક લીધી. કુબડાજીનો દેખાવ? પીઠ ઉંચી અને પેટ પાતાળમાં. નાક ચીબુ અને દાંત લાંબા બહાર નીકળેલા. ઓષ્ઠ તો જાણે ઉંટના. લાંબા લબડતા. પિંગા વાળ ને પિંગી આંખો. લોકને ગમ્મતનું રમકડું મલ્યું. કેમ કુબડાજી કેમ પધાર્યા છો? તમે પધાર્યા છો તેમ. વાહ ભાઈ વાહ! કન્યાના ભાગ્ય ઉઘડી ગયા. આવા અનુપમ વરને મૂકી કોને વરશે? મુક્ત હાસ્યની છોળો ઉછળવા લાગી.

ત્યાં તો ઉજ્જવળ સફેદ વસ્ત્રોમાં, મોતીના શ્વેત અલંકારોમાં, હાથમાં સુરભિ પુષ્પોની માળા સહ પ્રવેશ કરે છે. કુમારને મૂલ રૂપમાં જુએ છે. આકર્ષણ પૂરેપુરૂ થઇ ગયું. મન લુબ્ધ બન્યું. ખરેખર મારૂં પુણ્ય સોએ કલાએ પ્રગટ થયું. ભાગ્યોદય ભારે છે. ચંદ્ર નિર્મળ પુરૂષ કોઇક આવી ગએલ છે. મારા મનરૂપી જળસાગરને આકર્ષવા ખરેખર ચંદ્ર છે. કુમાર તેણીના સકટાક્ષ અનુરાગને પારખી જાય છે. વચ્ચે વચ્ચે કુબ્જ રૂપ બતાવે છે. ત્યાં તો પ્રતિહારી દરેકની ઓળખ આપવા લાગી. કુમરી દરેકમાં વચનુ. દેશનું કે રૂપનું દુષણ આપતી આગળ વધે છે. વર્ણન વખતે આનંદ પામતી, કન્યાના દુષણ વચનોથી ક્ષોભ પામે છે. પ્રતિહારી થાકી ગઈ. મૌન ધારી ઉભી રહી. વિલક્ષવદના કુમરી કુબ્જ તરફ નજર કરી રહી છે. ત્યાં તો પુતળીના મુખમાંથી ઉદ્‌ગાર નીકળ્યા. વત્સે, તું ધન્ય છો, જ્ઞાતા છો, ગુણને પારખી શકો છો, તો કુબડાકાર પુરૂષોત્તમને માળા પહેરાવ. વરમાળા આરોપી. કુબડાપણું કુમારે ઓર વધારી દીધું. રાજાઓ અન્યાયથી પોકારી ઉઠયા. અરે કુબ્જ ! વર-

માળા ઉતારી દે. નહિ તો તારે માટે કાળરૂપા બનશે.

બધાની સમજ મરી ગઈ. શાણપણ ખોવાઇ ગયું. પુતળી કેમ બોલી તે પણ ન વિચાર્યું. વિચારે તો ને? દેવકૃત ચમત્કારને પણ અવસરે માનવી હતાશામાં ભૂલી જાય છે. કન્યા તો મુગ્ધ છે. ન સમજે. પણ અમે કન્યા-રત્ન કુબ્જ પાસે નહિ જવા દઈએ. છે ન્યાયનો કણિયો પણ? આવેશ ચીજ જ એવી છે. ચાલ ઝટ કર, ઉતાર વરમાળ. નહિ તો અમારી કરાલ તલ્વાર માળા સહિત માથું ઉતારશે. કુબડાજી હસીને પડકારે છે. અરે દુર્ભાગ્યથી બળેલા દેહવાળા! કન્યા તમને ન વરી, તો તમારા ભાગ્ય ઉપર કોપ કરોને, પરસ્ત્રીની ઇચ્છાનું પાપ તમને લાગ્યું. તેની શુદ્ધિ માટે મારી તલ્વાર જ તીર્થરૂપ બનશે. તલ્વાર વીંઝાણી. જાણે કેટલીએ તલ્વારો વીંઝાતી હોય. જાય ભાગ્યા રાજાઓ. કોઈ આ દિશામાં તો પેલી દિશામાં આ તો પુણ્યના ચમત્કાર!

પરાક્રમ અદ્‌ભૂત. દેવો પ્રસન્ન થયા. થઈ પુષ્પવૃષ્ટિ. હવે આવ્યા સસરાજી. બળ તો પુરેપુરૂ બતાવ્યું. વત્સે, હવે રૂપ બતાવો. રૂપ જોયું–મુહૂર્ત જોયું. જોડલું સુંદર બન્યું. કુમાર એટલે આનંદનું જીવતું જાગતું ઘર. શુદ્ધ ભાવના યુક્ત આત્મા પણ પરમાનંદમાં–પરમાત્મ–ધ્યાનમાં નિર્મળ આત્માનંદ જ અનુભવે છે ને? રાજસભામાં એક દિવસ ચરપુરૂષ ખબર લાવે છે દેવદત્તનગરના રાજા ધરાપાલને પાંચ પુત્ર પર એક પુત્રી શૃંગાર સુંદરી છે. રૂપકલા ગુણ–તારૂણ્યમાં અજોડ. જિનધર્મમાં ખૂબ રક્ત છે. તેણીને પાંચ સખીઓ છે. તે પણ જિન માર્ગ રસિકા છે.

કુમારી કહે છે પાંચેને. જો આપણને જિનમતરક્ત પતિ મળે તો સુંદર. મનની શાંતિ માટે ભર્તા. વિરોધિ ધર્મમાં તે શાંતિ ક્યાંથી મળે? માટે પૂરી પરીક્ષા વિના વર વરવો નહિ. પંડિતા નામની સખી કહે છે. સમસ્યા-પદથી પરીક્ષા થઈ શકે. માટે સમ્યગ્દૃષ્ટિ જ પૂરી શકે તેવી સમસ્યાઓ પૂરવા આપવી. તેથી પુરૂષના હૈયાના શુભ અશુભ પરિણામ જાણી શકાશે. કુમારીએ કરી પ્રતિજ્ઞા. મારા મનના અર્થોને પૂરશે, તેજ પતિ થશે. અનેક પ્રાજ્ઞપુરૂષો આવ્યા અને ગયા. પણ મનના ભાવને કોણ પારખે? કુમારનું ચિત્ત ચમત્કૃતિ પામ્યું. સવારમાં પહોંચ્યા તે સ્થળે. રૂપ લાવણ્યયુક્ત સ્વાભાવિક રૂપ છે. કન્યા પાંચ સખીઓ સહ નિહાળે છે. વિસ્મય આનંદયુકત ચિન્તવે છે. આહા, જો આ પુરૂષ સમસ્યા પૂરે તો વિશ્વમાં સઘળું મળી ગયું.

કુમાર આમંત્રે છે. બોલો તમારી સમસ્યાઓ. પંડિતા બોલી. 'મનવાંછિત જ ફળ નિપજે' કુમાર વિચારે છે. રાજકન્યા સખી મુખે બોલે છે. મારે પણ કોઈ પુતળાના મુખે પૂર્ણતા કરવી. મૂકયો હાથ એક પુતળા પર. 'જે કોઈ અરિહંતાદિ નવપદને, મનમાં ધારણ કરે છે, તે નરોત્તમના મનવાંછિત નિશ્ચયે કરીને ફળે છે.' બીજી વિચક્ષણા પૂછે છે. 'બીજી આળપંપાળને ઝંખો નહિ.' કુમારના હસ્તકમળથી પવિત્ર પુતળું બોલે છે. 'દેવ અરિહંત સુસાધુ ગુરૂ, દયાવિશાળ ધર્મ, ઉત્તમ નવકાર, આ શિવાય બીજી આળપંપાળ ઝંખો નહિ.' પ્રગુણા ત્રીજી. 'આત્માને કૃતકૃત્ય બનાવો.' પુતળાનો ત્રીજો ઉત્તર. 'આરાધો દેવગુરૂ. દાન દો સુપાત્રે, તપ સંયમ ઉપકારી, કૃતકૃત્ય કરો આતમને. નિપુણાની ચોથી સમસ્યા. 'જેટલું લલાટે લખાયું હોય' ચોથો ઉત્તર. 'મન ધર તું

આતમને સમતાએ, લખ્યું લલાટે મિથ્યા ન થાએ' કર્મો આત્માએ બાંધ્યા, ફળ તેવા હોએ. પાંચમી દક્ષા પૂછે છે. 'ત્રણ ભુવનના માનવી તેના દાસ છે' થોક પુણ્યના પૂર્વભવ ઉપાર્જિત હોય, બલ, મતિ, શ્રી તસ વિલસે, તસત્રિજગજન દાસ.'

સમસ્યાપૂર્તિ વિસ્મય પમાડે તેવી થઇ. પુલકિતમના ત્રિજગસાર કુમારને વરી. રાજા અને લોક કહેવા લાગ્યા 'મહાન્ આશ્ચર્ય છે આ.' જે મનોગત ભાવોને આ રીતે ખુલ્લા કર્યા. વળી તે પુતળાના મુખમાંથી. માગ પુતળાને મસ્તકે હાથ મૂકી. પાંચ સખી સહિત કુંવરીનો હસ્તમેળાપ થયો. અવસર પામીને એક ભટ્ટ ઉંચા સ્વરે લોકોને સંબોધે છે. અરે, લોકો મારા વચન સાંભળો.

કુલ્લાગપુરમાં રાજા પુરંદરને સાત પુત્રો પર એક પુત્રી જયસુંદરી છે. લાવણ્યવતીના વર માટે રાજાને ચિંતા થવા લાગી. પુત્રીના પાઠકે 'રાધાવેધ'ની સલાહ આપી. એક સ્તંભ પર આઠ ચક્ર ફરવામાં એક સવળું એક અવળું. ચક્રના આરામાં જે ખાલી જગ્યા તેમાં એક 'રાધા' નામની પુતળી. તેની ડાબી આંખ વેધવાની. તે પણ સામે જોઇને નહિ. પણ નીચે રહેલી તેલની કઢામાં પડતા પ્રતિબિંબને જોઇને. આવો 'રાધાવેધ' કોઈ વિરલ ધનુર્વેદ પારંગત સાધી શકે. ગુણોમાં વિનય, રસોમાં 'શાન્ત' રસ. દેવદર્શનમાં ભાવ, તેમ શસ્ત્ર-વિજ્ઞાનમાં રાધાવેધ મૂખ્ય છે. કુંવરીની પ્રતિજ્ઞા છે. મારી દૃષ્ટિ સમક્ષ રાધાવેધ કરે, તેને વરૂં. ખરેખર કોઇ મહાભાગ તેનો હાથ મેળવશે.

રાજાએ બધી તૈયારી કરી. નરેન્દ્રોને આમંત્ર્યા. પણ બધા હતાશ થયા છે. પણ મારૂં ચોક્કસ માનવું છે કે

પ્રભાવશાલી પુરૂષોત્તમ આ કુમાર નિશ્ચયથી રાધાવેધ સાધશે. ભટ્ટને કુમારે કુંડલ આપ્યું. રાત્રી રમણીઓ વચ્ચે પસાર કરી. સવારે રાધાવેધ સ્થાને રાજા-પ્રજા અને કુમરી જોતા રહ્યા. રાધાવેધ પળમાં થઈ ગયો. વરમાળા, વીવાહવિધિ, કરમોચન દાયજો. સુખવિલસે સઘળા. મામા વસુપાલનું તેડું આવ્યું. સુંદરીઓ સઘળી આવી ગઇ. ચતુરંગીસેના સહ આવી પહોંચ્યા. મામાનો પ્રમોદ માતો નથી. ત્રણે મયણા મહાઆનંદ પામી. આજ ખૂબી છે ઉત્તમ પુરૂષની, પેલી પાંચ સખીઓની ગણત્રિ નવથી જુદી સમજાય છે. જુઓને આઠે પૂર્વાદિ દિશાઓથી શોભિત મેરૂ, સૂર્યોદય દિશાથી વધુ શોભા પામે છે. આઠ અગ્રમહિતીઓ યુક્ત ઈન્દ્ર પણ નવમી શ્રેષ્ઠ જિનભક્તિની ઈચ્છા કર્યા જ કરે છે. અહો! આઠે દૃષ્ટિ યુક્ત સમ્યગ્દૃષ્ટિ આત્મા, વિરતિ મહાદૃષ્ટિના ધ્યાનમાં જ રમે છે. અને સાધુમહાત્માઓ! પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ યુક્ત હોવા છતાં સમતા રાખીને ક્યાં નથી ભજતા?

સમ્યગ્જ્ઞાન દર્શનચરિત્ર રૂપી યોગોથી યુકત, અણિમાદિ આઠે સિદ્ધિઓથી સમૃધ્ધ આત્મા, મુકિતનો અભિલાષી, સદૈવ બન્યો જ રહે છે ને?

આઠે પ્રિયાઓ અપૂર્વ આનંદ આપી રહી છે. છતાં પોતાની પૂર્વપત્ની મદનાસુંદરી-મયણાદેવીને મળવા ઉત્સુક છે. પૂજ્ય માતુશ્રીના ચરણોમાં મસ્તક મૂકવા તિવ્ર મનવાળા છે. પ્રયાણ ઢકકા, પ્રસ્થાન યશ. દુંદુભીનો નાદ થયો. જ્યાં જાય ત્યાં ભેટણાના ઢગ. મણિ-માણેકનો પાર નહિ. અશ્વ-ગજ-રથ-સૈનિકો પણ ભેટણામાં આવે જાય છે. કન્યાઓ પણ ખરી જ. શસ્ત્ર-વસ્ત્ર અણમોલ અનેકવિધ. સેના ભારે વિસ્તાર પામી. અનેક નદીઓના પાણી વડે સમુદ્ર વૃધ્ધિ જ

પામે ને ? મહારાષ્ટ્ર–સૌરાષ્ટ્ર–લાટદેશના અનેક રાજાઓને વશ કરતા શ્રીપાલ માલવદેશે પહોંચ્યા. રાજા પ્રજાપાલ (મયણાના પિતા) ચરપુરૂષોથી વિરાટ લશ્કરની વાત જાણે છે. કિલ્લો સજ્જ કરી બેઠેલ છે. કાપડ–ચોપડ–ધન–ધાન્ય તૃણ–પાણી-કાષ્ઠનો પુરવઠો સંગ્રહીત કરી લીધો છે. ચારે બાજુ શ્રીપાલના તંબુઓ ખેંચાઇ ખડા થઈ ગયા. લશ્કર પારાવાર. સાહ્યબી અપરંપાર. બળ અતુલ. પુણ્ય પરાકાષ્ટાએ.

રાત્રીના પ્રથમ પ્રહરે, હારના પ્રભાવથી શ્રીપાળ માતાના ગૃહે પહોંચ્યા. ઘરના દ્વાર પાસે સ્થિત પોતે અંદરનો વાર્તાલાપ સાંભળે છે. માતા કમળપ્રભા મયણા પ્રત્યે કહી રહ્યા છે. વત્સે, નગરી પરચક્રના ભયથી વ્યાપ્ત છે. ચારે બાજુથી ઘેરાઇ છે. લોક આકુલ વ્યાકુલ છે. શું થશે અને શું નહિ કલ્પી શકાતું નથી. મારા પુત્રને દેશાંતર ગએ વર્ષ એક થયું. તે તારા ભર્તાના કોઈ સમાચાર પણ નથી. શ્રીમતી મયણા સુન્દરી સાસુજીને આશ્વાસન આપે છે. માતાજી, આપ, જરામાત્ર પણ ભય રાખો નહિ. શ્રી નવપદજી રમે છે જેના મનમાં, તે આત્માને ચિંતા શી ? વળી આજે સંધ્યા પૂજામાં શ્રી જિનદેવની પ્રતિમા પૂજતા કોઈ અપૂર્વ શુભ ભાવ પેદા થયો હતો. જેનો આનંદ મારા હૈયામાં હજુ ઉછળ્યા કરે છે વિના કારણે પણ રોમરાજી વિકસ્વર થયા કરે છે. મારી ડાબી આંખ પણ ફરકયા કરે છે. તેમજ પયોધરની પણ તેજ સ્થિતિ છે. મારૂં ચોક્કસ માનવું છે કે તમારા પુત્ર આજેજ તમને મળવા જોઈએ.

'અમૃતક્રિયા'નો આ સ્વાભાવિક પ્રભા છે. ક્રિયા તેની તે. પણ પોતાના અધ્યવસાય–પરિણામની ધારાથી, આત્મા તેને શુભ યા અશુભ બનાવે છે. આ લોકના સુખોની

ઇચ્છાથી થતી ધર્મક્રિયા વિષ રૂપ છે. કારણ કે ફળ રૂપે પરંપરાએ દુઃખમાં પરિણમે છે. પરલોકના સુખોની ઇચ્છાથી થતી ગરલ રૂપ છે. ધીમા ઝેર જેવી છે. દેવાદિગતિના સુખ આપી, તેમાં મુંઝવી, દુર્ગતિના દ્વાર, ખુલ્લા કરે છે. સંમૂચ્છિ્મ ક્રિયાની ઝાઝી કિંમત નથી. ગતાનુગતિક થતી, સમજણ વિનાની એ ક્રિયા છે. અપવાદ રૂપ કોઈ ભદ્રિક આત્માને લાભ આપી જાય, સધ્ધર્મ તરફ લઇ જાય એ જુદી વાત. મુક્તિ પ્રાપ્તિના સુંદર સદ્ભાવથી થતી ધર્મ-ક્રિયા તદ્હેતુક છે. સદ્ગતિ અને પરંપરાએ મુક્તિને આપનારી છે. અમૃતક્રિયાની તો વાત જ શી? સ્વાભાવિક આંતરૂલ્લાસ અને તાદાત્મ્ય ભાવ અનેરા હોય છે. તે વખતનો ઉલ્લાસ અને આનંદ ઘડીભર-મુકિતના સુખનો અનુભવ કરાવી દે. એ ન્યોછાવરતા ઓર જ હોય છે. પામે તે ધન્ય !

શ્રી મયણા સુંદરીના મનઃપ્રમોદકારી અતિ શુભવચનો સાંભળી સાસુજી અભિનંદે છે. વત્સે! ખરેખર તારી જીહ્વામાં નરી સાકર ભરી છે, તે અનેક સુલક્ષણોથી યુકત છેઃ એમજ થાઓ. એમજ થશે. શબ્દશકુનને વધાવી લેવાની આપણી એક ઉત્તમ રીતિ છે. માતાની ઈચ્છા, અને પ્રિયાના વચનને સિદ્ધ કરતા, શ્રીપાળ ઉચ્ચારે છે, ધ્વનિ કહે છે. માતાજી, દ્વાર ઉઘાડો. દ્વાર ઉઘાડો. જરૂર આ મારા પુત્રનો અવાજ છે. મયણા કહે છે. જિનમતના વચનો કદાપિ અન્યથા ન થાય. દ્વાર ઉઘડયા. માતાના ચરણોમાં શિર ઝુકાવ્યું. સુવિનિત પ્રિયાને પ્રેમભર્યા પ્રિયવચનોથી સંબોધી. માતાને ખભા પર, પ્રિયાને હસ્ત પર આરોપી, પોતાના પટમણ્ડપમાં પહોંચી ગયા. માતાને સિંહાસન પર બેસાડયા. પ્રણામ કર્યો કહેવા લાગ્યા, માતા, આપની કૃપાનું આ ફળ છે.

આઠે વધુઓ સાસુજીને પગે પડી. જેષ્ઠ શ્રી મયણા-સુંદરીને પણ પગે પડી. આર્યાવર્તની રમણીયતા આ છે, ગૃહવાસ પણ સ્વર્ગસમ આમ બની રહેતો. સાસુ વહુના સંવાદમાં પણ ભકિત અને વાત્સલ્ય ખૂલ્લાં થાય છે. દ્વાર પર ઉભેલા શ્રીપાલ પણ સંવાદ સાંભળી સંતોષ પામે છે ધર્મ શ્રદ્ધાની છટા અને અનુમોદના ખુલ્લા થાય છે. પુણ્યા-નુંબંધી પુણ્યની તાકાત જ ઓર હોય છે, શ્રી અને કીર્તિ પાછળ પાગલતા નહિ. અને પાર વિનાની આવી ખડી થયા જ કરે. મળેલ સમૃધ્ધિનો અને સામગ્રીનો સદુપયોગ કરવાનું મન થાય જ થાય. નહિ ચિંતા, નહિ વિવાદ કે વિખવાદ. શાંતિ-સમાધિ અને સુખ પોતાના. મન મોકળું. જીવન આનંદી. આત્મા પરમાત્માની ભકિતમાં.

બન્નેએ આઠેને અભિનંદી. આશિર્વાદ આપ્યો. આઠેના આનંદનો પાર નથી. વિદ્યાધર-રાજપુત્રી મદનમંજુષા સર્વપૂર્વ-વૃતાંત બન્નેને સંભળાવે છે. શ્રીપાળ નવેને ઉત્તમવસ્ત્રાલંકાર અને અકેક નાટકનું પેડ અર્પણ કરે છે. શ્રીમતી મયણાસુંદરીને શ્રીપાળ પૂછે છે. તારા પિતાને કયી રીતે બોલાવવા છે? ખભે કુહાડો મૂકીને બોલાવો, કુમાર કહે છે. એમ થાઓ. આની પાછળ પિતાના શ્રધ્ધાબલને દૃઢ કરવાનો અને કદાચ માનનો કણિયો રહી ગયો હોય તો દૂર કરવાનો પવિત્ર શુભ ઉદ્દેશ રહેલ છે. સુપુત્રીની પિતા પ્રત્યેની કલ્યાણકર ફરજનું આ વિશિષ્ટ દૃષ્ટાંત છે. દૂતમુખથી સંદેશ મોકલ્યો. પ્રજા-પાલ કોપિત થતાં જ મન્ત્રિઓ કહેવા લાગ્યા.

અધિક બળથી વિરોધ શો ? દૂત કહે છે તેજ કરવું હિતાવહ છે. પ્રભાતે ખભે કુહાડા સહ, મંત્રી સામંત સહ, તંબુદ્વારે પહોંચ્યા. ત્યાં તો તૂર્ત શ્રીપાળે કુહાડો દૂર કરાવી, સુંદર વસ્ત્રાલંકાર સજાવીને મંડપમાં આણ્યા. સુંદર ભદ્રાસન પર બેસાડયા. તે વખતે, અવસરની જાણુ, શ્રીમતી મયણાસુંદરી કહેતી હતી. હે તાત, પાણિગ્રહણ સમયે, મારા કર્મે આણેલો અને આપેલો ભર્તા આ છે એમ આપે કહેલું, તેજ મારા સ્વામીએ આપના ખભેથી કુહાડો દૂર કર્યો. તો આશ્ચર્ય પામી માલવરાજ શ્રીપાળને નમે છે અને કહે છે. હે સ્વામિન્, મહાપ્રભાવવાળા આપને હું ઓળખી શકયો નહિ. શ્રીપાળ કહે છે. આ મારો પ્રભાવ નથી. આ સઘળું, જે કંઈ છે, તે ગુરૂપદિષ્ટ શ્રી નવપદજીના પ્રભાવથી છે. આ સઘળો આશ્ચર્યજનક બનાવ સાંભળી, સૌભાગ્ય–સુંદરી–રૂપસુંદરી પણ સપરિવાર મંડપે.

મિલનનો આનંદ વર્તી રહ્યો છે. તેની વૃદ્ધિ અર્થે નાટક શરૂ કરવા શ્રીપાળ આજ્ઞા કરે છે. આ નાટક પણ ખરેખર ભવનાટક સંસાર વિડંબનાને હુબહુ રજુ કરે છે. સુરસુંદરીનું-પરણ્યા પછી શું થયું ! સુખના સાગરમાં કે દુઃખના ડુંગરમાં ? કયાં છે અને કેવા લેબ્બાસમાં ? કર્મ-સત્તાના સીસ્કારા કાંતિલ ઠંડી કરતા પણ કેવા ભયંકર હોય છે ? આનંદ સાગરને સ્થાને શોકાગ્નિ કેવો પ્રગટે છે ? વિ. વિ. ઘણી વાતો અને ગતો આ નાટક શરૂ થતાં જ જાણવા મળશે. પહેલા નાટકનું પેડ આનંદભર તૈયાર થઈ ગયું. પણ....પણ આ શું ? નાટકની મૂળ નટી કેમે કરી ઉભી થતી નથી. ઘણી સમજાવટ છતાં તૈયાર થતી નથી. અત્યંત પ્રેરણા પછી ઉભી થઈ. પણ ઉત્સાહનું નામ નહિ.

ઉલ્ટાને ખેદપૂર્વક એક દોહો બોલી.

ક્યાં માલવ દેશ ? ક્યાં શંખપૂરી નગરી ! ક્યાં બબ્બર દેશ ? ક્યાં નાટકમાં નાચવું ? અહો ' અહો ! સુરસુંદરીને કર્મ રાજાએ ભારે નચાવી. ગર્વનો દર્પનો નાશ કરીને જ જંપ્યો ! વચન સાંભળતાજ, જનની, જનક અને સકળ પરિવાર વિસ્મિત બનીચિંતવવા લાગ્યો. સુરસુંદરી અને અહીંયા ? શું છે આ વિચિત્રતા ! ધ્યાનથી જોતાં ઓળખી. માતાના કંઠે વળગી. રડતી, સુરસુંદરીને પિતા પૂછે છે. દિકરી ! આ શો વ્યતિકર છે ? સુરસુંદરી કહે છે. પિતાજી ! પતિ સાથે શંખપુરીની ભાગોળે પહોંચી. સુમુહૂર્ત માટે તે તમારા જમાઇ બહાર રોકાયા. સુભટો આદિ મોટા ભાગનો પરિવાર સ્વગૃહે ગયો. નિર્ભ-યતાથી રાત્રિ પસાર કરતા, અમારા પર હણો–મારો કરતી એક મોટી ધાડ તૂટી પડી. જમાઈ તમારા નાઠા. મને એકલી મૂકીને. ધાડના માણસોએ લક્ષ્મી સાથે મને પણ લીધી. નેપાલદેશમાં એક સમૃદ્ધ સાર્થપતિને વેચી. સાર્થપતિએ બર્બર દેશમાં દુકાન પર ખડી કરી, ખુલ્લું વેચાણ કર્યું. નૃત્યગીત નિપૂણ ગણિકાએ ખરીદી. નૃત્યાદિમાં નિપૂણ બનાવી. નાટક પ્રેક્ષણપ્રિય ત્યાંના રાજાએ નટપેટક સાથે મને ગ્રહણ કરી. અનેક નૃત્યો મારા નિહાળ્યા. મદનસેનાના પતિને નવ-નાટક સાથે મને પણ અર્પણ કરી. તે મદનસેનાના પતિ સમક્ષ નૃત્ય કરતા આટલા દિવસો વ્યતીત થયા. પણ સારાએ કુટુંબવર્ગને જોતાં દુ:ખ ઉભરાયું. અને સાથે જ યાદ આવ્યું મારૂં ખોટું અભિમાન. પાણિગ્રહણ સમયે મારી મહત્તા અને મયણાની વિડંબના જોઇને મેં મર્ખીએ ખરેખર અણ-છાજતું અભિમાન ધર્યું હતું. તે અભિમાનના ભૂક્કા બોલી ગયા. નરેન્દ્રોથી નમાએલ મયણા પતિનું દાસત્વ કર્યું. જે

કર્મે આ શિક્ષા કરી, મારા સાન અને ભાન ઠેકાણે આણ્યા, તે કર્મનો જય હો.

ધન્ય સ્ત્રીઓમાં ધન્ય અને મહાયશને પામતી મારી બ્હેન મયણા જ એક પ્રશંસાપાત્ર છે. એનું **નિર્મળ શીલ એજ આવા અનુપમ સુખ-સંપત્તિદાયક ફળને આપનાર છે.** પાપી-જીવોમાં અગ્રેસર હું પાપિણી છું. એમાં જરાએ સંદેહ નથી, કુલશીલ વર્જિત એવી હું છું. અને આવું મારૂં નિંદનીય ચરિત્ર છે. મયણાનો શ્રી જિન-ધર્મ કલ્પવૃક્ષથી અધિક ફલ્યો છે. મારો મિથ્યા ધર્મ વિષ-વૃક્ષ બન્યો. વિષવૃક્ષ તો દુષ્ટ ફળ જ આપેને ? મયણા કુળને ઉજાળનારી માણેક દીપિકા છે. હું છું શ્યામ કાય અને ઉંબાડીયા જેવી. કુલને લાંછન લગાડનાર. અહો લોકો મય-ણાને ધ્યાનમાં રાખો. સમ્યક્ત્વ-સત્ત્વ અને શીલ એ ત્રણે તેણીના મહાગુણોને હૈયામાં સ્થાન આપો. શકય તેનું પરિ-પાલન કરો.

મિથ્યાત્વ-દર્પ-અભિમાન-અને કામદશાનો પરિત્યાગ કરો. આ હૈયાના ઉદ્દગારો, સત્ય હકિકતમાંથી ઉપસેલા, સાંભળતા જ સૌ લોકો, અનિર્વચનીય આનંદમાં ડૂબી ગયા. કોઈ પણ વિશિષ્ટ કળાભર્યું નાટક આટલો આનંદ અને શિખ આપી ન શકત. શ્રીપાળે તૂર્ત અરિદમનકુમારને બોલાવી લીધો. સુરસુન્દરી અને અગાધ સમૃધ્ધિ સોંપ્યા. મોટાના પસાયે સઘળું મળે. દ્રવ્ય સંપત્તિ સાથે ભાવ સમૃધ્ધિ પણ. સુર-સુન્દરી અને અરિદમન પણ શુદ્ધ-સમ્યક્ત્વ-શુદ્ધધર્મ પ્રત્યેની હૈયારૂચિ પામ્યા, પ્રભાવ બધો શ્રી શ્રીપાલ અને શ્રીમતી મયણાસુન્દરીનો.

આ રીતે શ્રી નવપદજી મહાત્મ્ય, કર્મસત્તા, અને ધર્મસત્તા, ભક્તિ અને વાત્સલ્ય, ચઢતી અને પડતી પુણ્ય અને પાપના પડછંદા, ઉપકાર અને અપકાર, ઉદાર હૈયાની સ્વાભાવિક સરલતા અને મહત્તા, નમ્રતા અને અભિમાન, ઉદારતા અને કંજુસાઈ, વિ. અનેક દ્વંદ્વોનો નાટકનો મોટો અને પહેલો અંક મિલનના સુભગ આનંદમાં પરિણમ્યો. સંસારી જીવોને ઘડીભર આનંદ વિભોર બનાવનાર, સંસાર નાટકનો જ એક વિભાગને? ચેતે તે ચેતનને ઓળખે. ચેતનને ઉધ્ધરે પરમપદને પામે.

હવે શરૂ થાય છે એક અનોખો વિભાગ. 'આર્યત્વના ઝળહળતા મણિ મહારાજ શ્રીપાળ'નો. એમાં ભળ્યું છે શ્રી જિનશાસનનું અજોડ અનુપમ મોક્ષસાધક લક્ષ્ય. દેખા દેશે એમાં વિનય–વિવેક–ઉદારતા અને વડીલો પ્રત્યેના બહુમાન ભક્તિની પરાકાષ્ટા. યુદ્ધ ભૂમિ પર ભયંકર દુશ્મન ગણાય એવા પ્રત્યે પણ હૈયાની વિશાળતા અને ગૌરવ આપવાની રીતિ. તેમાંથી જન્મશે અંધકાર વ્યાપ્ત આત્મામાં સમ્યગ્‌જ્ઞાનની સરિતા. સરિતાના એજ નિર્મળ નીરના સ્નાનથી પ્રગટશે પવિત્રતા. પવિત્રતા પરાકાષ્ટાએ પહોંચતા, કેવા પ્રસંગો સર્જે છે તે જોઇએ.

પેલા સાતસો કુષ્ટિ. થયા હતા નિરોગી. મયણાના વચને ધર્મ આરાધીને. આવ્યા નમ્યા અને શ્રીપાળે રાણા બનાવી દીધા. પેલા વૃધ્ધ મંત્રિ મતિસાર. આવ્યા પ્રણમ્યા અને સુકાર્યકારી અમાત્ય બન્યા શ્રીપાળના. સસરા–સાળા–મામાદિ સર્વના સન્માન અને સત્કાર. રાજાઓ અનેક અંજલિ જોડી શ્રીપાળને સેવવા લાગ્યા. સમય પામી, સામંત મંત્રિ સહિત મતિસાર આમાત્ય શ્રીપાળને વિજ્ઞપ્તિ કરે છે. દેવ, આપ બાળક હતા. રાજ્ય પર સ્થાપન થયા હતા. છતાં જે દુષ્ટે

પદભ્રષ્ટ કર્યા. તે આપનો શત્રુ છે એમાં સંદેહ નહિ. છતી શક્તિએ પિતાનું રાજ્ય પાછું ન મેળવો, તો લોકમાં હાંસી થાય. આ આપની ઋદ્ધિ સિદ્ધિ અને આકર્ષક વિસ્તાર અફળ બની જાય, જો આપનું રાજ્ય આપ ન મેળવો. માટે કૃપા કરી આપનું રાજ્ય કબજે કરો. પિતૃરાજ્યે સ્થાપિત થએલ આપને હું જોઉં. મારૂ જીવન કૃતકૃત્યતા અનુભવે.

અમાત્યજી, કહેવું તમારૂં સત્ય છે. પરંતુ ચાર ક્રમે ઉપાય યોજાય. સામ–દામ–દંડ–ભેદ. જો સામથી–સમજણથી કામ સરતું હોય, શા માટે દંડનો–યુદ્ધનો વિચાર કરવો? જો સાકરથી પિતનું શમન થતું હોય તો કડવો રસ કે ક્ષાર શા માટે યોજવો? મંત્રી કહે છે. આપની બુદ્ધિ વયથી પણ અધિક છે. ગંભીરતા સમુદ્રને ઝાંખો પાડે છે. ક્ષમા–સહિષ્ણુતા પૃથ્વીથી પણ અધિક છે. તો ચતુર્મુખ દ્વિજવર દૂતને મોકલો. વાણીના વિલાસમાં ચતુર અને જગપ્રસિધ્ધ તે છે. શ્રીપાળે સન્માનપૂર્વક દૂતને વિદાય કર્યો. પહોંચ્યો ચંપાએ. પ્રસન્નવદને અજિતસેનને કહેવા લાગ્યો. નરવર, તે કાળ તે સમયે આપના ભત્રીજા બાળ શ્રીપાલ ગાદી પર હતા. પણ બાળક પૃથ્વીનો ભાર કેવી રીતે ઉપાડી શકે? માટે આપના સ્કંધે તે ભાર વહ્યો. સકળકળા શિક્ષણાર્થે શ્રીપાળને વિદેશ મોકલ્યા. તે શ્રી શ્રીપાળ સકળકળા કુશલ બન્યા છે. સર્વોત્કૃષ્ટ સૈન્ય–અને ચતુરંગી સેનાસભર બન્યા છે. સેંકડો રાજાઓ તેમના ચરણોમાં નમી રહ્યા છે. તે શ્રી શ્રીપાળ આપનો ભાર હળવો કરવા આવી રહ્યા છે. તો આપે પણ રાજ્યનો ભાર ઉતારી આરામ કરવો, સુયોગ્ય ગણાય. જુના સ્તંભનો ભાર નવા સ્થંભ પર સંક્રમ કરવાનો લોક રિવાજ પણ છે. અનેક રાજાઓ તેમના ચરણની ભક્તિ માટે આવી ગયા

છે. તો આપ તો ઘરના છો છતાં મળવા પણ ન આવ્યા. પરિણામે શત્રુઓ ઘરનો વિરોધ સમજશે. તે ઠીક ન ગણાય. ઘરમાં ક્લેશ શત્રુઓ માટે કલ્પવૃક્ષ જેવો થઇ પડે. માટે આપ બે વચ્ચે વિરોધ શોભે નહિ, કદાચ વિરોધ હોય તો પણ શું? હું બળવત્તર છું એમ માનતા હો તો ભીંત ભૂલો છો. આપ ખદ્યોત આગીયા જેવા છો. શ્રી શ્રીપાળ સૂર્ય સમાન છે. સરસવ આપ છો મેરૂ શ્રી શ્રીપાળ છે. જો આપના જીવિત પર આપને કંટાળો ન આવ્યો હોય તો શ્રી શ્રીપાળના પાદને સેવો. ગર્વ પર્વત પર ચઢશો અને આજ્ઞાનો સ્વીકાર નહિ કરો, તો યુદ્ધ માટે તૈયાર થવું પડશે.

તે સાંભળીને અજીતસેન કહે છે. તારી વાણી પરથી તું બ્રાહ્મણ જણાય છે. પહેલા મીઠો, મધ્યે ખાટો, અંતે કડવો અને તીખો તારો વાણીનો વિલાસ છે. આવા જ પ્રકારના ભોજનનો ઉપભોગ કરતો તું ચાર મુખવાળો જણાય છે. અમે તેના સ્વજન છીએ જ નહિ. પણ તે તારો સ્વામી અમારો શત્રુ છે. અમે તેના શત્રુ છીએ. અમે દયાથી (?) તેને જીવતો જીવા દીધો. તેથી તું અમને હીનબલી વર્ણવે છે. તારા સ્વામીને બલવાન્ ગણે છે. પણ જો સાંભળ. મારા જીવિતથી હું કંટાળ્યો નથી. પણ તેના પર યમરાજ રૂઠયો છે. નિશ્ચિંત સુતેલા મને-સિંહને જેથી જગાડયો છે. તું દૂત છો, દ્વિજ છો, માટે જીવતો જઇ શકે છે. તારા સ્વામીને યમસદનમાં મોકલવા હું શીઘ્ર આવું છું.

દૂત શ્રીપાળ પાસે પહોંચ્યો. બધા સમાચાર જણાવ્યા. શ્રીપાળે સૈન્ય સહિત પ્રયાણ કર્યું. ચંપા પાસે, ગંગાના તટે ઉચ્ચપ્રદેશમાં ડેરાતંબુ નંખાયા. સામે અજીતસેન પણ આવી

પહોંચ્યો. ભૂમિ શુધ્ધિ થઇ શસ્ત્ર પૂજા ખરી જ. સુભટોની પ્રશંસા ભટ્ટ લોકો કરવા લાગ્યા. દરેકને ચંદનતિલક થયા. મસ્તકે ચંપાના પુષ્પોથી પૂજા થઇ. મહા ભડવીર અગ્ર–સુભટોના ચિન્હો જુદા તરવાઈ આવ્યા. ડાબા પગમાં માલા વિશેષનો ટોડર છે. જમણા હાથે વીરવલગ પહેરેલ છે. છત્ર ચામર પણ ખરા. બન્ને બાજુ ગર્જના થવા લાગી. જાણે ગજરાજ ગાજ્યા. કોઇ સિંહનાદ કરે છે. કોઈ નાચે છે. કોણ પ્રહાર પહેલો કરે તેની હોંસાતુંસી પણ થાય છે.

ઘરથી નીકળતા પણ ખૂબ ખૂબ શીખ અને પ્રેરણાઓ મળેલી. માતા પુત્રને કહે યુદ્ધ એવું ખેલજો, જેથી પિતાનું નામ રહે. પુત્ર હું વીરની પુત્રી અને વીરની પત્ની છું. વીરની માતા બનાવો અને જય પામો. તેજ સ્ત્રી ધન્ય છે. જેનો પિતા–પતિ અને પુત્ર ત્રણે વીર છે. વળી કોઇ પ્રમદા પતિને સંબોધે–મારો મોહ રાખશો નહિ. આપ જીવતા હો કે મૃત્યુ પામ્યા હો, આપની પાછળ જ છું, મશ્કરીકારી કહે-માર નયન કટાક્ષથી આપ ઘાયલ બની જાવ છો. વીજળીના જેવા શ્વેત ભાલાઓના પ્રહાર કેવી રીતે સહશો. એવામાં તો સૂર્યોદય તેજસ્વી થયો. જાણે સુભટોના તેજ–આડંબરને પડકાર દેતો હોય. તૂર્ત જ અગ્નિમસેનાના સુભટો તલ્વાર સામે તલ્વાર, બાણ સામે બાણ, ભાલા સામે ભાલો, એમ ઉગ્રયુધ્ધમાં પ્રવૃત્ત બની ગયા. કોઈ શુરવીરનું મસ્તક ઉછળ્યું. જાણે સૂર્યને ગ્રસ્ત કરવા રાહુ ન ઉછળ્યો હોય.

કોઈનું શીર વિનાનું કબંધ યુધ્ધ કરતું દેખાયું. જાણે રણભૂમિ પરનું તાંડવનૃત્ય. રથો તો જાણે પાપડની જેમ ભાંગવા લાગ્યા. હસ્તીઓ હણાવા લાગ્યા. અશ્વોનું અસ્તિત્વ મિટવા લાગ્યું. ભૂમિ લોહીથી કાદવમય બની ગઇ.

અજીતસેના ભાગવા લાગી. અજીત પોતાના નામ પર લાજ્યા. ઉઠયો અને કૃતાંત કાળ માફક શ્રીપાળની સેનાને હણવા લાગ્યો. ત્યાં તો પેલા સાતસોએ અજીતને ઘેર્યો. કહેવા લાગ્યા. રાજન્, હજુપણ સમજી જાવ. શ્રીપાળને પ્રણમો. ફોગટના મોતને શરણે ન જાવ. પણ અભિમાન ચઢયો માનવી. વિચારે ન પરિણામ. લડવા લાગ્યો. પછડાયો અને જીવતો પકડાયો.

આ છે સંસારની સંહાર લીલા. તેમાં રંગ પૂરે મોહમગ્ન માતાઓ અને પ્રમદાઓ. જરૂર સંસારી ફરજનું ભાન છે. ક્ષત્રિયવટ અને મોહમય ત્યાગ પણ દેખાય. પણ આખરે કર્મબંધ અને કુગતિના દ્વાર જ ને? રૌદ્રધ્યાનની ભૂમિકા છે રણભૂમિ. કોઇ સમ્યગ્દૃષ્ટિ આત્મા, સદ્‌વિચારને જાળવી શકે. આવી પડેલ ફરજપળને, હળવેથી, પતાવી લે. વિચારોમાં દુષ્ટતા. ક્રૂરતા ન પેસવા દે એ અપવાદ–એજ અપવાદ દેખાશે શ્રી શ્રીપાલમાં. અજીતસેનને લાવ્યા શ્રીપાળ પાસે. રાજાએ ઝટ બંધન છોડાવ્યા. ઉપરથી કહેવા લાગ્યો. તાત, મનમાં જરાએ સંકલેશ ધરશો નહિ. પ્રથમની માફક જ આપ પૃથ્વીને ભોગવો સુખપૂર્વક. ત્યાં થયો અજીતસેનનો હૃદય પલ્ટો. અહો દૂતનું માન્યુ નહિ. બહુ ખોટું કર્યું. કયાં હું વૃધ્ધ છતાં પરદ્રોહ પરાયણ મહાપાપી? કયાં આ બાલ છતાં એક પરોપકારમાં જ રત?

ગોત્રદ્રોહથી કીર્તિનો વિનાશ કર્યો મેં. રાજદ્રોહ કરી નીતિનો નાશ કર્યો મેં. બાળદ્રોહથી સુગતિ દૂર કરી મેં. ત્રણે મારા વણસ્યા. મારે માટે નરક જ એક ગતિ છે. પાપ કરવામાં કેટલો પાવરધો બન્યો. હવે તો એક જ ઉપાય છે. પાપઘાતનો. પ્રવ્રજ્યા–જૈન દીક્ષા એજ પાપનું પ્રાયશ્ચિત બને. શુભ વિચારની ધારાએ ચઢયો આત્મા. પાપનો સમૂહ પ્રલય પામવા

લાગ્યો. કર્મસત્તામાં આકોરૂં પડ્યું. પૂર્વજન્મ સ્મૃતિ ઉપસી આવી. વિરતિ સખી હાજર થઇ. દેવતા પણ વેષ સાથે હાજર. અજીતસેન રણભૂમિ પર રાજર્ષિ બન્યા.

પશ્ચાતાપ એ અમૃત ઝરણું છે. હોય જો સાચા હૈયાનો એકરાર. ફરીથી ન કરવાનો માનસિક કરાર. પળમાં નરકના આયુષ્ય દળીયા. પળમાં સર્વાર્થસિધ્ધિના અને બીજી પળે કેવળજ્ઞાનના આવારણો. બધી તાકાત છે પશ્ચાતાપના અગ્નિમાં. શુભ ભાવનાની ચઢતી શ્રેણિમાં. સેંકડો દૃષ્ટાંતો શાસ્ત્રે ટંકાણા છે. ટંકાર થવો જોઇએ આત્મામાં. શ્રી જિનવાણીનો. સદ્‌ગુરૂના સદુપદેશનો. ધર્મમિત્રોની મીઠી પ્રેરણાનો. સંયોગોને વટાવી આત્મબલ ફોરવવાનો. ફોરવ્યું આતમબલ અજીતસેને. જીતી સેના મોહરાજની વાસ કર્યો ધર્મરાજના સામ્રાજ્યે, સર્વવિરતિના સુધાભર્યા મહાલયમાં. પ્રશ્ન જરૂર ઉઠશે વિચારકને. કે રણભૂમિ પર વૈરાગ્ય? હારને પ્રસંગે વિરાગ અને ત્યાગ? હા. એજ છે જિનશાસનથી અદભૂત ખૂબી. મોટે ભાગે પૂર્વજન્મના સંસ્કારો અને આરાધના કામ કરે છે એની પાછળ. સંસારના આકર્ષણો આડે પણ ખેંચી જાય. તુમુલ યુધ્ધો પણ કરાવે. નિમિત્ત મળતાં પૂર્વની અનુભૂતિ જાગૃત બને. કુવિચારોનો પળમાં કચ્ચરઘાણ નિકળે. સુવિચારોની પુનઃસ્થાપના સ્થિર બની જાય. આત્મા અમી ભર્યા આંદોલનોમાં રમતો બની જાય. સ્વનું ભાન થતાં સહજાનંદી બને. સ્વમાં રમે. પરથી પાછો ફરે. વિરાગનો ખપી બને. ત્યાગનો સ્વામી બને. એજ એને ગમે.

સંયમપૂત બનેલા અજીતસેન રાજર્ષિને એકદમ નમી પડયા શ્રીપાળ અને શ્રીપાલનો પરિવાર. ભક્તિભર હૈયે સ્તવના શરૂ કરી. અહો ક્રોધ યોધ્ધાને આપે ક્ષમા ખડ્-

ગથી હણી નાખ્યો. આપની તલ્વારની ધાર ખરેખર અતિ તિક્ષણ. હે મહામુનિ આપને નમસ્કાર હો. માનરૂપી મહા-પર્વતને આપે વિદારી નાખ્યો. મદાદિ આઠે શિખરોનો તોડફોડ કરી નાખ્યો. આપનું નમ્રતા વજ્ર ખરેખર અદ્વિતીય છે. માયારૂપી વિષવેલડીને મૂળમાંથી ઉખેડી નાખી. આપનો સરળતા શંકુ ગજબનો છે. લોભ સાગરને તો આપ ખાબોચીયા માફક ઉલ્લંઘી ગયા. આપની નિર્લોભતા નૈયા અમારા પણ ભવસાગર પારને માટે હો. અને કામ રૂપી સર્વના દર્પને આપે અસ્તવ્યસ્ત કરી દીધો. આપનો વિવેક અને સંવર સન્માનનીય છે. પૂજનીય છે. આપ કુશળ કારીગર છો. મન-રૂપી પટથી ત્રણે રંગ ઉડાવી દીધા. કામરાગ તો ભાગ્યો જ ભાગ્યો. સ્નેહ–રાગનો સંભવ જ નહિ. અને દૃષ્ટિ રાગ–મિથ્યાદર્શન રાગ દૃષ્ટિ સામે પણ હવે ન આવે.

મુનિવર શતકોટિ વંદન આપના પવિત્ર ચરણોમાં. આપે દ્વેષ ગજેન્દ્રને ગભડાવીજ દીધો. બિચારો ઉભો પણ ન થઈ શકયો. આપનો ઉપશમ અંકુશ સદા અમારા પર અંકુશ રાખો. પેલો મોહમહામલ્લ, આપના વૈરાગ્ય મુદ્દગલથી એવો પિટાયો, એવો ઘાયલ બન્યો કે આપની સામે જ ન જુએ. પણ એ આપના ભક્તજન અમારા પર કેર ન વર્તાવે એમ આપને પ્રાર્થીએ. આ આંતર વૈરીઓ મહાદુર્જય. સુરાસુર અને ઇંદ્રો પણ હારી ગયા. આપે તે જીત્યા લીલા માત્રથી. આપના પાદારવિંદમાં પ્રકર્ષ ભાવના પ્રણામ.

પ્રથમ પણ આપ કાકા તરીકે પૂજ્ય હતા જ. હવે તો ત્રૈલોકયપૂજ્ય મુનીશ્વર બન્યા. સ્તુતિમાં સ્વાભાવિકતા છે. કોઈ શંકા દોષ કે પૂર્વવિચારણા પણ નથી. ન જ હોય–રાજ્ય ભોગવવા આમંત્રણ આપ્યું જ હતું. પણ સ્વરાજ્ય

ભોગવવામાં લીન બન્યા. મુનિ બન્યા. તેમના પુત્રને તેમના સ્થાને બેસાડે છે. રાજ્યનો લોભ નથી. સત્તાનો દર્પ નથી. મહાશોભાયુક્ત મહામહોત્વપૂર્વક, સુમુહૂર્તે ચંપામાં પ્રવેશ થયો. સર્વ રાજાઓએ મળી હર્ષપૂર્વક પિતૃપદે સ્થાપન કરી, ફરી રાજ્યાભિષેક કર્યો. મયણા મૂખ્ય પટ્ટરાણી. બાકીની આઠ લઘુ લઘુ પટ્ટરાણી.

મતિસાર મહામંત્રિ. ધવલશેઠના ત્રણ સજ્જન મિત્રો સહાયક મંત્રિઓ. ધવલનંદન વિમલને બોલાવી, કનકપટ અર્પણ કરી, નગરશેઠ સ્થાપ્યો. સર્વચૈત્યોમાં અષ્ટાન્હિકા મહોત્સવ શરૂ થયો. શ્રી સિદ્ધચક્ર પૂજન પરમભકિતથી કર્યું. સ્થાને સ્થાને નૂતન–જિનચૈત્યોનું નિર્માણ થયું. જાણે પર્વત પરના ઉતુંગ શિખરો. અમારિ પડહો–જીવોને અભયદાન. અને ગરીબોને અન્ન–વસ્ત્ર–ભોજન–દાન.

અનુકંપા શ્રી જિનધર્મનો શાસન શણગાર. ઔચિત્ય દાન ધર્મની પ્રભા. હરકોઈ ધર્માનુષ્ઠાનમાં દીન–દુઃખીની દયા. મુંગા–અબોલ પશુ–પક્ષીને અભય–કણ–તૃણ આ તો હોય જ હોય. શિવાય સંબંધીઓને પહેરામણી. નોકર ચાકરને તોષ પમાડતું ધર્મના ગુણ ગવડાવતું ઉદાર ધનાદિનું દાન–વિતરણ. આ બધુ ધર્મ ઔચિત્ય ગણાય. અતિ જરૂરી આ છે સર્વકાળમાં–વિશેષે કરીને આ કાળમાં. ધર્મની લઘુતા ટાળવા. નિંદકોના મોઢા મુંગા કરવા. હૈયાની કુણાશ જાળવી રાખવા. અનેક દગ્ધ આત્માઓને ઠારવા. ધર્મની ફોરમ સર્વત્ર ફેલાવવા. અનુકંપા અને ઔચિત્ય શીતલ વાયુ જેવા છે.

ન્યાય અને નીતિથી પ્રજાનું પાલન કરતા શ્રીપાલ, રાજ્યધૂરા વહે છે. પ્રીતિદાયિણી પ્રમદાઓ સાથે આનંદમાં

વિલસે છે. આ બાજુ રાજર્ષિ અજીતસેન-મુનિવરને શુદ્ધ- ચારિત્રની અનુપમ આરાધનાથી અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. તેઓશ્રી પધાર્યા. આગમન સાંભળી શ્રીપાળ પ્રમોદથી રોમાંચિત બની ગયા. માતા અને પ્રિયાઓ સહ વંદનાર્થે જાય છે. ત્રણ પ્રદક્ષિણા પૂર્વક વંદન કરે છે. તેઓની સામે સપરિવાર વિનયથી બેસે છે. મુનિવર રાગ અને રોષ બન્નેથી મુકત છે. ભાવ કરૂણાથી ભરપૂર હૈયાયુકત છે. ઉત્તમ પ્રકારના ધર્મના સ્વરૂપને કહે છે.

હે ભવ્ય જનો, ભવસાગરમાં મનુષ્ય ભવની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. શાસ્ત્રમાં દશ અશકય દૃષ્ટાંતો બતાવ્યા છે. તે અશકય પણ દેવાદિના સાન્નિધ્યથી શકય બને. પણ ઉચ્ચ- કોટિની પુણ્યરાશિ એકત્રિત થઈ હોય, ત્યારે જ મોંઘેરા માનવ ભવ મળે. તે મળ્યા પછી પણ અનાર્યક્ષેત્રમાં જન્મ થાય તો તે માનવભવ નિરર્થક બને છે. આર્ય દેશમાં પણ, ભીલ, કોળી, વાઘરી, શીકારી, માછીમારના કુળોમાં જન્મ થાય, ખલાસ. પાપના પુંજ એકઠા કરી, આત્મા નરકાદિ ગતિમાં ચાલ્યો જાય. સારા ગણાતા પણ બ્રાહ્મણાદિ મિથ્યા વિચારોથી વ્યાપ્ત કુળમાં જન્મ પામે, હિંસાત્મક યજ્ઞાદિ અને બીજી મિથ્યાત્વની કરણી કરતો સદ્ગતિને સાધી શકે નહિ. સદ્ધર્મ પામી શકે નહિ.

મળી ગયું સર્વશ્રેષ્ઠ શ્રાવક કુળ. પણ આત્મા પડયો આરામમાં. મોજશોખ અને અમનચમનમાં. શ્રેષ્ઠકુળને કનિષ્ટ બનાવી દે. આર્યત્વને અનાર્યતામાં પરિણમાવે. મળી ગયો સસદ્ગુરૂ સંયોગ. સાંભળી લીધી આગમવાણી શ્રી જિન- ભાષિત-ધરી ન હૈયે જરાય. ધરી તો વાગોળી નહિ. શુદ્ધ શ્રદ્ધાભરી હૈયામાં બનાવી નહિ. ગમી ગઈ. શ્રદ્ધેય થઈ

ગયી. પણ પાંચે પ્રમાદની પકડમાં આત્મા પકડાયો, પ્રાપ્ત દુર્લભ શ્રદ્ધારત્નને પણ ગુમાવી બેસે. અરે ધૂર્ત ધર્મીઓ અવળે માર્ગે પણ ખેંચી જાય. મિથ્યાદર્શનને ઉપાસક આત્માને બનાવી દે. એનો એજ રઝળપટ્ટો-નરક-તિર્યંચ અને નિગોદપણા. આવા અનંતા ચક્રો ચાલ્યા જ કરે. અંત આવે નહિ, જન્મ-મરણના મહાવ્યાધિમાંથી છૂટે નહિ. મુક્તિ મળે નહિ. અજન્મા બને નહિ, સાચા સુખનો અનુભવ થાય નહિ.

ખરેખર, સુશ્રધ્ધા અને સત્ક્રિયા યુકત, જૈનકુળ મળવું એજ માનવભવની શ્રેષ્ઠતા છે, સફળતા છે. તેમાં પણ તત્ત્વ-રૂચિ સાથે તત્ત્વજ્ઞાન પામવાની તમન્ના, એજ ઉત્થાન અને પ્રગતિના અણમોલ સાધનો છે. સુંદર આત્મા માટે, દ્રવ્યા-નુયોગ જેવા સુંદરતમ ગહન પણ આલ્હાદક વિષયમાં સુરૂચિ પૂર્વકનો પૂર્ણ પ્રયાસ, એ છ લક્ષણ અને સિમાચિન્હ, નીકટ મુક્તિ પ્રાપ્તિનું. અતિ અલ્પ ભવમાં નિરંજન નિરા-કાર બનવાનું. આ અંતિમ ધ્યેયની પ્રાપ્તિ માટે ધર્મ છે સર્વવિરતિ. સર્વ સાવદ્યનો સર્વથા જીવનભર ત્યાગ કરવો એજ ધર્મ છે. એજ તારક ઉધ્ધારક પ્રવૃત્તિ છે. તે પામે તે ધન્ય! તે સ્વીકારે, રૂડી રીતે પાળે, તે પુણ્યવાન્.

તે સાધુ ધર્મ છે દશ પ્રકારતો-ક્ષમા-સહનશીલતા-સહિષ્ણુતા એ છે પ્રધાન લક્ષણ ગુણ સાધુનો. ક્ષમાનો માર્દ-વતા નમ્રતા જન્માવે. નમ્રતામાંથી સાચી સફલતા આવે. તે માટે લોભથી મુકત દશા જોઈએ. નહિ તો લોભે લક્ષણ જાય. ધન-સંપત્તિ ત્યાગ એ દ્રવ્ય મુકતતા છે. ક્રોધાદિ કષાયોથી મુક્તિ એ ભાવમુકતતા છે. લોભને દૂર કરવા ઇચ્છાઓ પરનો કડક કાબુ જોઇએ. જેમ ઇચ્છાઓ

અને જરૂરિયાતો વધે તેમ પૈસાની વધુ જરૂર અને પછી લોભ થાય સ્વાર. દયા ભાવ જન્મે તો જ ઈચ્છા પર કાબુ આવે ને? દરેક જરૂરીયાત પાછળ, તે ચીજની પ્રાપ્તિ યા પેદાશ પાછળ, નાની મોટી હિંસા અનેક જીવોની ઉભેલી જ છે. માટે જ જીવ સ્વરૂપ સમજી, જીવદયા હૈયે ધરવાની, શક્ય તે અમલ કરવાની, અતિ આવશ્યકતા. સત્ય કહો, અસાવદ્ય વાક્ય-વચન કહો. તે આવ્યા વિના, દયા ટકે ક્યાંથી ? સૌ ગુણ અવગુણનું કેન્દ્ર છે મન. નિર્મળ મન વિના, માનસિક વિચારોની શુધ્ધિ વિનાં, આત્મામાં પવિત્રતા જન્મે નહિ તે શૌચ વિના, સત્ય ટકે ક્યાંથી ? તે પવિત્ર વિચારોની જનની છે બ્રહ્મસેવ. પરમાત્મ ભાવ પ્રત્યેનો પ્રેમ એજ છે સાચું તાત્વિક બ્રહ્મચર્ય, તેમાં સાત્વિકતા લાવવા બાહ્ય બ્રહ્મચર્ય–સ્ત્રીસંગ ત્યાગ– પરપુદ્ગલપરિણતિ પરિત્યાગ એ બની જાય ખૂબ ખૂબ જરૂરી.

શરીરથી ધર્મ સાધવાનો છે. શરીરનો ટકાવ શુક્રધાતુ વીર્ય પર છે. તે શુક્રના અખૂટ સંગ્રહ સાત્વિકતા–નિર્મળતા વિચારોની દ્રઢતા જન્માવવામાં સહાયક બને. માટે બ્રહ્મચર્યનો મહિમા અપરંપાર. બ્રહ્મચર્ય પાલનમાં રાગદ્વેષની વૃત્તિ પ્રવૃત્તિનો વિનાશ. આત્મગુણોમાં રમણતા–રમણતા મિટાવે ભવોમાં થતી ભ્રમણતા. ભવભ્રમણતા ભાંગી કે મુકિત સાધી. અને–અને આને માટે જ હું કોણ ? ક્યાંથી આવ્યો ?ક્યાં જવાનો ? શા માટે આ રખડપટ્ટો ? રખડપટ્ટો ટાળવાનું સર્વોત્તમ સાધન શું ? આ વિચારણા એજ આત્મરમણતાને ?

આવી આત્મરમણતા પેદા કરવા, ટકાવવા, વૃદ્ધિગંત કરવા અકિંચનતા ગુણને ગોતવો રહ્યો તે આવે નિસ્પૃહતાથી–વૈરાગ્યભર શુભ વિચારોથી. મારે પર વસ્તુનું કામ જ

શું છે? પરના સંગે તો સંસારી રંગ લગાડયો. એની લગનીએ દુઃખનો દાવાનળ જન્માવ્યો. અનંત શકિતનો આત્મા પામર અને ગમાર બની ગયો. નહિ જોઈએ એ જંજાળ. દફનાવી દઉં એ જરૂરીયાતના ભૂતને. મસ્ત બની જાઉં આત્માના નિર્વિકારી અનંત ગુણોમાં. સંસારની–વિશ્વની કોઇ વસ્તુ મારે ન જોઈએ. જોઈએ આત્માની અનંત શકિતનું પ્રગટીકરણ. અને તે માટે અનંતશકિત પ્રગટ કરવાનો પારમાર્થિક સર્વશ્રેષ્ટ અવિચળ માર્ગ બતાવી જનાર પરમાત્મા અરિહંત ભગવંત. તે અરિહંતદેવના શુદ્ધ સ્વરૂપને ઓળખાવનાર, પંચમહાવ્રતધારી. ભીક્ષોપજીવી, સંસાર વ્યવહારથી પર, સદ્ધર્મ પ્રચારક, પરમોપકારી સાત્વિક ગુરૂદેવો.

આ પ્રકારનો ધર્મ કલ્પવૃક્ષથી પણ અધિક ભૌતિક અને આત્મસંપત્તિને વિસ્તારનારો છે. ધર્મથી પુણ્ય અને પુણ્યથી પ્રગટ પ્રભાવક સુખ. ચિંતામણિ ઐહિક વૈભવને આપે. ધર્મચિંતામણિ રત્ન અપાર વૈભવ, સદ્દગતિ, અને પ્રાંતે મુકિતના સુખને આપે જ આપે. કેવળજ્ઞાન રૂપી શ્રેષ્ઠ પ્રકાશ આત્માનો પ્રગટ થાય ધર્મથી. જેમ મેરૂ અચળ છે, તે ધર્મ ફળ આપવામાં અચળ જ છે. ભાવની પ્રાધાન્યતા છે ધર્મમાં, સદ્દભાવ જિનાજ્ઞાનુસારનો, પરિણામની ધારા નિર્મળ મનની, આત્મકલ્યાણની જ. પરને તારવાની. આથી વધારે મનતુષ્ટિ કઇ ?

સાતક્ષેત્રોનું પોષણ અને રક્ષણ. જાણે આત્માના રક્ષણ માટેની સાત વાડો ૧. શ્રી જિનબિંબ. તારક ભગવંતની

અંજનશલાકાદિ પવિત્રીત મૂર્તિ. તે ભરાવવી, તેનું અંજન-પ્રાણ પ્રતિષ્ઠા કરાવવી તે બિંબની ગાદી નશીનની ભવ્ય ક્રિયા ટાણે પ્રતિષ્ઠામહોત્સવ કરવો. તે રીતે આત્મામાં નાથને અને નાથની આજ્ઞાને કરવી.

૨. શ્રી જિનચૈત્ય-દહેરાસર બાંધવું-બંધાવવું. જીર્ણનો ઉધ્ધાર કરવો. નાશવંત સ્વદ્રવ્યથી સનાતન આત્માનો સંસાર સાગરથી ઉધ્ધાર કરવો. હજારો-લાખો લોકો આવે. દર્શન કરે. સદ્દર્શનરત્ન સમ્યક્ત્વ પામે. અરિહંતની આજ્ઞાને સમજી-પામી સંસાર છોડે. ત્યાગી મહામુનિવર બને. અશકિતમાન શ્રાવક બને. બારવ્રતાદિ ગુરૂમુખે ઉચ્ચરે. શકય સુંદર પાલન કરે. પોતે પણ સમૃદ્ધિનો ઉપયોગ નવ્યચૈત્ય નિર્માણમાં કરે. કેવી સુંદર પરંપરા સર્જાય. બોધિ બીજનો મીઠો ઝરો વહેતો જ રહે વહેતો જ રહે.

૩. સમ્યગ્જ્ઞાન. મળે તે આગમમાં. તેના નિર્યુકિત-ભાષ્ય-ચૂર્ણિ-ટીકામાં-પંચાંગી લખે લખાવે. તેના ભંડારો અનેક સ્થળે સ્થાપે. સાધુ સાધ્વી સ્વાધ્યાય અભ્યાસ કરે. શ્રાવક-શ્રાવિકાને તત્ત્વનું અમૃત તેમાંથી થાય. જ્ઞાનની હેલી વરસે-તપ-ધ્યાનનું ધાન પેદા થાય. તેમાંથી આત્મ સ્વાસ્થ્ય જન્મે. બેડો પાર. આત્મા ભવપાર.

૪. સાધુમહાત્મા. સંવેગ રસના ઝરણા-સંસાર અસાર, મોક્ષ એક સાર. એજ સમજે સમજાવે. આતમ ઝુલે સૌને ઝુલાવે. નવતત્ત્વના મીઠા પીણા પીવે ને પાય. સૌનો ઉદ્ધાર થાય. ત્યાગ-વૈરાગ્ય-સંયમની સુવાસ ફેલાવે. સૌના હૈયા વાણીની વીણાએ ડોલાવે.

૫. સાધ્વીગણ. ભરદરીએ ડુબતી શ્રાવિકા માટે હુબહૂ નૈયા. શ્રાવિકાની સાચી માતાઓ. જ્ઞાનના કટોરા પાય.

શ્રધ્ધાની શેરડી ચૂસાવે. મિથ્યાત્વના કૂચા ફેંકાવે. શીલ અને સરળતાના પાઠ ભણાવે. માયા પ્રપંચ કપટને મૂકાવે. સંયમ માર્ગે આવવા શ્વેત ધ્વજા ફરકાવે. ઉપદેશ શ્વેત ધ્વજા જ છે ને ? સંસારમાં રહેલાને પણ સંસારથી લેપાવા ન દે. સાધ્વી એટલે હરતું ફરતું સમાજકલ્યાણ. સાધ્વી એટલે તપ-સ્વાધ્યાય સંયમનો મૂર્તિમંત સાદ. સાદ સાંભળે તે ફાવે. તે દુર્ગતિમા ન જાએ. અરિહંતના ધ્યાનમાં રાચે-માચે.

૬. શ્રાવક. અરિહંત અને અરિહંતની આજ્ઞાનો ઉપાસક, ઉપાસના એની આતમ કાજે. સિદ્ધિ એની સાધુપણાની પ્રાપ્તિમાં. પ્રાપ્તિ સંપત્તિની સદ્દમાર્ગે વહે. વગર કહે ધર્મમાં અનેકોને ખેંચે. દુર્ગતિ કદિ એને ન ખેંચે. પુણ્ય એનું સદ્દગતિથી સીંચે. વ્રત પાલનમાં ધીર. સાધુ-સાધ્વીનો સેવક-વૈયાવચ્ચમાં પૂરો. દાન-શીલ-તપ-ભાવના એના ધર્મ, સાધુપણાનો તલસાટ. ગાય ગુણ માત્ર જિનના. જિનના સેવક સદ્દગુરૂના.

૭. શ્રાવિકા, સંસ્કાર સીંચન કરનાર સાચુ ઘર. સાચી પાઠશાળા. સર્વોદયક્ષેત્ર. જીવવિચારને વિચારનાર. નવતત્વને પિછાનનાર. મોહને મારનાર. સારાએ ઘરમાં સુંદર ધર્મ-સંસ્કારને સીંચનાર. વાણીમાં કોમળતા અને પવિત્રતા. ચાલમાં શીલ અને શીતલતા. મનમોકળું ઉદાર અને આડંબર વિનાનું. સાધર્મિકને દેખે ને ઘેલી બને. સત્કાર પૂરો કરે કુટુંબ એની સલાહે ચાલે. અને પોતે દેવ-ગુરૂ-ધર્મની ભક્તિમાં મહાલે. સંસારમાં રહેવા છતાં સંસારથી પર. દીકરા-દીકરીને સંસાર અસાર સમજાવે. સંસ્કારની જીવતી જાગતી જ્યોત.

સાતે સ્વસ્થાને પૂજ્ય. સાતને શોભવે આઠમું. નામ એનું અનુકંપા દાન. સાથી ઔચિત્ય. ઔચિત્ય દાન આજે ભૂલાયું છે. અનુકંપાદાન દાન પણ ડચકા મારતું દેખાય છે. ધર્મ શોભે અનુકંપા વડે. હૈયાના પરિણામ કુણા નહિ, તો ધર્મ ટકે કયા બળ પર ?

ખેતરની રક્ષા તો ખેડુત કરે જ ને ? કારણ કે પાક લણવો છે. કણકણની કિંમત છે. તેમ ધર્મીને પળ પળની કિંમત હોય. ક્ષણ પણ પ્રમાદમાં ન જાય, તેવો હૈયાનો ભાવ હોય. એજ છે આત્માની રક્ષા. તે માટે ૭+૧=૮માં સંપત્તિનો સદ્વ્યય. વાણીનો સદુપયોગ-કાયાથી સેવા. મનના નિર્મળ ભાવે શ્રી ચતુર્વિધ સંઘની વૈયાવચ્ચ, ઉપલા ત્રણે ક્ષેત્રના વિકાસ માટે સદાની તત્પરતા. તેમાંથી ખરો કરવો છે મુકિતનો મોલ અને મહેલ.

તે માટે આરાધવા છે શ્રી નવપદજી ભગવંત. શ્રી સિધ્ધ-ચક્રની સેવા એટલે મુકિતના મેવા—તે લેવા તલસે તે શ્રી સંઘમાં, બાકી બધા કહેવાના ને ગણવાના. નોકારસીમાં આવ-વાની છૂટ જેવા. અરિહંતને આરાધે તે સિધ્ધ થાય. સિધ્ધ થવા માટે આરાધના. પંચાચાર પાલે સમજાવે. પ્રચારે આચાર્ય. શ્રી સંઘના યોગ ક્ષેમના રક્ષક ઉપાધ્યાયજી. આગમના દરિયા. ગમ વિનાને 'આ' છે સાચી 'ગમ' અને સમજાવનારા. સાધુજી તો શુધ્ધ ધર્મના સાચા સંપૂર્ણ ઉપા-સક—સર્વવિરતિના ચાહક પાલક અને મોહને મારનારા.

દર્શને તે દર્શન. કુદર્શન ટાળે દૂર. આવે શ્રધ્ધાના પૂર. બનવા ન દે કૂર. અરિહંતને ઓળખાવે. સદ્દહાવે. સમ્યગ્જ્ઞાન વિના આત્માની સાચી ઓળખ જ કયાંથી ? સાચી ઓળખ વિના ન મળે દયા કે દાન. દાન વિના ન વિકસે

આતમગાન. ગાન સાચું આત્માનું ગવાએ ચારિત્રમાં. ચારિત્રમાં કર્મોનો ચય-નાશ અને પ્રલય. પ્રલયમાંથી પ્રગટે અગ્નિનું તેજ. તેજમાંથી તેજ વધે. વધે જ્ઞાન. થાય અવધિ મનઃ-પર્યવ અને કેવળજ્ઞાન. સરાસર વિશ્વના સર્વ પદાર્થોનું-પર્યાયોનું ત્રિકાળજ્ઞાન. બસ. પછી ઉજ્જાગર દશા. અને મુકિતની સર્વકાળ માટેની મઝા. વાહ, ભાઈ વાહ.

માટે જ ભવ્યાત્માઓએ નવેપદો જાણવા-ભજવા-હૈયે ઉતારવા. પછી તો આત્મા આત્માને જુએ. અનંતજ્ઞાન-અનંતશક્તિ પ્રગટાવે. તપના તેજ સર્વતોમુખી ખીલી ઉઠે. ક્રોડો ભવોના કર્મોનો નાશ અને વિનાશ. આત્માનો સંપૂર્ણ વિકાસ. વિકાસ અનેકને વિકસાવે. આ રીતે આરાધે તે ભવનો પાર પામે. સચ્ચિદાનંદ પદને પામે.

દેશના દીધી રૂડી અને રળીઆમણી. સાંભળી શ્રીપાળે પૂછે પ્રશ્ન. કવણકર્મ-કારણે હુવા કોઢના રોગ? કવણ પુણ્ય કર્મ દીધા સુખના થોક? કયાં કર્મે સાગરમાં ફેંકયો? 'ડુંબપણું' આરોપ શેને આવ્યો? કરો કૃપા, કહો અમને, થાએ સંતોષ જેહથી, કૃપાનિધિ તો જંપે મુનિવર વરવાણી. સુખ-દુઃખ સંસારમાં પૂર્વ કર્મવશ આવે. સાંભળો કથા તમારી. ભરતક્ષેત્રનું હિરણ્યપુરનગર, રાજા શ્રીકાંત. પાકો આહેડી. શિકારનો શોખીન. પાપમાં પ્રસકત. પત્ની મળી પવિત્ર. જિનધર્મમાં પ્રવીણ. શુધ્ધ સમ્યકૂત્વશીલ-પાલનની પ્રેમી. પોતાના પતિને વારંવાર ટકોરતી. નાથ, આપને આ યોગ્ય નથી. શિકારનો મહાશોખ આપને માટે નરકનું કારણ બનશે. મહાભયંકર શસ્ત્રો સહિત, ઘોડા પર બેસીને, નાસતા ભાગતા પ્રાણીઓ હણવા, એ શું ક્ષત્રીય ધર્મ છે? ખરેખર ક્ષાત્રીયવટ લાજે છે નિરપરાધી હરણીયા વિગેરે હણવા એ શું નીતિનો માર્ગ છે? પરના માંસથી પ્રાણને પોષવામાં કયી બહાદુરી છે? ખરેખર તો તે પોતાના આત્માનો

જ વિનાશ કરે છે. ભયંકર યાતનાઓ અને ભીષણ દુઃખો ખડાં કરે છે. ભાવી કાળુ મેશ બનાવે છે.

પણ 'પડી ટેવ તો ટળે કેમ ટાળી ?' માને એ બીજા. ત્રિલોકપતિ શ્રી જિનેશ્વરદેવોના આગમ વાકયોથી પણ અસર નહિ. શિકારની પ્રવૃત્તિ ચાલુ તે ચાલુ. એક દિવસે સાથે સાતસો ઉલ્લંઠ દુષ્ટોને લઈને ઉપડયો મૃગયા માટે. પેઠો એક વનમાં, ત્યાં દીઠા મુનિવર એક. ધર્મધ્વજ ઓઘો હાથમાં છે. અરે હાથમાં ચમરી ગાયના વાળ લઈને આ કોઢીયો કેમ અહીં ઉભો છે? ત્યાં તો વંઠોને પૂછવું જ શું ? ક્ષમાસાગર મુનિવર પર ઉપસર્ગો થવા માંડયા. માટીના ઢેફા-પત્થર અને લાકડીઓના માર શરૂ થયા. મારતા જાય છે, આનંદ પામતા જાય છે. રાજા રાજી થાય છે. મુનિવર સમતા-સાગરમાં ઝીલે છે **ઉપશમ એજ સર્વધર્મ. આરાધનાનું ધ્યેય છે ને?**

થાય એટલા ઉપસર્ગો કર્યા. અનેક મુંગા-અબોલ વન-પ્રાણીઓને હણ્યા. રાજા સાથે ગયા ગામમાં. ફરી પાછો રાજા એક દિવસ વનમાં. સૈન્ય રહ્યું પાછળ. રાજા દોડયો આગળ. હરણિયું ગયું સંતાઈ. ઘનઘાટા વૃક્ષોની આડમાં. ત્યાં તો દેખાયા સાધુઓ નદી કીનારે. બસ મળ્યું જાણે રમકડું. મુનિવરને કરી ઘણી કીલામણા. મુનિ પડયા નદી જળમાં. પણ ખાનદાની જાગી ઉઠી. જળમાંથી-મુનિવરને કાઢયા બહાર. કયે વખતે જીવના કયા ભાવ જાગી ઉઠે, કોણ જાણે ? આવ્યો ઘેર. કહી કથની સઘળી પોતાની પત્નીને. શ્રીમતી કહેવા લાગી.

કટુફળ છે જીવ માત્રને દુઃખ દેવાના. તેમાંએ મુનિ-વરને પીડા ઉપજાવવી એટલે? કેવા ભયંકર ભીષણ, દારૂણ

દુઃખો ભોગવશો તમે? સાધુજનની મશ્કરી એટલે પોતાને મ ટે વર્ષો સુધીનું રૂદન. એમની નીંદા એટલે હીણપણાની-અધમકુલાદિની પ્રાપ્તિ. વધ બંધ અને તાડન મુનિવરને એટલે રોગોની ઉત્પત્તિ અને અકાળ મરણાદિ. મુનિના પ્રાણ લેવાનું ફળ જાણો. આત્મા અનંતકાળ દુર્યોનિમાં ભમે. ધર્મનો બોધ દુર્લભ બને. આગમમાં આ સ્પષ્ટ છે, તેવી જ રીતે **ચૈત્યદ્રવ્યનો દેવદ્રવ્યનો વિનાશ કરે, પ્રવચનમાર્ગ ઉડ્ડાહ અપભ્રાજના કરે, સયંતી સાધ્વીના ચતુર્થવ્રતનો ભંગ કરે, ખરેખર પોતાના ધર્મબોધિને તે સળગાવી દે છે.** કારમો દુકાળ સર્જે છે ભવોના ભવ સુધી પોતાને માટે, ધર્મની પ્રાપ્તિનો.

આ સાંભળી, કંઈક ધર્મના પરિણામ થવાથી, કહે છે, આવું અકાર્ય ફરીથી કરીશ નહિં. પણ કુતરાની પુંછડી. છ મહિના ભોંયમાં રાખો તો એ વાંકી ને વાંકી. કેટલાક દિવસ પસાર થયા. ગવાક્ષ-ઝરૂખામાંથી દીઠા મુનિવર એક. મેલા છે વસ્ત્ર. મેલભર્યું છે શરીર. ગોચરી માટે ફરી રહ્યા છે. ગોચરી એ ભીક્ષા માટેની સુંદર નિર્દોષ કળા છે. તેમ શીખામણ ભૂલવી એ એક અવળચંડાઇ છે. પાછો રાજા દુષ્ટમના બન્યો. આત્મીય વંઠોને આદેશ આપે છે. અરે, આ કોઈ ડુંબ ચંડાળ અમારા નગરને વટલાવી રહ્યો છે. પકડો ગળેથી. કાઢો નગર બહાર. આ રીતે મુનિવરની થતી વિડંબના, ઝરૂખે બેઠેલ શ્રીમતીના જોવામાં આવી. તો કુપિતા તેણીએ કડવા શબ્દોમાં રાજાની ઝડતી લઈ નાખી. લજ્જા પામી કહેવા લાગ્યો. દેવિ, અપરાધ ક્ષમા કરો. ફરીથી આમ નહિ બને.

પછી તો રાજા મુનિવરને બોલાવી મંગાવે છે. ચરણોમાં પડે છે. અપરાધની ક્ષમા માંગે છે. પૂજા-સત્કાર-સન્માન કરે છે. રાણી મુનિવરને પૂછે છે. ભગવંત, અજ્ઞાન ભાવથી રાજાએ મુનિવરોને બહુ કદર્થના કરી છે. મહાત્રાસ આપ્યો છે. ભગવંત શી ગતિ થશે રાજાની? આ છે આર્યાવર્તની રમણીઓના હૈયા! પોતાના પતિના આત્માની પૂરી કાળજી. માત્ર અમન ચમન અને મોજ મઝા એ ધ્યેય હતું જ નહિ. જરૂર પડે વિનયયુક્ત પણ કડક સામનો કરીને પણ પુરૂષની સાન ઠેકાણે લવાતી. પણ તેમાં ધ્યેય માત્ર આત્મકલ્યાણનું. સદ્‌ગતિ સાધવાનું. શુદ્ધવ્યવહાર રક્ષાનું. વળી વિનંતિ કરે છે. ભગવંત, ઉપાય કહો, ઉપાય કહો, આ પાપોના પરિમાર્જનનો. જે ઉપાય કરવાથી આ પાપો રાજાના પ્રલય પામે.

શ્રી મુનિવર મીઠાશથી કહેવા લાગ્યા. ભદ્રે, રાજવીએ પાપો ઘણા કઠોર કર્યા છે. કારણ કે ગુણી પુરૂષને ઉપઘાત કરવાથી, પોતાના સર્વગુણોનો અને પુણ્ય પેદાશને ઉપઘાત થાય છે. છતાં! **'ભાવના ભવનાશિની'** ઉત્તમ ભાવો હૈયામાં જન્મે, સદ્‌બુદ્ધિનો ઝરો વહેતો થાય, પાપનો હૈયાપસ્તાવો થાય. તો જીવના દુષ્ટકર્મો નાશ પામે છે કારણ કે શુદ્ધ ભાવનો ઉલ્લાસ એજ ઉત્થાનમાં મુખ્ય કારણ છે. ભાવોલ્લાસ માટે શ્રી અરિહંત પ્રધાન સિદ્ધચક્રનું આરાધન ઉપદેશ્યું છે મહામુનિવરોએ. તો હે ભદ્રે, આ રાજવી આ શ્રી નવપદજીનું આરાધન શુદ્ધવીર્યોલ્લાસથી કરે. પાપ તેથી તેના પ્રલય પામે. મહાદુઃખો પાપના ફળરૂપે, તેનાથી મૂકાય, એમાં જરાએ સંદેહ નથી. ધર્મલાભ હો. રાજા પૂજા-તપાદિની વિધિ શીખે છે. ભક્તિભાવથી શ્રી સિદ્ધચક્રને આરાધે

છે. શ્રી શ્રીમતી રાણી તો સાથે હોય જ. તપ પૂર્ણ થયો. ઉજમણું રાજ્ય સામગ્રી યુક્ત કર્યું. શ્રીમતીની આઠ સખીઓએ તે અનુષ્ઠાનની ઊંડી અનુમોદના કરી. પેલા સાતસોએ પણ કાંઈક અંશે રાજાના સુકાર્યની પ્રશંસા કરી.

એક ફેરાનો પ્રસંગ છે. રાજાના આદેશથી સાતસો એક ગામ લૂંટે છે. સઘળી ગાયો ઉઠાવી જાય છે. ગામનો વિનાશ સર્જે છે. રાજા સિંહરથ આવી પહોંચે છે. સાથે છે ઉગ્ર ભુજાબળ અને વિશાળ સૈન્ય. હણી નાખ્યા સઘળા સાતસોને. તે સાતસો મરીને ક્ષત્રિય પુત્ર થયા. યૌવનકાળમાં જ થયા કોઢિયા, સાધુને કરેલ ઉપસર્ગનું ફળ આમ જ આવેને? શ્રીકાન્ત મરીને બન્યો શ્રીપાળ. શ્રીમતીનો જીવ તે મયણાસુંદરી તત્ત્વજ્ઞાતા અને ધર્મનિષ્ઠ. **પૂર્વભવના સુંદર સંસ્કારો આ ભવમાં પણ ખીલી** ઉઠે. ધર્મ એજ પ્રાણ મયણાના બન્યા. અને હે શ્રીપાળ, તારા હિતની જ એક અભિલાષિણી તે બની રહી. તેમજ તારી મુખ્ય પટ્ટરાણી પણ બની.

શ્રી મુનિવરને તેં ગતભવમાં જળમાં બુડાવ્યા, આ ભવમાં સાગરમાં પડવાનું થયું. 'કોઢિયો' કહ્યા, કોઢિયો થયો. 'ડુંબ' તરીકે ઓળખાવ્યા–જાહેર કર્યા. મુનિવરને 'ડુંબ'નું આળ ચઢયું તારે માથે. પૂર્વભવમાં શ્રીમતીના કહેવાથી આરાધ્યા નવપદજી. આ ભવમાં આરાધ્યા મયણાની પ્રેરણાથી. ત્યાંની આરાધના અહીંની આરાધના. સુખ પામ્યો અતિ ઘણા. ઋધ્ધિ–સિધ્ધિનો સઘળો વિસ્તાર નિપજ્યો. પ્રભાવ સઘળો શ્રી સિધ્ધચક્રજીનો. આઠે કરી અનુમોદના. બની અહીંઆ તારી લઘુ પટ્ટરાણીઓ. આઠમીએ પૂર્વભવમાં શોકને 'શું સાપે ખાધી છે–સર્પ કરડયો છે' કહેલ.

આ ભવમાં સર્પે ડસી: તારી આરાધનાની અનુમોદના કરી સાતસોએ. પરભવમાં અને આ ભવમાં. રોગ રહિત થયા. રાણા બન્યા.

પેલો રાજા સિંહરથ. પ્રહારોથી ઘવાએલ. એક માસના અનશન યુકત દીક્ષા પાલી હું અજીતસેન જન્મ્યો. તારૂ રાજ્ય પડાવી લીધું. ચીર વેરથી સાતસોએ મને બાંધ્યો. પૂર્વભવના અભ્યાસથી મને ચારિત્રના પરિણામ થયા. તેમાંથી જાતિસ્મરણ થયું. સંયમ લીધું. અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. અને અહીં હું આવ્યો. માટે હે રાજન્ વાવે તેવું લણે. કોઇ ફેરા અંતે ન પણ ઉગે–પણ કર્મના ફળ તો મળે જ મળે. સારાકર્મનું સારૂં. માઠાનું માઠું. રાજા હોય કે રંક. સર્વે કર્મને વશ છે. કરેલ કર્મનો નાશ ભોગવ્યા વિના થતો નથી. પુણ્ય પાપના શુભ અશુભ ફળ ભોગવ્યે જ છૂટકો. સમતાથી ભોગવે જુના નાશ પામે, નવા પ્રાયઃ ન બાંધે હાય–વોયથી ભોગવે. જુના જાય તે કરતા નવા આવે ઘણા. કર્મ કરવા કારમા. જે અકાર્યોની લોકો પણ નીંદા કરે. પછી ફળ આવતા શોક શેનો? કટુકર્મના ફળ કડવાં જ હોય.

શ્રીપાળે સઘળું ધ્યાનથી સાંભળ્યું. હૈયે ઉતાર્યું–મનન કર્યું. ઘડીભર આત્મા કંપી ઉઠયો. આ છે સંસાર. ભવનાટક કારમું. પતન અને ઉત્થાનના ખેલ. કોઈ ફેરા આત્મા બળીયો. કોઇ ફેરા ફાવટ કર્મોની. પણ શકિત અનંત આત્માની. બને બળીયો તો જેર કરે કર્મોને. પામે કેવળજ્ઞાન અને મુકિત. પણ ચારિત્રનું સામર્થ્ય છે નહિ માટે ભગવંત. મારે યોગ્ય સુકાર્ય સૂચવો. તો મુનીંદ્ર નરેન્દ્રને કહે છે. શ્રીપાળ, એક વાત નિશ્ચિત છે. સંયમધર્મ આ ભવમાં તારે માટે નથી

કારણ કે ભોગાવલિ કર્મ જોરદાર છે. પરંતુ આરાધના કરી શ્રી નવપદની. મુક્તિ પામશો નવમે ભવે. સઘળા ભવ જાશે શાંતિ અને સમાધિમાં થાશો દેવ-મનુષ્ય. સુખનો પાર નહિ. વિરાગનો તાગ નહિ. શ્રવણમાં અમૃત સીંચાયું શ્રીપાળના. પહોંચ્યા મહાલયે. મુનિવર પધાર્યા અન્ય પ્રદેશમાં.

વિધિવિધાન પૂર્વક આરાધના કરે છે શ્રીપાળ પ્રિયાઓ સાથે. શ્રીમતી મયણાસુંદરી અવસર પામી શ્રીપાળને પ્રેરણા કરે છે. પ્રેરણા પ્રાણવાન્ છે. નાથ, પૂર્વે આરાધના તો કરી. પણ આવી વિશાળ રાજ્યલક્ષ્મી તે ટાણે હતી નહિ. માટે આપની ઇચ્છા પ્રમાણે હવે વિસ્તૃત વિશ્વપ્રભાવક આરાધના કરો. ભક્તિ શક્તિ યુક્ત શ્રીપાળ પ્રિયાની પ્રેરણાને અભિનંદે છે. શાસનદ્યોતક વિશિષ્ટ કોટિની આરાધના શરૂ કરે છે.

શ્રી અરિહંતની આરાધનાર્થે નવ ચૈત્યો સુંદર પ્રતિમાયુક્ત નિર્માણ કરે છે. નવ જીર્ણ ચૈત્યોનો જીર્ણોદ્ધાર કરાવે છે. વિવિધ પ્રકારની અદ્ભૂત પૂજાઓ રચાવે છે. શ્રી સિદ્ધ ભગવંતોની પદ્માસનસ્થ પ્રતિમાઓ ભરાવી અર્ચા નમસ્કાર કરે છે. તેઓશ્રીના ધ્યાનમાં મગ્ન બની, પરમપદ આત્મસાત્ કરે છે. પ્રતિપત્તિ-ભક્તિ-વૈયાવચ્ચાદિ દ્વારા પૂ. આચાર્યદેવોની સેવામાં ઉદ્યમવંત બની જાય છે. પૂજ્ય પાઠકોને-ઉપાધ્યાયજીને અસન-વસન-વસતિ આદિ દ્વારા પ્રતિલાભે છે. જ્ઞાન-પઠન-પાઠન સ્વાધ્યાય માટેની સુંદર યોજનાઓમાં પ્રવૃત્ત રહે છે. તેજ પ્રમાણે પાંચમે પદે બિરાજમાન સુસાધુઓની ભક્તિમાં હૈયું ભરપૂર રાખે છે. દર્શનપદની આરાધના તો કમાલ જ કરે છે. પોતે રાજાધિરાજ. પુણ્ય ભારે સબળ-સમૃદ્ધિ સામગ્રી પારાવાર. બધાનો સુંદર સદુપયોગ કરે છે. રથયાત્રા, તીર્થયાત્રા, શ્રી સંઘપૂજાદિ શાસન

પ્રભાવનાકારક કર્તવ્યો દ્વારા સમ્યગ્દર્શનને સુદૃઢ બનાવે છે. સિદ્ધાંત-શાસ્ત્રના પુસ્તકો સરસ સોનેરી શાહીથી લખાવે છે. તે પુસ્તકોના રક્ષણ માટે સુંદર ભંડારોનું નિર્માણ કરે છે. જ્ઞાનપદની આરાધનામાં તલ્લીન બન્યા રહે છે. સર્વ-વિરતિની ચારિત્રની ક્ષયોપશમ-જનિત શકિત છે નહિ. છે તમન્ના અને તલસાટ તે માટેનો પૂરો. અણુવ્રતોની આરા-ધનમાં મસ્ત બન્યા રહે છે. જેમ બને તેમ સંસારમાં ગૃહસ્થાવાસમાં પણ, રાજા હોવા છતાં પણ સાવદ્ય પાપયુકત વ્યાપારથી બચવા પ્રયત્નશીલ રહે છે. દશવિધ સાધુધર્મની ભાવના સદા ભાવતા રહે છે. આ રીતે ચારિત્રધર્મની આરા-ધનામાં સદા ઉદ્યમવંત છે, તપ તો શ્રીપાળનો આશંસા રહિત જ. દુન્યવી કોઇ ઇચ્છાથી કે પારલૌકિક પૌદ્ગલીક સ્વર્ગાદિક સુખની જરાએ લિપ્સા નહિ જ. એવી રીતે આયં-બિલાદિ તપ પૂર્ણ ઉચ્ચ પરિણામની ધારાથી કરે છે, આ રીતે નવેપદોની સુવિહિત આરાધના ઉત્તમ પ્રકારે વહી રહ્યા છે.

વર્ષ સાડા ચારે ઓળીજી નવ પૂર્ણતા પામી. રાજા-ધિરાજ તપનું ઉદ્યાપન ઉજમણું કરે છે. શી ખામી રહે ? શ્રી જિનચૈત્યમાં વિશાળ ત્રણ વેદીકા રચાવે છે. અનેક આકર્ષક ચિત્રોથી રળિયાત બનાવે છે. શાલી વિગેરે પંચ ધાન્યથી શ્રી સિદ્ધચક્રનું માંડલું મંડાવે છે. અક્ષતાદિમંત્રોથી પવિત્ર છે. રચના ચિત્તને આશ્ચર્ય પમાડે તેવી છે. સામા-ન્યથી ઘી, નાળિયેર વિગેરેની સ્થાપના. શ્રીપાલ અને મયણા-સુંદરીએ પોતે તે તે સ્થાને, તે તે રંગની સુંદર સુગંધી શોભાયુકત ઉચ્ચકોટિની વસ્તુઓ યથાસ્થાને ઢોકી. શ્રી અરિ-હંતનો રંગ સફેદ. ત્યાં ચન્દન-કર્પૂરાદિ. ૩૪ શ્વેતરત્ન

સહિતનો ગોળક સ્થાપ્યો. અને આઠ પ્રતિહાર્યના હિસાબે આઠ કર્કેતન રત્નો. સિદ્ધપદમાં લાલરંગના ૩૧-પ્રવાલ રત્નો તથા આઠ માણિક્ય અને ગોળક લાલરંગે લેપિત.

જ્ઞાનાદિ પંચાચારને સૂચવતા ગોમેદાદિ પાંચ રત્નો. ૩૬ ગુણના ૩૬ સંખ્યામાં સુવર્ણ પુષ્પો. ચન્દનબરાસ લેપિત ગોળક. ૨૫ મરકત મણિ અને ૪ ઈન્દ્રનીલમણિ. દ્રવ્યાનુ-યોગાદિ ચાર અનુયોગ. ગુણ ૨૫ ઉપાધ્યાયજીના, નાગવ-લ્લીના પાનથી નીલવર્ણો ગોલક. સાધુ ૨૭ ગુણયુકત, શ્યામ-વર્ણના ૨૭ રિષ્ટમણિ. પંચમહાવ્રતની અપેક્ષાએ પાંચ રાજ પટ્ટ વૈરાટરત્નથી વિભૂષિત. કસ્તુરી લિપ્ત ગોલક શ્યામવર્ણો. હમેંશા નજદીકનું સાન્નિધ્ય કરનાર ૧૨ દેવીઓના પ્રતિક રૂપે ૧૨ વિશિષ્ટ ફળો. બાકી વિદ્યાદેવીઓ ૧૬, ૨૪ યક્ષ યક્ષિણ શાસન સેવાકારી. એ માટેના ૬૪ ફળો. ચારે દ્વારપાળના, ચારદિશામાં, પીળા, કૃષ્ણવર્ણાદ પકવાન્નના પુંજ સ્થાપે છે. નવનિધિ સ્થાને નવ સુવર્ણકળશો. ગ્રહો અને દિક્પાલો સ્થાને પોતપોતાના વર્ણના ફલ અને પુષ્પો. ઉત્તમ પ્રકારના આવી રીતના ઉજમણામાં સઘલી શ્રેષ્ટ સુંદરતા જન્માવી. વિસ્તાર વિધિથી સ્નાત્રમહોત્સવ ભાવો-ત્પાદક રીતે કરે છે.

અષ્ટપ્રકારી પૂજા, આઠે કર્મોને હણનારી કરી. પછી શ્રી સંઘે શ્રી શ્રીપાળને તિલક અને માળારોપણનું મહા-પવિત્ર અનુમોદક કાર્ય કર્યું. ભાવપૂજામાં ચૈત્યવંદન શરૂ કર્યું. કેવું ચૈત્યવંદન !

મંગળ ઉપમા શ્રી સિધ્ધચક્રને કલ્પતરૂની. બીજી ઉપમા આપે પણ શેની. ઉપમા આપીને જ ખ્યાલ અપાયને?

અરિહંત છે મૂળ પીઠ. શ્રી સિધ્ધથી સાધુ શાખા છે. અરિહંતના ઉપદેશમાંથી જ સિધ્ધાદિ ચારે નિપજે ને? સમ્યગ્‌ દર્શનાદિ ચારે પ્રશાખા છે એ ઉપલા ચારમાં જ દેખંય ને? ઓંકારાદિ સ્વરો, લબ્ધિપદો, વિ. વિ. પ્રભુપાદ પદ્મમાં જ સમાય ને? દિક્પાલો–યક્ષો–યક્ષિણીઓ દેવપુષ્પો જેવા જ છે. સુંદર ગંભીર મનોહર ચૈત્યવંદન–શક્રસ્તવાદિ પછી આવે સ્તવના. શ્રી નવપદના મહા મહાત્મને કોણ વર્ણવી શકે? છતાં આ તો શ્રીપાળે કરેલી સ્તવના, અર્થગંભીર અને શબ્દસુંદર.

કેવળજ્ઞાન એજ મહાતેજ. આઠ પ્રાતિહાર્ય એજ બાહ્ય શોભા યાને તેજની છાયા. મણિખચિત સિંહાસન બેઠા નાથ. દીએ દેશના વૈરાગ્યની. કેવી ખૂબી છે ઉત્કૃષ્ટ–પુણ્યની અને ઘનઘાતી મોહના નાશની. વાણી મીઠી મધુરી રસશેરડી. અમૃત કુપ્પી. પાત્ર તો ભવ્યજનો. આવા અરિહંતને નમે તે સૌને ગમે. ભવમાં તે નવિ ભમે.

અનન્તજ્ઞાન–દર્શન–સુખ–શકિત એ ચતુષ્કના સર્વેસર્વા. એવા સિધ્ધ ભગવંતો અભિનિવેશ વિનાના, દુઃદર્શનનું નિરાસન કરનાર, તેજ પુંજ આચાર્યદેવો. વાચકવર્યો સૂત્ર અને અર્થ વિસ્તાર અને વિતરણમાં સદા તત્પર. દયા–દમન આત્માનું કરનાર, આત્મસાત્‌ છે સંયમ, એવા સુસાધુ ભગવંતો, એ ચારેને ભૂરિ ભૂરિ નમસ્કાર કરે તે ભવથી તરે....

ભગવંત વીતરાગનો માર્ગ. સદા તારક. મોહનો મારક. મુકિત માર્ગનો સારક. એવી પ્રબળ શ્રદ્ધા એજ દર્શન. અજ્ઞાન-મોહ એજ અંધકાર. તેનો વિનાશ એજ જ્ઞાન સાધ્વાચારનું અખંડ પાલન. પંચાચારમાં પ્રવીણતા. અષ્ટ પ્રવચન

માતા પ્રત્યેનો ભકિતભાવ બસ ગયો સંસારનો તાવ. આત્મા તપે પાપ ખપે. એજ ચારિત્ર–તેમાં સહાયક તપ. પછી પડે ન કોઈનો ખપ. ગઈ કર્મોની લપ. ઝટ આગે ધપ. કર્મ રૂપી વૃક્ષનું ઉન્મૂલન. હાથી સમ પરાક્રમ. બારે પ્રકારના તપમાં રમઝટ. પ્રગટ થશે મુકિતરમણી રમઝમ.

સુરાસુર કરે જસસેવ. તસ પ્રણમું પય નિત્ય મેવ.
વાજે મંગલતૂર નિત્યમેવ. જસ હૈયે સિદ્ધચક્ર સ્વયમેવ.

સાધર્મિક વાત્સલ્ય અને પહેરામણીઓ. શ્રી સંઘપૂજન અને હૈયા બહુમાન. કરે શ્રી શ્રીપાળ આણી ભાવ અપાર. નવ ભવમાં લેશે મુક્તિ શ્રીકાર.

નવની સંખ્યા દરેકમાં આવશે. ગોઠવી કાઢેલ નહિ, હોં! એતો કુદરના ગણિત છે ગણિત. પામરોને ન સમજાય. પુત્ર તો નવના નવ. હાથી અને રથ નવનવ હજાર. અશ્વો નવલાખ. પાયદળ નવક્રોડ. અભંગ આંક નવનો. ૯×૯=૮૧ ૮+૧=૯ ૯×૩=૨૭. ૨+૭=૯. નવી નવી નવાજેશો. નવ્ય આનંદમાં ઝુલતા શ્રીપાળ ભૂલે ન હૈયેથી નવપદજીને ક્ષણ એક. એજ હતી શાણા રાણા શ્રીપાળની ટેક.

વીણા વાજી મયણાની. રાજસભામાં સત્ત્વ અને સમ્યક્ત્વની. કસોટી થઈ કારમી. કોઢિયો મળ્યો કંથ. હૈયે જરાએ મળે ન રંજ. પ્રગટયા સુખના ગંજ. છતાં પ્રભુભકિતમાં નહિ ભંગ. પામશે સૌ પદ અભંગ. કેવો જામ્યો શ્રધ્ધાનો રંગ. ઘેર બેઠા મળી ગંગ. માટે જ છે શ્રાવક કુળ ચંગ. અન્યનો કરવો નહિ સંગ. સંગ બુરો મિથ્યાત્વીનો. સંગ કરવો સાધર્મિકનો. પરિચય કરવો સાધુજનનો.

વર્ષ નવસે પાળ્યું રાજ્ય. નીતિ ન્યાય અને સત્ય. સમજાવ્યા શાણા પાટવી ત્રિભુવનપાલને. સોંપી ગાદી ઉમંગો. બન્યા લયલીન શ્રી સિધ્ધચક્ર ધ્યાને.

ધ્યાનમાં ગુણોની ગણના. બની ગયા એકમના. નવપદ નિર્મળા કરો સહુ તેથી સુમેળા. લહો સુખ લીલા. પ્રાંતે મુક્તિમેલા.

ભવ ત્રીજે લહે સમ્યક્ સ્થાનક વીશ. બાંધે જિનગોત્ર અનૂપ,
તે અરિહંતને નમું સદા શુદ્ધ ભાવે, કાપે જેહ ભવના બંધ ૧
રાજવીકુળે જન્મે જેહ, સ્વપ્ન ચૌદ સૂચિત સુંદરકાય,
કરે દિશિકુમરી સૂચિકર્મને, મેરૂગિરિ મલી ચોસઠ ઇંદ. ૨
અતિશય ચાર જન્મથી જેહને, ચકિત કરે ત્રણ લોકને તેહ,
જ્ઞાન ત્રણ સંયુક્ત જન્મે સહુ, ભોગાવલી કરી ક્ષય લહે સંયમતેહ. ૩
ઉપયોગ અપાર, અપ્રમત્તમના, શુકલધ્યાને માંડે શ્રેણિ ક્ષપક,
પ્રગટ થતાં કેવલજ્ઞાન, પ્રગટે અતિશય એકાદશ ઉગણીશ. ૪
ગુણ પાંત્રીશ વાણીના, કરે બોધ ભવીયાં જીવને,
પૃથ્વીપીઠે વિચરંતા ઉપકારકરા, પ્રણમું ભાવે તે અરિહંતને. ૫
કરે કર્મ સમસમુદ્ઘાતે, ક્રિયા અનુપમ જિનશાસને;
મુક્તિપુરી જઈ વસે સમયમાં, લહલહતાં સુખ અનંત અવ્યા-
બાધે. ૬
લોકાગ્રે સિદ્ધ અનંતા ઝબકે; ઉર્ધ્વગતી સહજ સ્વભાવે પામી;
ઇચ્છિત પ્રભા સિધ્ધ શિલાથી, ઉપર વસતા દેજો મુક્તિ સ્વામી. ૭
ન જન્મ ન જરા, નહિ આધિ વ્યાધિ, અશરિરી સઘલા
પ્રણમું પ્રેમે,
અનંતા ગુણા ગુણ એકત્રીસ, અનંત અનુત્તર અનુપમ સુખે
વિલસે. ૮

પંચવિધ આચાર પાલનશૂરા, લોકાનુગ્રહ કરતા મહીયલ વિચરે,
દેશ-કુલ-જાતિ ગુણે દીપતા, માન-માયા-મોહ નવિ ડારે. ૯

સારણા-વાયણા-ચોયણા પડિચોયણા, ગચ્છ સંભાલણ શૂરા,
અપ્રમત્તા, વિગય વિરકતા, કષાય ત્યકતા, તે વળી ધર્મો-
પદેશસકતા. ૧૦

ગચ્છધોરી શાસનરક્ષક પરોપકારે પુરા, તે સાચા સૂરિવર,
તત્ત્વ જ્ઞાતા જગવિખ્યાતા, સુત્ર આલાપે પુરા, પ્રેમે
પ્રણમું ગણિવર. ૧૧

માત પિતા બાંધવ હિત ન સાધે જેહ તે હૈયે જીવોનું ધરતા,
શાસન તેજે તીર્થંકર જેવા, યોગક્ષેમ કરનારા, રહો
સદા તે જયવંતા. ૧૨

બાર અંગના પાઠી, સૂત્રઅર્થના ધારી, પત્થરને પણ પીગલાવે,
મોહ વિનાશે, જ્ઞાન પ્રગટાવે; અજ્ઞાન અંધકાર દૂરપલાએ. ૧૩

સૂત્રરસાયણ દેવા વૈદ્ય એકસાંર, અષીમદને ડારે, ગુણવન
ખીલવે,
જ્ઞાનદાનમેં પૂરા, અંજન શલાકા આંજે, તાપ પાપનો
ટાળે, વાણી ચંદન લેપે. ૧૪

રત્નત્રયી જગ જાણી, હૈયે માની સાધુએ, દુષ્ટ ધ્યાનને ટાળે,
ધર્મશુકલ ધ્યાને રમતાં, ભવિમન હરતાં, અષ્ટ પ્રવચન
માતા પાળે, ૧૫

શલ્યત્રણ નિવારે, તિગારવથી આઘા, વિકથામાં નવી રાચે,
કષાય ચારથી ઉભગ્યા, ધર્મદેશના ચારની દેતા, મંગલ
કથા સુણાવે. ૧૬

પ્રમાદ પાંચને ન પંપારે, ઇંદ્રિય પાંચને દમતા, તત્પર છજીવ
રક્ષણુમાં,
વ્રત છ ધરતા ઉમંગે, બ્રહ્મવાડ નવ પાળે, સાવધાન દર્શધર્મ
પાલનમાં ૧૭

પડિમા બારને તપ બારને ધારે, સંયમ સત્તર ભેદે, અઢાર
હજાર શિલાંગમાં,
કર્મભૂમિ પંદરમાં, રજોહરણુ ધરતા, અક્ષત ચારિત્રે રમતા
નિજ સ્મિતમા. ૧૮

સાધુજન એવા સમ્યગ્દર્શન દેતા, દયાગુરૂધર્મમાં દૃઢ ભવિ-
જનને કરતા,
સાગર કોડાકોડિ એક શેષે, અર્ધપુદ્ગલ પરાવર્તે મુક્તિ
સુખને દેતા. ૧૯

ગ્રંથી ભેદ્યા વિના સમ્યગ્દર્શન નવિ લહીએ, રાગદ્વેષની ગ્રંથી,
ઉપશામિકને ક્ષાયિક ક્ષાયોપશમિક ભેદે, વીર્યોલ્લાસે કરો
કર્મ મંથી. ૨૦

ધર્મવૃક્ષનું મૂળ એ, ધર્મ દ્વારં પણુ કહીએ, તે વિણુમુક્તિ
કેમ જ લહીએ,
જે વિન જ્ઞાન અજ્ઞાન જ કહીએ, તે સમ્યગ્દર્શન સદા
હૈયે ધરીએ. ૨૧

જ્ઞાન આગમ આણા વિણા કેમ કહીએ, 'આણાએ ધમ્મો' લહીએ,
તત્ત્વયથાર્થના જ્ઞાન વિના, પદાર્થ સમ્યગ્ નવિ લહીએ, જ્ઞાન
ગુણે ગટગટીએ. ૨૨

ભક્ષ્યાભક્ષ્ય ને પેયાપેય, ગમ્યાગમ્ય ને કૃત્યાકૃત્ય વિવેક
તેહથી લહીએ,
મતિશ્રુતને અવધિ ભેદે, મનઃપર્યવ કેવળ પણુ ગણીએ, તો
સુખે સંચરીએ. ૨૩

શ્રુતનાણ તે દ્વાદશાંગી, ભગવંત ભાખી, ગણધર રાખી, તે
હૈયે ધરીએ,
લખે લખાવે, ભણે ભણાવે, શ્રુત ભકિત તે સાચી જાણે,
જ્ઞાન મહિમાએ ગાજે. ૨૪
ચારિત્ર તે ચય છે કર્મનો, ક્ષય કરે સંસારનો, સર્વવિરતિ
દેશ વિરતિ જાણો,
જ્ઞાન આવ્યું આચરણે, ક્રિયાત્મક તે માનો, પંચવિધ
ચારિત્રને હૈયે આણો. ૨૫
ત્રણ જ્ઞાન સંયુત્તા અરિહાચક્રી, તે પણ ચારિત્રને ધારે,
સકળકર્મ ક્ષયે, અક્ષયપદ પાવે.
રંક–રાય સવિસરખા ચારિત્રે જાણો, દેવદેવેન્દ્રો વંદે પૂજે,
તે ચારિત્રપદ નમો સુભાવે. ૨૬
તપ તપો બાહ્ય અભ્યંતર ભેદે, બાહ્ય સાધન અંતર સાધ્ય
છે કહ્યું આગમ ભાવે,
તદ્ભવ મુકિતગામી તીર્થંકર ત્રિજગસ્વામી, તેહ પણ તપ
આરાધે કર્મક્ષયને કાજે. ૨૭

આવા ઉત્તમ ધ્યાનમાં મગ્ન. મારને મારતા, આત્માને તારતા, સર્વ જીવોને ખમાવતા, નવપદમય બની જતા, વર્ષ હજારનું પુણ્ય આયુષ્ય પૂર્ણ થતા, નવમે કલ્પે સ્નનત દેવલોકે ઉત્પન્ન થયા. શ્રી મયણાસુન્દરી આદિ નવે રાજ-રાણી શુભ ધ્યાનમાં સમાધિમાં મરણ પામી તેજ દેવલોકમાં ઉત્તમદેવો તરીકે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી, નરભવ પામી, ફરીથી દેવ થશે. એમ ચાર વાર, ભવાંતર કરી, શ્રીપાળ ભવથી નવમે ભવે મુકિત સાધશે.

અનુપમ ભાવવાહી, સર્વકર્મક્ષય કરી, સર્વજન ચમત્કારકારી, કહ્યું કથાનક સ્વામી ગૌતમે, રાજા શ્રેણિક આદિ પર્ષદાને. સૂણ્યું પ્રેમે ચિત્ત એકાગ્રે. પાવન કર્યા તંન-મન અને આત્મા સર્વેએ. દહ્યા કર્મ આકરા ભવ અપારના. સંચિત કર્યાં પુણ્યપુંજના. ધરી શ્રદ્ધા શ્રી જિનશાસને. કહે શ્રેણિક ભાવે અહો અદ્ભૂત પ્રભાવ પદ નવનો? સ્વામી ગૌતમ પુનઃ ઉચ્ચર્યાં, અરિહંત સેવા કીધી સેવક દેવપાલે. બન્યો રાજા ભવ બીજે. શેઠ કાર્તિક બન્યા ઈન્દ્ર. પુંડરીક –પાંડવાદિ મુક્તિગામી બન્યા. રામચંદ્ર પણ તેવા. નાસ્તિક પ્રદેશી–ધર્મ પરિણમ્યો તેહને. દેવલોક વિલસ્યો. શ્રધ્ધા અખંડીત ધરતો. પ્રતાપ તે આચાર્ય શ્રી કેશીનો. અને આપણા શાસન પ્રભાવક વજ્રસ્વામી–વિનીત વિવેકી અને અગીઆર અંગના પાઠી. તેમને સ્થાપ્યા ઉપાધ્યાયપદે. પામ્યા સર્વ સાધુજન વાચના સુલભ ભાવે.

સુલસા મહાશ્રાવિકા. પામે ધર્મલાભ શ્રી વીરમુખે. ત્યકતા એ અરિહંતની સાચી. શ્રધ્ધા અડગ ધરતી શ્રી જિન વચને. સતી દમયન્તી પૂર્વભવમાં કરે રત્નતિલક જિન–ચોવીસને. ભાલતિલક તેજસ્વી દમયન્તી ભવમાં ધરે. ભકતા એ પ્રભુભક્તિની.

મગધેશ્વર! વધુ શું કહેવું. તમે પણ થાશો અરિહંત તીર્થંકર પદ્મનાભ. પણ આવતી ચોવીશીએ. ભક્તિફળ છે એ વીર ધ્યાનનું. ધન્ય બન્યા તમે પામી નાથને. સર્વસાર એક અરિહંતમય નવપદ. આરાધો ધરી ઉલ્લાસ. મંગલ–કલ્યાણ વરસિધ્ધિ પામો. ગૌતમજ્ઞાને ભર્યા ભાખે એમ. ઉઠયા શ્રેણિકરાય. હર્ષે હૈયું ગાજે. ત્યાં તો મળી વધામણી. આવી રહ્યા વીર ભગવંત. રોમાંચિત બન્યો દેહ. દાન દીધું

વધામણીએ. નાથ આવ્યા. નાથ આવ્યા. ભાવ્યા સહુજનને. સમવસરણ રચ્યું દેવે. ત્રિજગપતિ સિંહાસને શોભતા. રોપતા ધર્મવૃક્ષને. દીપતા ગણનાયક ગણધર સ્વામી ગૌતમ. શક્રાદિ ઇન્દ્રો રાજે, શ્રેણિકાદિ સભા સાજે.

ત્યાં સ્વામી વાણી ઉચ્ચરે. નરનાથ શ્રેણિક, તવચિત્તે નવપદ મહાત્મ્ય ચમત્કૃતિ કરે. સાંભળ્યું જે મહાત્મ્ય તે, અતિ અલ્પ છે. સુખનું સાચું મૂલ છે એ. તેહનું પણ મળ છે ભાવ—સદ્‌ભાવ. ભાવ જાગે નિર્મળ આતમમાં. સંકલ્પ-વિકલ્પ છાંડે. શુદ્ધ મન બને. તે નવપદને સાધે. અરિહંતમય બને. અરિહંત બને. રૂપાતીત તે સિધ્ધ છે. સિદ્ધ ધ્યાને સિધ્ધ થાએ. પંચાચારના પાલક આચાર્ય અને દ્વાદશાંગીના સાધક ઉપાધ્યાય. સ્વાધ્યાય લીન, આચાર પાલક. તે બને ઉપાધ્યાય અને આચાર્ય. રત્નત્રયીના પાલક, પાપના ગાલક. મન વચન કાયાના ગોપક છે સાધુ. સાધે રત્નત્રયી તે બને સાધુ શમ—સંવેગ એ છે લક્ષણ સમ્યગ્દર્શનનું. શુધ્ધ પરિણામે તે આવે. શુધ્ધબોધ પદાર્થનો તે જ્ઞાન જ જાણો. તેહની આરાધનાએ જ્ઞાની બની જાણો. કષાય સોળને નવ કષાય ટાળો. એમ જ ભવનો ફેરો ટાળો. વિશુધ્ધ લેશ્યા ભાવે આતમ આણો ચારિત્રપદે મનને ઠાવો. નિરોધ કરો ઇચ્છાનો. તપ આતમમાં આણો. એ છે સાચો માર્ગ ને મોક્ષનો ટાણો. નિર્જરા તપથી થાએ પુરાણ કર્મની. મન મોદે તપ પદ આરાધો.

નવપદ છે આતમમાં પ્રગટાવો તેહ ભાવોલ્લાસે. વીર સ્વામીદેશના. સર્વ દર્પનાશિની. સાંભળી શ્રેણિક સંચર્યો નિજ મહાલયે. પુલકિત આંગોપાંગ તેહના નાથ અમૃતધારે. સ્વામી ભવિકમળ પડિબોહે સૂર્યસમ. કલ્યાણ મંગળ કરો.

સંવત વિક્રમની હતી ૨૦૨૯. ઓળીજી આસોની. સિરિસિરિવાલ કહા પ્રવાહ વહેતો હતો શ્રુત સાગરથી. શાંતાક્રૂઝના નવ્ય ભવ્ય ઉપાશ્રયના વિશાળ વ્યાખ્યાન મંડપ. ઉચ્ચર્યા વાણી ઓઘ. શાસનના સમર્થ રક્ષક મહાન જૈનાચાર્ય.

પરમોપકારી આરાધ્યપાદ તારક ગુરૂભગવંત. શ્રીમદ્ વિજય-રામચંદ્રસૂરીશ્વરા. વ્યાખ્યાન વાચસ્પતિ બિરૂદ વિખ્યાતા.

મહાત્મ્ય આ ગ્રંથનું અનૂપ છે. પદાર્થો ભર્યા ભૂરિ જ્ઞાનનાં. સેવકે શ્રવણે હતો લીન. જિમ રહે જળમાં મીન. ભાવઉલ્લસ્યો–ભાવઉલ્લસ્યો ભકિત કરવા શ્રુત તણી. વિનંતિ ધરી ગુરૂ ચરણે. મળી આજ્ઞા સુવિહિતની પૂર્ણિમા આસોની પુણ્ય વાસર એ ધરી. અલ્પજ્ઞાને આદર્યો આદર અતિ ધરી. પૂર્ણિમા કાર્તિકની, કર્મક્ષય કરતી ખરી, ગ્રંથ પૂર્ણતા પામે સહી. નહિ આડંબર મળે શબ્દનો–કે ન ચમત્કૃતિ ભાષા મહી શબ્દો સાદા ભાવ. સાબદા. ટાળે સઘળે વિપદા. નિમળ મને. વિમળ વાણી વીરની ગુંથી, ભક્તિભાવે. ભાવ ધરજો. આણ ધરજો–હાણ કરજો કર્મની–દોષ ટળજો મોક્ષ મળજો. એ પ્રાર્થના 'ભુવન' તણી. 'ચંદ્ર' ઉજ્જવલ કીર્તિ 'સમ'ની, 'પ્રેમે' મળજો મુજને 'દાન' માંગુ એ મુકિતના. ચંદ્ર ઉજ્જવળ શીલાએ સિદ્ધની. 'વીર' બનજો 'વીર' બનજો. સુગંધ ફેલાવજો 'કમળની.' આરામ મળશે આરામ મળશે. 'આતમ' ને શાસ્ત્રસિદ્ધાંત સમ્યગ્દર્શને.

શ્રીપાળ થાજો, શ્રીપાળ થાજો, અનુસરજો મયણા મહા-મનાને. ઉપકાર માનું. ઉપકાર માનું. સૂરિશેખર શ્રી રત્ન-સૂરીશ્વરા. જાસ પસાય પામી, ગ્રંથ લક્ષ્યે ધારી, ધરી નિર્મળપ્રભા.

ગુરૂ ગુણ ગાઉં ગુરૂ ગુણ ગાઉં, ઉપકારી મહા સૂરીશ્વરા વિજયરામચંદ્ર ગુણ નિર્મળા, પરિષહ ઉપસર્ગે અડગમના. વર્ષ દશ ને પચાસ ઉપર એક સંયમધરા મહામના અડગ ગુણનીલા

જસપાદ પદ્મે બની ભમર. ગીત ગુંજારવ કરતો ભુવન લીલા. લીલા–રત્નત્રયીની, જશઉપદેશે અવનવી, પામી ભવ્ય જના. ભારત વર્ષે વિનોદ કરતા, હર્ષ ધરતા, સંસાર સાગર તરી રહ્યા.

ઓમ્ શાન્તિઃ

ધર્મપ્રેમી, ઉદારદિલ, સ્વ. શેઠશ્રી

**તારાચંદભાઇ દલીચંદભાઇ**



જેઓનું ધર્મશ્રધ્ધાથી મઘમઘતું જીવન
પ્રેરણાદાયી બની રહ્યું.

શ્રી સંભવનાથાય નમોનમઃ

# — અનુમોદનીય-જીવન —

શ્રદ્ધાળુ શ્રાવક વર્ગે, ધર્મ-ઈતિહાસના પાનાં, ઉજળા રાખ્યા છે. તેમાંના એક થઈ ગયા ધર્મ-પ્રાણ સ્વ. શ્રી તારાચંદ શેઠ. પાદ્રાના વતની, વિવેકી અને ધર્મશ્રદ્ધાળુ.

'તારાચંદ કાકા' તરીકે દરેક વ્યકિતના માનીતા. પાદ્રા જૈન સંઘમાં અગ્રેસર. ફુલ નહિ તો ફુલની પાંખડી. પણ આપવાનો સ્વભાવ

સંવત ૧૯૭૬ થી ૧૯૯૦ સુધીમાં લગભગ લાખ રૂપીઆ ધર્મ માર્ગે ખર્ચ્યા. માન સન્માનની ઇચ્છા નહિ. ખોટી કીર્તિની લાલસા નહિ ગુપ્તદાન ચાલુ. અનુકંપાદાનમાં શાસન અને ધર્મની શોભા માને.

ઉજમણું, શ્રી સંભવનાથજી દહેરાસરે ધ્વજાદંડ, જ્ઞાનપંચમીના પારણા, ચૈત્ર સુ. ૧૩ વીસા શ્રીમાળી સ્વામીવાત્સલ્ય, કેશર-સુખડ સાધારણ. વિ. કાર્યો અને કાયમી વ્યવસ્થા પાદ્રામાં ઉલ્લાસ ભેર કરેલી. પાંજરાપોળ વ્યવસ્થામાં સક્રિય ભાગ લેતા.

પાદ્રા ઉપાશ્રયમાં-તારાચંદ દલીચંદ હોલ-તેમની સ્મૃતિ આપે છે. સં. ૧૯૭૬ માં પાલીતાણા પૂ. સાગરાનંદસૂરીશ્વરજી પાસે ઉપધાન તપ આરાધના. પાલીતાણા ચાતુર્માસ. વિલાયતી દવા કે ઈન્જેકશન નહિ જ. પોતાના ધર્મપૌત્ર પરમાનંદભાઇને પણ સૂચન કે માંદગીમાં પણ મારા વ્રત નિયમ સાચવજો. બારવ્રત-ઉકાળેલું પાણી આત્મસાત્.

પરની નિંદાને જીવનમાં સ્થાન નહિ. બન્ને દેરાસરજી સ્વદ્રવ્યથી પૂજા. પૂ. સાધુ મહાત્માઓના સંયોગે વ્યાખ્યાન શ્રવણ. અગીઆર વાગ્યા બાદ વ્યવસાય. બે ઘડી પહેલા સાંજનું સમાપ્ત.

પૂર્ણ પુણ્યથી સ્વાસ્થ્ય સુંદર. વ્રતપાલન પણ તંદુરસ્ત. લગ્નાદિ વ્યવહારથી પ્રાયઃ દૂર, પોતાના ધર્મપુત્ર મોહન-ભાઈને પહેલા જે મુનીમ હતા, તેમને પણ જૈનધર્મના રંગે રંગ્યા. ધર્મપૌત્ર પરમાનંદભાઈને, તો સાત વર્ષની ઉમરથી જ ક્રિયાનુષ્ઠાનમાં સાથે રાખી, પુરા શ્રધ્ધાવાન્ બનાવી દીધા.

પણ આ બધી પ્રવૃત્તિ અને નિર્મળવૃત્તિ પાછળ એક હાથ હતો. ભારત વિખ્યાત મહામુનિવર અને આજના કાળના શ્રેષ્ઠ-શાસન સિદ્ધાંત સંરક્ષક-અદ્ભુત વીતરાગવાણી પ્રકાશક, મહાન્ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજા આ કુટુંબના.

'ગાયકવાડી દીક્ષા પ્રતિબંધક બીલ' વખતે સુશ્રાવકને છાજતી જુબાની આપી છે શ્રી તારાચંદ શેઠે. મૃત્યુ પણ શાંત અને સમાધિ ભર્યું. ધર્મપૌત્રનો લગ્ન પ્રસંગ. પોતે ભાગ લે નહિ. ત્રણ દિવસ અગાઉ ગીતો તો ગવાય. ૧૯૯૦ માઘ વદ ૮. રાતના નવકારવાળી ચાર શરણા. નિત્ય કાર્યક્રમ પૂરો થયો. ગીતો ગવાતા હતા. શરીર પર હિસ્ટી-રીયાની અસર આવી-કસર ના રાખી. શુભ ધ્યાનમાં. દેહ છૂટયો. ન વેદના-ન મોહ.

દર રવિવારે સ્નાત્ર ભણાવતા. રવિવારે દેવલોક સાધ્યો, ધન્ય જીવન! ધન્ય મૃત્યુ....

ઉદારતા અને સાધર્મિક ભક્તિનો એક પ્રસંગ ટાંકી, આ ટુંકુ પણ અનુમોદનીય ધર્મવૃત્તાંત સમાપ્ત કરશું.

પરમોપકારી પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂ. મ. પાદ્રા બિરાજમાન હતા. બેસતો માસ હતો પૂ. શ્રી ની મોહનાશક વેધક વાણી સાંભળવાના જ એક પવિત્ર ઉદ્દેશથી, સોળ સત્તર પ્રૌઢ આત્માઓ અને સુંદરલાલ કાપડીયાનો પૂ. શ્રીનો વિરોધી આત્મા, વડોદરાથી આવેલ. વ્યાખ્યાન બાદ વિવેકી શ્રાવકો, ખેંચાખેંચ કરી જુદે જુદે સ્થળે ભક્તિ અર્થે લઇ ગયા.

કાપડીયાને શ્રી તારચંદ શેઠ સાથે આપ્તતા હતી. મળવા જાય છે. બસ, તું બધાને સાથે લઇને અહીં કેમ ન આવ્યો? પુણ્ય પ્રકોપ પ્રજ્વલિત બન્યો. બધી પરિસ્થિતિ સમજાવવી પડી. માંડ માંડ ઠંડા પડયા.

આજે આવા ધર્મપ્રેમી; હૈયાના સ્વચ્છ, વ્રત નિયમ– પચ્ચક્ખાણમાં અટંકી અને ધર્મ સિદ્ધાંતમાં અડગ આત્માઓ, વિરલ નજરે પડે છે.

વાચક વર્ગ અને અમો પ્રકાશકોમાં પણ આવી છાયા બની રહે એ છે પ્રકાશકોની મહેચ્છા.

પ્રકાશકો

卐

# સ્વ. પૂ. વિજયપ્રેમસૂરીશ્વરાંજલિ

રચયિતા :

## પૂ. વિદ્વાન્ મુનિરાજ શ્રી પુણ્યપાલવિજયજી મ.

જેના રોમ રોમથી ત્યાગ અને સંયમની વિલસે ધારા
....આ છે ગુરૂ પ્રેમ અમારા
દુનિયામાં જેની જોડ જડે ના, એવું જીવન જીવનારા
....આ છે ગુરૂ પ્રેમ અમારા

નિજ જન્મથકી નંદિવર્ધન (નાંદિયા) જેણે પાવન કીધું.
ભગવાનદાસ ને કંકુબાઈના કુળને ઉજ્જવળ કીધું (૨)
શ્રી 'પ્રેમચંદ' ઉજ્જવળ ગુણોથી, જગ ઉજ્જવળ કરનારા
....આ છે ગુરૂ પ્રેમ અમારા....(૧)

લઘુવયમાં લાગ્યા તાલપુટ સમ; સહુ સાંસારિક ભોગો
પાપો હણવા મુક્તિ વરવા, લાગ્યા મીઠા વર યોગો (૨)
ગુરૂ ગુણ સંગે ચડતે રંગે; સંસ્કાર પિયુષ પીનારા
....આ છે ગુરૂ પ્રેમ અમારા....(૨)

શાશ્વત-ગિરિવરની છત્રછાયમાં 'ઋષભપ્રભુ' સામ્રાજ્યે
તપગચ્છગગનમાં ગગનમણિ, પાઠક 'વીરના' શુભ રાજ્યે(૨)
'મુનિદાનતણા' અંતેવાસી થયા 'પ્રેમવિજય' અણગારા
....આ છે ગુરૂ પ્રેમ અમારા....(૩)

સ્વાધ્યાય સંયમ તપ ત્યાગ અને વળી પૂજ્યતણી શુભભક્તિ
પ્રભુવીર કથિત શુભયોગમહિં; ખર્ચી તન-મનની શક્તિ(૨)
દોષો હણવા ગુણો વરવા, કટિબધ્ધ બને રહેનારા
....આ છે ગુરૂ પ્રેમ અમારા....(૪)

અતિસૂક્ષ્મભર્યા પણ કર્મ શાસ્ત્રના; મર્મોને જે ખોલે
કુશાગ્રબુધ્ધિની પ્રતિભાથી; પ્રાજ્ઞોના મસ્તક ડોલે (૨)
વાત્સલ્યભર્યા સુમધુર વચણે. ભવિ અઘગણને હરનારા
....આ છે ગુરૂ પ્રેમ અમારા....(૫)

સકલાગમજ્ઞાતા 'દાનતણાં' આદેશે રાધનપુરમાં;
આચાર્યપદે આરૂઢ થયા, આનંદ્યા સંઘો ઉરમાં (૨)
અશ્રુ નીતરતી આંખોએ; શિરપર સૂરિપદ ધરનારા
....આ છે ગુરૂ પ્રેમ અમારા....(૬)

ઉપધાન–ઉદ્યાપન પ્રાણપ્રતિષ્ઠા, સંઘાદિ બહુ કાર્યો
જસ પુણ્યમયી શુભ નિશ્રામાં; થયા ગણનાતીત શુભકાર્યો (૨)
ત્રણસો સુવિહિત મુનિગણ પર જે, મુગટપણે રહેનારા
....આ છે ગુરૂ પ્રેમ આમારા....(૭)

'શ્રીરામચન્દ્રઆદિ' યોધ્ધાઓ; શાસન ચરણે અર્પી
મૂકી સહુને વરી વાટ સ્વર્ગની, વીર ચરણે દીલ અર્પી (૨)
મંગલમય આ જીવન મરણે, જગને ઉજ્જવળ કરનારા
...આ છે ગુરૂ પ્રેમ અમારા... (૮)

સૂરી પ્રેમતણું જીવન અમને, બનજો જગમાં 'દિવ્યદીપ'
અંધારભરી આ ભવઅટવીમાં; એહ છે ભવ્યપ્રદીપ (૨)
વદ. અગિયારસ વૈશાખની વસમી; વંદન વાર હજારા
....આ છે ગુરૂ પ્રેમ અમારા....(૯)

# શુદ્ધિ પત્રક

| પા. | લીટી | શુધ્ધ | પા. | લીટી | શુદ્ધ |
|---|---|---|---|---|---|
| ૨ | ૧૬ | વાણીમાં | ૧૦ | ૧૦ | દુર્દંતિ |
| ૫ | ૨૫ | હૈયે | ૧૪ | ૨ | દેવી સદૃશ |
| ૭ | ૨૫ | સંવિજ્ઞ | ૧૬ | ૫ | સ્થાયિ |
| ૧૭ | ૧૮ | દિવ્ય રૂપધારી | ૫૮ | ૫ | સાચે |
| ૧૯ | ૫ | પૂછે | ૪૪ | ૧૩ | વદન |
| ૨૦ | ૨૨ | પ્રસન્ન | ૫૯ | ૨૨ | નિર્મળ |
| ૨૧ | ૨૨ | અનુભવાતું | ૫૯ | ૨૩ | દંતા |
| ૨૩ | ૩ | મુર્ખાએ | ૬૦ | ૩ | પરમાતમં |
| ૨૩ | ૯ | રાજા | ૬૬ | ૨૬ | જોઇએ. |
| ૨૩ | ૨૧ | પીડાતો | ૭૧ | ૧૫ | વામનને જ |
| ૨૫ | ૧૮ | સાચુ | ૭૧ | ૨૨ | જિનશાસન |
| ૨૬ | ૯ | પામે | ૭૨ | ૧ | ઘેલછા ન |
| ૨૬ | ૧૯ | દૌર્ય | ૭૪ | ૧૭ | વત્સ |
| ૨૭ | ૨૦ | પણ્યાંગનાના | ૭૭ | ૧૫ | સખીને |
| ૨૮ | ૬ | વિદાયની | ૭૮ | ૨૪ | પ્રભાવ |
| ૪૦ | ૧૦ | વિષાદ | ૮૭ | ૫ | વીરવલય |
| ૪૧ | ૨ | આવિર્ભાવ | ૮૮ | ૧૦ | રૌદ્રધ્યાન |
| ૫૦ | ૨ | ધ્યાના | ૯૩ | ૧૪ | છે |
| ૫૬ | ૧૦ | ઉત્તમદ્યુતના | ૯૩ | ૨૧ | ક્ષમાતો |
| ૫૭ | ૧૯ | પેસતાજી | ૧૦૦ | ૧૯ | સાધુ |
| પા. | લીટી | શુદ્ધ | પા. | લીટી | શુધ્ધ |
| ૧૦૯ | ૧ | તાપ | ૧૧૦ | ૨ | ઉમંગે |
| ૧૧૧ | ૧૪ | અષ્ટ | ૧૧૨ | ૩ | દશ |

# — ગ્રંથમાળાનો ઉદ્દેશ —

ત્રિભુવનપતિ પરમાત્મા વીતરાગ ભગવંત ભાષિત-શુદ્ધ સનાતન અનાદિકાલીન સદ્ધર્મનો વિલોપ કરવાનું મહા-કૌભાંડ વેગ પકડી રહ્યું છે.

ભદ્રિક જનતાનો મોટો વર્ગ ખોટા પોમ્પ અને ગીલ્ટમાં અટવાઇ ગયો છે. મૂળમાર્ગથી વિખુટો પડતો જાય છે. તેની અસર મહાપવિત્ર શ્રી **જૈન** સંઘોના સાર્વત્રિક સમાજ પર ઘેરી બનતી જાય છે. સર્વજ્ઞ ભગવંત ભાષિત માર્ગનો-મહાકલ્યાણકારી સમાધિદાયક વિશ્વશાંતિકારક સાચો ખ્યાલ પ્રાયઃ મળતો નથી.

તે આત્મકલ્યાણ સાધક-શાંતિદાયક-માર્ગની શુદ્ધ સરણી, શ્રી સંઘોને-આમજનતાને-વિશેષે કરી જિજ્ઞાસુ યુવાનવર્ગને સમજાય, **તેઓ તેના સાયન્ટિફીક રહસ્યને પામે,** આર્યસંસ્કૃતિની પ્રેરક-સહાયક-પ્રણાલિકાઓની ઉત્તમતા અને શાંતિદાયકતા સમજે, એ છે ઉદ્દેશ-ધ્યેય-અને આદર્શ આ ગ્રંથમાળાનો.

કાળ વિષમ, વાતાવરણ વિષમ, મોટા ભાગના વિદ્વાનો અને પંડિતો વિષમ, અરે ઉપદેશકોમાં પણ કેટલેક સ્થાને વિષમતા વધતી જાય છે. તેવે ટાણે સત્યનો સંદેશ-મૂળ-માર્ગનું પ્રસરણ, યત્કિંચિત્ પણ અંશે પણ વહેતાં રહે, ઉગતા યુવાનો અને ઓછી સમજવાળા, માર્ગસ્થ બની રહે, સાચી પ્રગતિના પંથે પ્રયાણ કરી શકે, તો લેખક-પ્રકાશક સહાયક સર્વને આનંદ.

—પ્રકાશકો—

મુદ્રક : કીરચંદ જે. શેઠ, પ્રિન્ટલેન્ડ મુદ્રણાલય, વઢવાણ શહેર.